બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા
ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ
અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર

**બરકાતે ખ્વાજા** (માસિક)

**નવેમ્બર-૨૦૨૦**

રબીઉલ અવ્વલ-રબીઉલ આખર
હિજરી સન : ૧૪૪૨

વર્ષ : ૧૭, અંક : ૧૧, સળંગ અંક : ૨૦૨

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧
Mo. 9427464411 (PhonePe/Paytm)
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૩૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |

: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | ઈલ્મે દીનથી દૂર ભાગવાના નુકસાનો અને તેનો ઈલાજ | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 11 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 15 |
| 04 | હદાઈકે બખ્શિશ | 18 |
| 05 | لَیْسَ مِنَّا 'તે અમારો નથી' | 22 |
| 06 | મુસલમાનોની બુઝદિલીના સબબો | 24 |
| 07 | ગૌષ આ'ઝમ رضی اللہ عنہની વિવિધ ગૃપોને નસીહત | 27 |
| 08 | કોરોના વાઈરસથી મૃત્યુ પામેલાની નમાઝે જનાઝા તથા ગુસલનો હુકમ | 31 |
| 09 | કોરોના વાયરસની વબા અને મુસ્લિમ કૌમ | 39 |
| 10 | 'આયા સોફિયા' મસ્જિદમાં ૮૬ વર્ષ બાદ ફરી નમાઝ શરૂ | 44 |
| 11 | ઈસ્લામમાં જીવજંતુઓથી બચવાનાં સૂચનો | 45 |
| 12 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


## દિલ મેં હો યાદ તેરી ગોશએ તન્હાઈ હો

દિલ મેં હો યાદ તેરી ગોશએ તન્હાઈ હો
ફિર તો ખલ્વત મેં અજબ અંજુમન આરાઈ હો
કભી ઐસા ન હુવા ઉન કે કરમ કે સદકે
હાથ કે ફૈલનેસે પેહલે ન ભીક આઈ હો
આજ જો ઐબ કિસી પર નહીં ખુલને દેતે
કબ વો ચાહેંગે મેરી હશ્ર મેં રૂસ્વાઈ હો
ઉસ કી કિસ્મત પે ફિદા તખ્તે શહી કી રાહત
ખાકે તયબહ પે જિસે ચૈન કી નીંદ આઈ હો
આસ્તાને પે તેરે સર હો અજલ આઈ હો
ઔર અય જાને જહાં તૂ ભી તમાશાઈ હો
યહી મંઝૂર થા કુદરત કો કે સાયા ન બને
ઐસે યકતા કે લિયે ઐસી હી યકતાઈ હો
બંદ જબ ખ્વાબે અજલ સે હો 'હસન' કી આંખેં
ઉસ કી નઝરોં મેં તેરા જલ્વએ ઝૈબાઈ હો

અઝ : ઉસ્તાદે ઝમન હસન રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ

## ઈલ્મે દીનથી દૂર ભાગવાના નુકસાનો અને તેનો ઈલાજ

**તંત્રી લેખ**

ઈલ્મ અલ્લાહની એક એવી નેઅમત છે કે જે રબની અન્ય અનેક નેઅમતોને પામવાનો ઝરીયો છે. આ દુનિયા અંધારી રાત સમાન છે અને દીનનો ઈલ્મ તેમાંથી સલામતી સાથે પાર થવા માટેની રોશની છે. જેવી રીતે અંધારી રાત્રે સફર કરતો મુસાફિર કે અંધારી રાતમાં ગાડી ચલાવનારની જો ગાડીની લાઈટો બગડી જાય તો રસ્તામાં જ અટવાય જાય છે અથવા એ જ સ્થિતિમાં ગાડી ચલાવે કે ચાલતો રહે તો ક્યાંક ખાડા કે ખાઈમાં ગબડી પડે છે અને જાન માલનું નુકસાન ભોગવે છે. એવી જ રીતે ઈલ્મે દીનથી સુગ રાખીને રહેનારાઓ પણ દુનિયામાં જેહાલતની અંધારી ખાઈઓમાં ગોઠુ ખાય જાય છે. લાઈટ વિના વટે માર્ગુ કે ગાડી ચલાવનાર જો ગબડે તો જાન માલનું નુકસાન ભોગવશે, જો જાન બચી હશે તો હોસ્પિટલમાં જઈ શારીરિક ઈલાજ કરાવશે, કેમ કે તેને એ નુકસાનનો એહસાસ થતો હોય છે, પણ ઈલ્મે દીન વિના જેહાલતના અંધકારમાં ગોઠુ ખાનાર દીન ઈમાનનું નુકસાન ભોગવે છે કે (કુફ્ર કરીને) સદંતર ઈમાનથી જ હાથ ધોઈ બેસે છે, પણ અફસોસ કે એનો એને એહસાસ નથી થતો ! જેથી તે સરવાળે જહન્નમી બની જાય છે. અલ્લાહની પનાહ ! જેથી હે દીની ભાઈઓ ! બહેનો ! જ્યારે તમે પોતાને મુસલમાન કહો છો તો સાવધાન થઈ જાવ ! અને પોતે તથા પોતાની ઔલાદ, સગાં, મિત્રોને ઈલ્મે દીનથી સજ્જ થવા સમજાવો અને સતત દીની કિતાબો, કુર્આનની તિલાવત તથા તફસીર, હદીષની, ફિક્હ (દીની મસાઈલ)ની કિતાબોથી લગાવ રાખો. સુન્ની માસિકો તથા ઉલમાએ એહલે સુન્નતની વિવિધ કિતાબોને અચૂક વાંચતા રહો.

### ★ બધા માટે સમય છે ઈલ્મે દીન માટે "ટાઈમ નથી !" ★

આજે એક સામાન્ય જવાબ લોકો તરફથી મળે છે કે, **"અમારે ત્યાં હવેથી મંથલી કે કિતાબો મોકલશો નહીં ! કારણ કે અમારે ત્યાં કોઈ વાંચનાર નથી ! મારા પિતા ઈન્તેક઼ાલ કરી ગયા અને હવે અમને બિઝનેશથી કે કામ ધંધાથી ફુરસદ નથી ! અને કિતાબોની બેઅદબી થાય છે !"** વાહ ! શું જવાબ છે ?! હું કહું છું કે જો તમારામાં અલ્લાહ વ રસૂલના અતા કરેલા ઈલ્મે દીનની કિતાબોની અદબ હોત તો આટલી બેદર્દીથી તેને ઘરમાંથી તમો જાકારો ન આપત ! બલ્કે તેને મોકો મળ્યે વાંચતા રહેત અને એક કબાટ એનો ઊંચાઈ પર અલગ રાખત જેમાં તેનો સંગ્રહ કરત. ટી.વી. માટે માલ પણ છે અને સમય પણ છે કે તેના માટે હજારો ખર્ચીને પછી હજારોનું અતિઆકર્ષક શો કેસ બનાવીને તેને અદબથી રાખો છો ! એની સાચવણી તથા અદબ તો એટલી કે હવે તો દીવાલ પર જ્યાં પહેલાં આયતુલ કુર્સી કે સૂરએ ફાતિહા કે યાસીન શરીફ વગેરેના તખ્તા બરકત માટે લગાડતા હતા, મક્કા–મદીના શરીફૈનના ફોટા, અજમેર શરીફ કે બગદાદ શરીફના મઝારોના ફોટા વગેરે તા'ઝીમથી રાખતા હતા તેની જગ્યાએ હવે આ બરકત ઉઠાડી દેનાર યંત્ર ટી.વી., ગુનાહોનો સોટો (શ્રોત) જ્યાંથી વહેવા લાગે છે, ગૈર સ્ત્રી મર્દોના

નગ્ન નાચો જ્યાં દેખાય છે, બેહયા તથા બિભત્સ જાહેરાતો જેમાં સતત આવે છે, એવી દીન ઈસ્લામ વિરૂધ્ધની વાનગી જ્યાં પીરસાય છે તેને એ જ દીવાલે લગાડવામાં આવે છે અને સૂતા સૂતા ગુનાહોની લહાણી કરવામાં આવે છે. ઈલ્લા માશાઅલ્લાહ ! કોઈ દીની પ્રોગ્રામો જોનારા અમુક જ હશે અને **અમે નોંધેલ છે કે દીની પ્રોગ્રામોના નામે ટી.વી. વસાવ્યું અને હવે મોટાભાગનો સમય ફિલ્મી ગીતો, સીરીયલો અને ક્રિકેટ વગેરે ખેલો જોવામાં લોકો મગ્ન થઈ ગયા !** યાદ રાખશો, રબ ફર્માવે છે : اِنَّ الشَّیۡطٰنَ لِلۡاِنۡسَانِ عَدُوٌّ مُّبِیۡنٌ "બેશક ! શૈતાન માણસનો ઉઘાડો દુશ્મન છે." *(સૂ. યૂસુફ, ૧૨/૫)* એ ઘરના મેમ્બરો પર વસવસા નાખતો રહે છે અને ક્યારે ટી.વી. ઘરમાં બદીઓ ઠાલવવા લાગે છે તે ખબર પણ નથી પડતી અને આવાં ગુનાહનાં કામો પછી રોજનીશી બની જાય છે જેના અંજામે દીની વાતોથી લોકોને સુગ પેદા થઈ જાય છે અને એના પરિણામે તમારી જહન્નમ તરફ આગેકૂચ થતી રહે છે.

## ★ મોબાઈલે તો દીની સંસ્કારનો જાણે દાટ જ વાળી દીધો ! ★

દીની કિતાબો, મેગેઝિનો તથા દીની સાહિત્ય ન વાંચવા બાબતે સરસ રૂપાળુ બહાનું કાઢી "સમય નથી !" કહેનારાઓ અને **વરસના બસો કે અઢીસો રૂપિયા !** ખર્ચવાને ફોગટનું નુકસાન સમજનારાઓ, ૨૫–૨૫ કે ૫૦–૫૦ હજારના મોબાઈલ ખરીદતાં ખચકાતા નથી ! અને **આ સુંવાળા રૂડા રૂપાળા યંત્રએ (જેનું નામ જ સ્માર્ટ ફોન !) તેના જિગરના ટુકડાનું સ્થાન મેળવી લીધું છે.** આજે મોટાભાગે કોઈ મેહફિલ કે કોઈ ટોળુ કે ઘરમાં બેઠેલા મેહમાનો કે ઘરનાં લગભગ સર્વ સભ્યોના દિલો મોબાઈલમાં અટકેલાં રહે છે, બાળકો, તરૂણો, યુવાનો બલ્કે આધેડો અને કેટલાક વૃધ્ધો પણ ઘણો ખરો સમય રાતે દિવસે મોબાઈલને ભેટ ધરતા હોય છે. **જેઓને દીની સાહિત્ય વાંચવાનો સમય નથી તેઓ પણ મોબાઈલ પાછળ તો સમય ફાળવે જ છે ! તો હવે ઈમાનદારીથી વિચારીને કહે કે શું ખરેખર તેઓ દીન કે જે આપણી આખેરતના સફરની સલામતી માટેનો સાથી છે તેના ઈલ્મ વિશે જાણવા સમય નથી ?!** તો દરેક પોતાની વાતમાં લગભગ જૂઠના પલ્લે બેઠેલો જોવા મળશે.

અલ્લાહની પનાહ ! ઈસ્લામના દુશ્મનોએ જગતના લોકોને ખાસ કરીને મુસલમાનોને દીનના બાગી બનાવવા માટે એવી ગંદી વેબસાઈટો ઈન્ટરનેટ પર કરોડોની સંખ્યામાં રાખી છે કે એ ગંદી વેબસાઈટોના જંગલોમાં જનારો ત્યાં એવો ફસાઈ જાય છે કે તેની દુનિયા તો તબાહ થાય છે જ સાથોસાથ દીન પણ તબાહ થઈ જાય છે, પણ ત્યાંથી પરત થવું મુશ્કેલ થઈ જાય છે.

અને બાળકો તરૂણો મોબાઈલમાં પબજી જેવી ગેમો પાછળ ગાંડા બની જાય છે અને દીની ઈલ્મના રસીયા રહે છે ન દુનિયવી ઈલ્મના, અને ગેમોમાં રચ્યા પચ્યા રહી પોતાનું ભવિષ્ય બર્બાદ કરી નાખે છે. **આપણા મુસલમાન ભાઈઓ દરરોજ હજારો કલાકો પોતાની જિંદગીના, એ જિંદગી જે આપણને આખેરતની ખેતી કરવા, આખેરતની તૈયારી માટે મળી છે તેને વાહિયાત તથા નિરર્થક તથા બિભત્સ ડ્રામાઓના દશ્યો પાછળ બર્બાદ કરી રહ્યા છે અને દીની વાતો શીખવા જાણવા તેમની પાસે ન સમય છે ન શોખ છે !** મોબાઈલનો દીની કામો માટે જવલ્લે જ ઉપયોગ થાય છે.

સાંભળી લો ! આપણી બર્બાદી આ ગવર્નમેન્ટ કે તે ગવર્નમેન્ટને લીધે નથી, પણ આપણી બર્બાદીના ૧૦૦% જિમ્મેદાર ખુદ આપણે જ છીએ. આજે આપણે હલકા પડી ગયા, ઈજ્જત તથા પ્રભાવ ગુમાવી ચૂક્યા અને કોડીના થઈ ગયા જે પણ સ્થિતિ છે, તે આપણા દીની ઈલ્મથી તથા દીનથી દૂર થવાનું પરિણામ છે. **મુસલમાન કેવો હોવો જોઈએ, તેણે કેવી રીતે જીવવું જોઈએ, એને જાણવાની આપણને દરકાર છે ન સાચા મુસલમાન બનવાનો શોખ છે.** હદીષમાં છે કે (ભાવાર્થ) "જ્યારે તમારા અમલો બગડશે તો તમારા પર જાલિમ હાકિમ બેસાડવામાં આવશે." તો આજે લગભગ દુનિયાભરમાં આપણી સાથે આ જ થઈ રહ્યું છે. ન આપણી કૌમના ઈમાનનાં ઠેકાણા છે ન અમલનાં, પછી રબથી શાના આધાર પર આપણે ભલાઈ ચાહી શકીએ છીએ ?!

## ★ એક ઈબ્રતનાક (બોધપાત્ર) પ્રસંગ અને તેનું કારણ ★

એક એજ્યુકેટેડ અને કોઈ કંપનીની નોકરીમાં સારા હોદ્દા પર સારા પગારદાર એવા ભાઈ મારી પાસે આવ્યા. ચહેરા પરથી વ્યથિત જણાતા હતા. વાતચીતની શરૂઆત કરતાં કહ્યું કે, કયા સંજોગો સુધી પતિ પત્નીને રાખી શકે, એના વિશે કોઈ કિતાબ જોઈએ છે. હું સમજી ગયો તો મેં તેમને પતિ પત્નીના હક્કો સંબંધે તથા નિકાહ તથા તલાક઼ વિશે, અને સ્ત્રી અધિકાર, દાંમ્પત્ય જીવનમાં પતિ પત્ની કેવી રીતે જીવે, ઔલાદ તથા માબાપના હક્ક઼ો વગેરે ઈસ્લામી આદેશો દર્શાવતી કિતાબો આપી અને વાત વાતમાં તેમની વ્યથા જાણી લીધી. તેમના જણાવ્યા મુજબ તેમની પત્ની સાથે તથા ઘરમાં છોકરા છોકરી સાથે સામાન્ય વાતની રકઝકમાં વાત એટલી વણસી કે પત્નીથી અલગ થવાનાં એંધાણ જણાતાં હતાં, પુત્રી તથા પુત્ર પણ પિતા સાથે અપમાનપૂર્વક ઝઘડયાં અને પુત્રને ઘરેથી કાઢી મૂક્યો જે બેગ લઈને ઘર પણ છોડી દઈ નોકરીની તલાશમાં નીકળી ગયો. ઝઘડો ઘણો લંબાય ગયો અને આસપાસ પણ લોકોમાં ખબર પડી ગઈ. એ ભાઈએ પોતે જણાવ્યું કે મેં મારા જીવનની આવક મારાં છોકરી છોકરાને ઉચ્ચ શિક્ષણ અપાવવામાં ખર્ચી કાઢી અને આજે એ જ મારી સામે થયાં એટલે મેં ગુસ્સામાં ઝઘડો લાંબો કરી નાખ્યો. હવે શું કરવું જોઈએ ? વાત ફક્ત એટલી હતી કે પત્નીએ કહ્યું કે આ ચીજ ઘરમાં ન જોઈએ, એને નહીં હટાવો તો હું ફેંકી દઈશ ! અને વાત વણસી. બંને પક્ષે "હું પદ તથા અહંકાર" (Ego)ના કારણે સમાધાન ન થયું. મને પૂછયું કે હવે શું કરવું ?

મેં કહ્યું, "શું તમારુ દિલ ચાહે છે કે આ ઉંમરે તમારી જુદાઈ થાય અને ઘરનો ગુલશન ઉજડી જાય ?" કહ્યું, નહીં ! તો મેં કહ્યું, ઉપાય ઘણો જ સરળ અને ટૂંકો છે. તમો તમારો ઈગો ત્યજી દો અને ઘરે જઈને સૌને ભેગાં કરી સામ સામે બેસીને કહી દો કે **"મેં જે કાંઈ ગુસ્સો કર્યો એ મારી ભૂલ હતી, શૈતાને મને બહેકાવ્યો હતો. હું તમારા સૌની માફી માગુ છું અને સૌને માફ પણ કરું છું, તમો પણ મને માફ કરી દો."** અને તમો "હું પદ"ને ત્યજી નમ્રતા તથા પ્યારથી વાત કરી લો તો તેઓ આખરે તો તમારાં જ છે ! તમારી જીવનસંગીની છે, તમારી ઔલાદ છે, તરત જ મામલો પતી જશે. ઈન્શાઅલ્લાહ ! દુનિયામાં પોતે સબ્ર રાખી ઝુકી જવામાં સર્વ પ્રશ્નોનો હલ છે. અને પછી એ જ ઘરવાળાં તમારુ સન્માન કરતાં થઈ

જશે. ઈન્શા અલ્લાહ ! તો તેમને વાત ગળે ઉતરી અને એના પર અમલ કરવાનો વાયદો કરીને કિતાબો લઈને રવાના થઈ ગયા. (આવા તો અનેક બનાવ બનતા રહે છે, પછી તલાક઼ના બનાવો બને છે અને અનેકની જિંદગીઓ, બે ખાનદાનોની, ઔલાદોની બર્બાદી થઈ રહી છે.)

## ★ ઘરેલુ ઝઘડાઓ તથા છોકરાં ભાગી જવાનો સબબ શું છે ?! ★

ખૈર, પણ આવા દિવસો કેમ આવ્યા ? એ વિચારીએ તો સમજાય છે કે ભાઈએ દુનિયવી સુખ સગવડો માટે, બાળકોની દુનિયવી ઉચ્ચ તાલીમ માટે બધુ જ કર્યું પણ બાળકોને દીની તાલીમ ન અપાવડાવી ન દીની માસિકો–કિતાબો મંગાવ્યાં ન વાંચ્યાં ન વંચાવ્યાં કે જેથી તેઓ યાદ રાખે કે **ક઼ુર્આનમાં મા બાપ સામે "ઉફ" કહેવાથી પણ મનાઈ કરેલી છે, બાપ જન્નતની ચોખટ છે, માના પગો નીચે જન્નત છે,** વગેરે દીની તાલીમ હોત તો બાળકો મા બાપનું અપમાન ન કરત અને પત્ની પણ પતિની સાથે માનપૂર્વક વતર્ન કરત અને આવો ઝઘડો ન કરત. સબ્રથી સંયમથી કામ લેત, મહોબ્બતથી સમજાવટથી કોઈ મામલો ખડો થાય તો સુલઝાવી લેતાં શીખી હોત. દરેકને ફેમેલીમાં કોના શું શું હક્કો છે તેનું જ્ઞાન હોત. નરમી, સબ્ર, સંયમ, સારા અખ્લાક઼ની તા'લીમ મેળવત, ઘરમાં એક નૂરાની ખુશનુમા માહોલ હોત.

તેમજ આપણા જે છોકરા કે છોકરીઓ **ગૈર ક઼ૌમ સાથે કે વહાબી દેવબંદી, શીઆ વગેરે સાથે લવ મેરેજ** કરવા તૈયાર થાય છે, તેનો સબબ પણ એ જ છે કે **આપણે ઈમાનિયાતની તાલીમ જેવી કે ખુદ લેવી જોઈએ અને ઔલાદને આપવી જોઈએ તે નથી લીધી નથી આપી,** તે એ કે :

*ઉન્હેં જાના, ઉન્હેં માના, ન રખ્ખા ગૈર એ કામ–લિલ્લાહિલ હ઼મ્દ ! મૈં દુન્યાસે મુસલમાન ગયા...*

એ નથી આપી. અને **મહબ્બતે રસૂલ ﷺ પર સર્વ મહોબ્બતો ક઼ુર્બાન કરવાની ભાવના તેમના દિલમાં નથી જગાડી** જેથી જેહાલતમાં કાફિરો, બદઅક઼ીદાઓ સાથે ઔલાદ ભાગી રહી છે ને તેમની સાથે શાદી કરીને બંનેવ દુનિયા બર્બાદ કરી રહી છે. આપણા માહોલમાં આવા તમાશા એટલા માટે થાય છે કે બધા માટે આપણે પૈસા ખર્ચવા, સમય કાઢવા તૈયાર છીએ પણ દીન ઈમાનની તાલીમથી સજ્જ થવા તથા કરવા, દીન શીખવા સુન્ની માસિક માટે **વરસે ૨૦૦–૨૫૦ ખર્ચવા** કે **એકાદ હજાર રૂપિયા કિતાબો માટે ખર્ચવા કે તેના માટે સમય કાઢવા આપણે તૈયાર નથી ! મોબાઈલ રિચાર્જના મહિને ૨૦૦–૫૦૦ સરળતાથી કાઢી નાખીએ,** હજારોના મોબાઈલ લઈએ, તેની પાછળ રચ્યા પચ્યા રહીએ. તો અલ્લાહ વ રસૂલે જે જીવન બંધારણ માનવના માટે જીવવા ઘડયું છે એની હવા પણ આપણને ક્યાંથી લાગે ?! પછી તો સમાજમાં રોજ આવા તમાશા ન થાય તો શું થાય ?! ડોક્ટરને ત્યાં જઈએ તો જતાં વારમાં જ કલાક બે કલાકમાં પાંચ સાત હજાર ખર્ચતી વખતે જરાય આનાકાની ન કરીએ, **હજારોની ડિપોઝિટ કાઉન્ટર પર જમા કરાવી દઈએ, બીજા ખર્ચા તો અલગ ! વળી કેટલાક બીમારીવાળા તો કાયમ મહિને બે પાંચ હજાર દવા ખાવા પાછળ ખર્ચી કાઢે છે, પણ દીની ઈલ્મ કે જેની રોશની બંનેવ દુનિયાને ઉજ્જવળ કરી શકે છે તેના માટે ન પૈસા છૂટે છે ન સમય કઢાય છે !**

આવો ! તમો અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَને ચાહનારા છો તો તેમના તરફથી જે ઈલ્મ આપણા ઉપર ઉતારવામાં આવેલો છે તેની શું ફઝીલત છે અને આપણા બુઝુર્ગો ઈલ્મે દીન પ્રાપ્ત કરવા શું કરતા હતા અને તેમને તેનાથી કેવો લગાવ હતો તેને સમજો અને તમારી જિંદગીઓમાં બદલાવ લાવો.

## ★ ઈલ્મે દીનની ફઝીલત, મહત્વ અને આપણા પૂર્વજ બુઝુર્ગો ★

હઝરત અનસ رضی اللہ عنہએ ફર્માવ્યું, રસૂલે કરીમ ﷺએ ફર્માવ્યું કે, **ઈલ્મ પ્રાપ્ત કરવું દરેક મુસલમાન પુરૂષ તથા (સ્ત્રી) પર ફર્ઝ છે...** *(ઈબ્ને માજહ, મિશ્કાત શરીફ)* હઝરત શયખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી બુખારી رحمۃ اللہ علیہ આ હદીષ હેઠળ ફર્માવે છે : ....... દા.ત. જ્યારે ઈસ્લામમાં દાખલ થાય તો તેના માટે ખુદા તઆલાની જાત અને સિફતોને ઓળખવી, રસૂલુલ્લાહ ﷺની નબુવ્વતને જાણવી વાજિબ થઈ ગઈ. અને દરેક તે ચીજનો ઈલ્મ જરૂરી થઈ ગયો કે જેના વિના ઈમાન સહીહ નથી. અને જ્યારે નમાઝનો સમય આવી ગયો તો તેના માટે નમાઝના હુકમોનું જાણવું જરૂરી થઈ ગયું. અને જ્યારે રમઝાનનો મહિનો આવી ગયો તો રોઝાના હુકમો શીખવા જરૂરી થઈ ગયા. અને જ્યારે સાહિબે નિસાબ થઈ ગયો તો ઝકાતના મસ્અલા જાણવું વાજિબ થઈ ગયું. અને જો સાહિબે નિસાબ થતા પહેલાં મરી ગયો અને ઝકાતના મસ્અલા ન શીખ્યો તો ગુનેહગાર ન થયો. જ્યારે સ્ત્રીને નિકાહમાં લાવ્યો તો હૈઝ તથા નિફાસ વગેરેના (માસિક તથા સુવાવડના) જેટલા મસાઈલ પતિ પત્ની સંબંધે છે તેને જાણવું વાજિબ થઈ જાય છે. (એ જ પ્રમાણે વેપારીએ, ખેડૂતે તથા અન્ય કામો કરનારે તેના મસ્અલા જાણવા જરૂરી છે.) *(અશિઅતુલ લમ્આત, ૧/૧૬૧)*

બેદીનોથી ઈલ્મે દીન શીખવું **હરામ** છે. જેમ કે હદીષોના હાફિઝ હઝરત મુહમ્મદ ઈબ્ને સીરીં رحمۃ اللہ علیہથી રિવાયત છે ફર્માવ્યું, આ ઈલ્મ (એટલે કુર્આન હદીષને જાણવું) એ દીન છે. જેથી તમે જોઈ લો કે તમો પોતાનો દીન કોની પાસેથી હાંસલ કરી રહ્યા છો. *(મુસ્લિમ શરીફ, મિશ્કાત શરીફ)* જેથી વહાબી, અહલે ખબીષ, દેવબંદી, શીઆ, ખારજી વગેરે બદઅકીદાઓની પાસે બાળકોને ન પઢાવો, નહીં તો તેમના જેવું બેદીન થઈ જશે, અને એ થઈ રહ્યું છે.

હઝરત મુઆવિયહ رضی اللہ عنہએ કહ્યું કે રસૂલે કરીમ ﷺએ ફર્માવ્યું, **ખુદા તઆલા જે શખ્સની સાથે ભલાઈ ચાહે છે તો તેને દીનની સમજ અતા કરે છે.** અને ખુદા આપે છે અને હું વહેંચનાર છું.'' *(બુખારી શરીફ, મુસ્લિમ શરીફ, મિશ્કાત શરીફ)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે. તેમણે ફર્માવ્યું કે, **રાતમાં એક ઘડી માટે ઈલ્મે દીનનું પઢવું પઢાવવું રાતભરની ઈબાદત કરતાં બેહતર છે.** *(દારમી, મિશ્કાત)* બીજી હદીષમાં છે : એક ફકીહ (દીન ઈલ્મનો જાણનાર) એટલે **આલિમે દીન શૈતાન પર હજારો આબિદો કરતાં ભારી છે.** *(તિર્મિઝી, મિશ્કાત)* એક હદીષમાં છે જે શખ્સ મારી ઉમ્મત સુધી પહોંચાડવા માટે દીની બાબતોની **૭૦ હદીષો યાદ કરી લેશે** તો ખુદા તઆલા તેને કયામતના દિવસે આલિમે દીનની હેસિયતથી ઉઠાડશે, અને **હું તેની શફાઅત કરીશ** અને તેના હક્કમાં ગવાહ રહીશ. *(મિશ્કાત)*

આપણે આવી હદીષો કદીક સાંભળીએ તથા વાંચીએ છીએ પણ તેનું મહત્વ નથી સમજતા, જ્યારે સહાબા તથા બુઝુર્ગો યકીનની સાથે હદીષો દિલમાં ઉતારીને તેના પર અમલ કરતા હતા. એક એક હદીષને જાણવા જંગલો, નદીઓ પાર કરીને માઈલોની સફરની મુસીબતો વેઠીને તેના જાણનાર પાસે જતા હતા, ત્યારે આ ઈલ્મે દીનની તૈયાર કિતાબો આપણા સમક્ષ આવી. પણ આપણને આટલી સરળતાપૂર્વક હદીષની તફસીરની તેમજ મસાઈલ વગેરેની કિતાબો ઘર બેઠાં તે પણ ગુજરાતીમાં મળી રહી છે પણ આપણી પાસે તેને ખરીદવા ન પૈસા છે કે તેને વાંચવા ન ટાઈમ છે ન શોખ છે !

આશિકે રસૂલના ઈલ્મે દીનના શોખનો જઝબો કેવો હોય તે જુઓ. હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہ એક હદીષ સાંભળવા માટે મદીના પાકથી મિસર પહાડીઓ, ઘાટીઓ, નદીઓને પાર કરતા વૃધ્ધાવસ્થાના આલમમાં મિસર પહોંચે છે. વાતને ટૂંકાવતાં લખું કે તે ઉકબા ઈબ્ને આમિર પાસે પહોંચીને જણાવે છે કે, એક હદીષ મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمથી સાંભળી છે અને તેને સાંભળનાર (મારી જાણમાં) મારા અને તમારા સિવાય હવે દુનિયામાં કોઈ મૌજૂદ નથી અને એ હદીષ મો'મિનની પર્દાપોશીના બારામાં છે. હઝરત ઉકબાએ જવાબ આપ્યો કે, હા ! હુઝૂરથી મેં આ હદીષ સાંભળી છે કે, "જે કોઈ બેઈજ્જતીની વાત પર મુસલમાનની પર્દાપોશી કરે (અયબ છુપાવે) તો કાલે કયામતના દિવસે અલ્લાહ તઆલા તેની પર્દાપોશી કરશે." હઝરત ઐયૂબે કહ્યું કે તમે સાચુ કહ્યું ! આ જ મેં સાંભળ્યું છે. ત્યારબાદ તરત જ સવારી પર સવાર થઈને પરત થવા લાગે છે.

આ તો એક દષ્ટાંત છે, તમો બુઝુર્ગોની જિંદગીઓ જુઓ જેમણે ઈલ્મે દીનના માટે મા બાપથી રજા મેળવી, ઘરબાર છોડયાં અને દુનિયામાં જ્યાં દીનનો ઈલ્મ મળતો ત્યાં રઝળપાટ કરી મેળવ્યો, ત્યારે આ ઈલ્મે દીનનો ખજાનો આપણા સુધી પહોંચ્યો. સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہ, ગૌષે પાક સરકારે બગદાદ رحمۃ اللہ علیہ તેમજ તેમના ખલીફાઓ, નજીકના ભૂતકાળમાં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ તથા આપના ખલીફાઓ તેમજ હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ તથા મુહદ્દિષે આ'ઝમ رحمۃ اللہ علیہ તથા અબ્દુલ અલીમ મેરઠી رحمۃ اللہ علیہ, મુહદ્દિષે સૂરતી رحمۃ اللہ علیہ, રઈસુલ કલમ અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہ, મુફતી જલાલુદીન અમજદી رحمۃ اللہ علیہ વગેરેનાં જીવન ચરિત્રો વાંચો તો દિલ બાગ બાગ થઈ જશે. ભૂખે તરસે રહીને આપણા બુઝુર્ગોએ ઈલ્મ શીખ્યો અને આપણા સુધી પહોંચાડયો તો અલ્લાહે તેમના મર્તબા બુલંદ કરી દીધા અને આપણે છીએ કે ઈલ્મે દીનથી જાણે સુગ રાખીએ છીએ કે તેને શીખવાની કલ્પના પણ દિવસ રાતમાં નથી લાવતા ! એનો અર્થ એ છે કે આપણે આપણી બર્બાદીને આપણી જાતે જ નોંતરી રહ્યા છીએ.

## ★ લોકડાઉન તો જગતભરમાં હતું તેમાં તમે શું કર્યું ?! ★

ભાઈઓ ! અલ્લાહની હિકમતોને કોઈ સમજી શકતું નથી. આપણે એવા દૌરમાં જીવીએ છીએ કે જગતભરમાં એવા બનાવો બની રહ્યા છે જે પહેલાં કદી નથી થયા. **"કોરોના વાયરસ"ની બીકથી "વિશ્વ ભરની" ગવર્નમેન્ટોએ લોકોને ઘરોમાં કેદ કરી દીધા !** મહિનાઓ સુધી ઘરથી બહાર નીકળવાના લોકો

મોહતાજ થઈ ગયા. પણ મારે અહીં કહેવું એ છે કે, **"તમો કહો છો કે કિતાબો વાંચવા સમય નથી!" પણ આ બહાને કુદરતે તમને ૨૪ કલાકનો સમય આપ્યો !** એની (લોકડાઉનની) અન્ય જે અસરો થઈ હોય પણ જેઓ નિરાંતે ઘરેથી રહેતા હતા તેમની પાસે કોઈ જ કામ ન હતું. **હવે દિલ પર હાથ રાખીને કહો કે તમે તમારી આખેરતની ભલાઈ ખાતર "ઈલ્મે દીન" જાણવા કોશિશ કરી?!** મોટાભાગે જવાબ "નહીં !"માં મળશે. તો સાબિત થયું કે "ટાઈમ નથી !" એ બહાનુ ખોટુ છે. લોકડાઉનમાં મોબાઈલ પર રચ્યા રહેનારા તેમાં વ્યસ્ત રહ્યા તથા અન્ય ફુઝૂલ કામોમાં મોટાભાગના લોકો રચ્યા પચ્યા રહ્યા, પણ અલ્લાહ વ રસૂલની વાતો જાણવા, સાંભળવાવાળા અમુક જ લોકો હશે. ઈલ્લા માશા અલ્લાહ !

સારાંશ કે જેને દીનથી સાચી મહોબ્બત છે, અલ્લાહ વ રસૂલથી સાચી મહોબ્બત છે તે દરરોજની ૨૪ કલાકની ૧૪૪૦ મિનિટો થાય તેમાંથી સર્વ કામો દરમ્યાન કેવળ ૧૪ મિનિટ કાઢે તો પણ ઘણુ જ્ઞાન મેળવી શકે છે અને જીવન જીવવાની સાચી રાહ મેળવી શકે છે.

અંતમાં એક ગંભીર વાત જણાવું કે ગુજરાત રાજ્યમાં તેમજ રાજ્ય બહાર, વિદેશોમાં પણ અનેક ગુજરાતી સુન્ની બરેલ્વીઓ, અહલે સુન્નત વસે છે. પણ ગુજરાતી સુન્ની માસિકોની સંખ્યા જોતાં લાગે છે કે સુન્નીઓ જ સુન્ની માસિકોનુ ગળુ ઘોંટી રહ્યા છે ! **કરોડો 'ગુજરાતી' સુન્નીઓ વિશ્વમાં વસે છે,** પણ સુન્ની માસિકોથી જાણે તેમને કોઈ જ લગાવ નથી. જો **'કરોડો સુન્નીઓ' વચ્ચે 'લાખો માસિકો' વહેંચાતાં હોત તોય ઠીક !** બલ્કે હજારો માસિકો વહેંચાતાં હોત તોય ઠીક ! પણ **'પૈસા ખર્ચીને શોખથી ગ્રાહક થનારા'** હવે અમુક જ હજાર એટલે એક, બે કે ત્રણ હજાર જ રહી ગયા છે ! મોબાઈલ પર, નેટ પર વાંચી લેનારા મોટાભાગે ઉડતી નજરે જ વાંચતા હોય છે, ઈલ્લા માશા અલ્લાહ ! તો આ દીની ઈલ્મથી, અકીદાના ઈલ્મથી, નેક અમલો તથા મસાઈલથી માહિતગાર કરતુ એક મહત્વનું માધ્યમ દમ તોડી રહેલ છે, એ આપણી કરૂણતા છે. જેથી આ બાબતે ગંભીર બની જાગૃત યુવાનો વડીલોએ સુન્ની માસિકોના ગ્રાહકો વધારવા બીડુ ઝડપવું પડશે. ખાસ કરીને "બરકાતે ખ્વાજા" (માસિક)ના ગ્રાહકો વધારવા અપીલ છે.

તો હે પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! જો બંને જહાનની ભલાઈ, સુકૂન ચાહો છો તો દીન તરફ વળી જાવ ! દીનના ઈલ્મ બાબતે ગંભીર બનો, તેને વાંચો અને ઘરમાં લાયબ્રેરી (નાનો કબાટ) રાખો જેમાં તમારી ઔલાદ માટે એનો સંગ્રહ કરી રાખો તો બંને જહાનમાં ઔલાદની પણ ભલાઈ થશે. ઈસ્લામી જીવન ઢબથી જીવવાનો તરીકો મળશે જેમાં અમ્ન જ અમ્ન અને સુકૂન જ સુકૂન છે. આજે ઘરે મફત કિતાબો પહોંચાડો તો પણ તેને વાંચી હોય કે ન વાંચી હોય કબ્રસ્તાનમાં દફન કરવા માટે મસ્જિદે મોકલી દેવામાં આવે છે ! ઘરમાં બેઅદબી થવાનું બહાનું કરવામાં આવે છે. ભાઈ ! એ ઘરમાં રાખવા, ઔલાદોને વંચાવવા રહેવા દેવાની હોય છે, પણ એની કોઈ જરૂરત સમજતુ નથી. ઈલ્લા માશા અલ્લાહ ! અલ્લાહ સૌને ઈલ્મે દીન શીખવાની તૌફીક બખ્શે. (આમીન) وَمَا تَوْفِيْقِیْٓ اِلَّا بِاللّٰهِ ● ● ●



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ નિસાઅ્ મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૧૭૬ આયતો, ૨૪ રૂકૂઅ છે.

فَمَا لَكُمْ فِي الْمُنٰفِقِيْنَ فِئَتَيْنِ وَ اللّٰهُ اَرْكَسَهُمْ بِمَا
كَسَبُوْا ؕ اَتُرِيْدُوْنَ اَنْ تَهْدُوْا مَنْ اَضَلَّ اللّٰهُ ؕ وَ مَنْ
يُّضْلِلِ اللّٰهُ فَلَنْ تَجِدَ لَهٗ سَبِيْلًا ﴿۸۸﴾ وَدُّوْا لَوْ تَكْفُرُوْنَ كَمَا
كَفَرُوْا فَتَكُوْنُوْنَ سَوَآءً فَلَا تَتَّخِذُوْا مِنْهُمْ اَوْلِيَآءَ
حَتّٰى يُهَاجِرُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ ؕ فَاِنْ تَوَلَّوْا فَخُذُوْهُمْ وَ
اقْتُلُوْهُمْ حَيْثُ وَجَدْتُّمُوْهُمْ ۠ وَلَا تَتَّخِذُوْا مِنْهُمْ وَلِيًّا
وَّ لَا نَصِيْرًا ﴿۸۹﴾ اِلَّا الَّذِيْنَ يَصِلُوْنَ اِلٰى قَوْمٍۭ بَيْنَكُمْ وَ
بَيْنَهُمْ مِّيْثَاقٌ اَوْ جَآءُوْكُمْ حَصِرَتْ صُدُوْرُهُمْ اَنْ
يُّقَاتِلُوْكُمْ اَوْ يُقَاتِلُوْا قَوْمَهُمْ ؕ وَلَوْ شَآءَ اللّٰهُ لَسَلَّطَهُمْ
عَلَيْكُمْ فَلَقٰتَلُوْكُمْ ۚ فَاِنِ اعْتَزَلُوْكُمْ فَلَمْ يُقَاتِلُوْكُمْ وَ
اَلْقَوْا اِلَيْكُمُ السَّلَمَ ۙ فَمَا جَعَلَ اللّٰهُ لَكُمْ عَلَيْهِمْ
سَبِيْلًا ﴿۹۰﴾ سَتَجِدُوْنَ اٰخَرِيْنَ يُرِيْدُوْنَ اَنْ يَّاْمَنُوْكُمْ وَ

## સૂરએ નિસાઅ્ની તફસીર

તો તમને શું થયું કે મુનાફિકો બાબતે બે પક્ષો પડી ગયા[૧૫૯], અને અલ્લાહે તેમને ઊંધા કરી દીધા[૧૬૦], તેમના કરતૂતોના કારણે[૧૬૧] શું એવું ઈચ્છો છો કે તેને માર્ગ બતાવો જેને અલ્લાહે ભટકાવી મૂક્યો. અને અલ્લાહ ભટકાવે, તો તું કદાપિ તેના માટે માર્ગ જોઈશ નહીં (૮૮) તેઓ તો એવું ઈચ્છે છે કે ક્યાંક તમે પણ કાફિર બની જાવ, જેવા તે કાફિર બન્યા, જેથી તમે બધા સરખા થઈ જાવ. તો તેમનામાં કોઈને પોતાનો મિત્ર ન બનાવો[૧૬૨] જ્યાં સુધી અલ્લાહના માર્ગમાં ઘરબાર ન છોડે[૧૬૩] પછી જો તેઓ મોઢું ફેરવે[૧૬૪], તો તેમને પકડો, અને જ્યાં પામો ત્યાં કત્લ કરો અને તેમનામાં ન કોઈને મિત્ર ઠરાવો ન મદદગાર[૧૬૫] (૮૯) પણ તેઓ જે એવી કોમ સાથે સંબંધ ધરાવે છે કે તમારે અને તેમને કરાર છે[૧૬૬], અથવા તમારી પાસે એ હાલતમાં આવ્યા કે તેમના દિલોમાં હિમ્મત ન રહી જેથી તમારી સાથે લડે અથવા પોતાની કોમ સાથે લડે, અને અલ્લાહ ઈચ્છતે તો જરૂર તેમને તમારા પર કાબૂ આપત, તો તેઓ બેશક! તમારી સામે લડતા[૧૬૭], પછી જો તેઓ તમારાથી કિનારો કરે, અને લડે નહીં અને સુલેહનો સંદેશ આપે, તો અલ્લાહે

તમને તેમના પર કોઈ માર્ગ (લડવા માટે) ન રાખ્યો[૧૬૮] (૯૦) હવે અમુક બીજા તમે એવા પામશો જેઓ એવું ઈચ્છે છે કે તમારાથી પણ શાંતિમાં (નચિંત) રહે અને પોતાની કોમથી પણ શાંતિમાં રહે[૧૬૯], જ્યારે કદી તેમની કોમ તેમને ફસાદ[૧૭૦] તરફ પલટાવે ત્યારે તેના પર ઊંધા ગબડે છે, પછી જો તેઓ તમારાથી અડગા ન રહે, અને[૧૭૧] સુલહનું ડોકું ન નમાવે, અને પોતાના હાથ ન રોકે, તો તેમને પકડો અને જ્યાં પામો ત્યાં કત્લ કરો. અને આ છે જેમના પર અમે તમને સ્પષ્ટ અધિકાર આપ્યો[૧૭૨] (૯૧) અને મુસલમાનને છાજતું જ નથી કે મુસલમાનનું ખૂન કરે પણ હાથ ડાકો પડીને[૧૭૩] અને જે કોઈ મુસલમાનને અજાણતામાં મારી નાખે તો તેની પર એક ગુલામ મુસલમાનને છોડવાનું છે, અને ખૂન બહા (દંડ રૂપે નક્કી થયેલી રકમ અથવા વસ્તુ), જે મરાએલાના લોકોને સુપરત કરવામાં આવે[૧૭૪] પરંતુ એ કે તેઓ માફ કરી દે. પછી જો તે[૧૭૫] એવી કોમનો હોય જે તમારી શત્રુ છે[૧૭૬], અને પોતે મુસલમાન છે. તો માત્ર એક ગુલામ મુસલમાનને છોડાવવું[૧૭૭] અને જો તે એવી કોમમાં હોય, કે તમારી તેમની વચ્ચે કરાર હોય, તો તેના લોકોને ખૂન બહા આપવામાં આવે, અને એક ગુલામ મુસલમાનને છોડાવવો[૧૭૮], તો જેનો હાથ ન પહોંચે[૧૭૯] તે લગાતાર બે મહિનાના રોઝા રાખે[૧૮૦], આ ખુદાની ત્યાં તેની તવબહ છે. અને અલ્લાહ જાણનાર, હિકમતવાળો છે (૯૨) અને જે કોઈ મુસલમાનને જાણી જોઈને મારી નાખે તો તેનો બદલો જહન્નમ છે, કે મુદ્દતો તેમાં રહેશે[૧૮૧], અને અલ્લાહે તેના પર ગઝબ કર્યો, અને તેના પર લઅનત કરી, અને તેના માટે તૈયાર રાખ્યો મોટો અઝાબ (૯૩)

يَأْمَنُوْا قَوْمَهُمْ ؕ كُلَّمَا رُدُّوْۤا اِلَى الْفِتْنَةِ اُرْكِسُوْا فِيْهَا ۚ فَاِنْ لَّمْ يَعْتَزِلُوْكُمْ وَ يُلْقُوْۤا اِلَيْكُمُ السَّلَمَ وَ يَكُفُّوْۤا اَيْدِيَهُمْ فَخُذُوْهُمْ وَ اقْتُلُوْهُمْ حَيْثُ ثَقِفْتُمُوْهُمْ ؕ وَ اُولٰٓىِٕكُمْ جَعَلْنَا لَكُمْ عَلَيْهِمْ سُلْطٰنًا مُّبِيْنًا ﴿۹۱﴾ وَ مَا كَانَ لِمُؤْمِنٍ اَنْ يَّقْتُلَ مُؤْمِنًا اِلَّا خَطَـًٔا ۚ وَ مَنْ قَتَلَ مُؤْمِنًا خَطَـًٔا فَتَحْرِيْرُ رَقَبَةٍ مُّؤْمِنَةٍ وَّ دِيَةٌ مُّسَلَّمَةٌ اِلٰۤى اَهْلِهٖۤ اِلَّاۤ اَنْ يَّصَّدَّقُوْا ؕ فَاِنْ كَانَ مِنْ قَوْمٍ عَدُوٍّ لَّكُمْ وَ هُوَ مُؤْمِنٌ فَتَحْرِيْرُ رَقَبَةٍ مُّؤْمِنَةٍ ؕ وَ اِنْ كَانَ مِنْ قَوْمٍۭ بَيْنَكُمْ وَ بَيْنَهُمْ مِّيْثَاقٌ فَدِيَةٌ مُّسَلَّمَةٌ اِلٰۤى اَهْلِهٖ وَ تَحْرِيْرُ رَقَبَةٍ مُّؤْمِنَةٍ ۚ فَمَنْ لَّمْ يَجِدْ فَصِيَامُ شَهْرَيْنِ مُتَتَابِعَيْنِ ٘ تَوْبَةً مِّنَ اللّٰهِ ؕ وَ كَانَ اللّٰهُ عَلِيْمًا حَكِيْمًا ﴿۹۲﴾ وَ مَنْ يَّقْتُلْ مُؤْمِنًا مُّتَعَمِّدًا فَجَزَآؤُهٗ جَهَنَّمُ خٰلِدًا فِيْهَا وَ غَضِبَ اللّٰهُ عَلَيْهِ وَ لَعَنَهٗ وَ اَعَدَّ لَهٗ عَذَابًا عَظِيْمًا ﴿۹۳﴾

## :: સમજૂતી ::

**૧૫૯. શાને નુઝૂલ** : મુનાફિકોનું એક ટોળું સૈયદે આલમ ﷺ સાથે જિહાદમાં ન ગયું, તેમની બાબતે સહાબાએ કિરામમાં બે પક્ષો પડી ગયા, એક પક્ષ તેમને કતલ કરી નાખવાનું કહેતો હતો, જ્યારે બીજો પક્ષ તેમાં સંમત ન હતો, તે વિષયે આ આયત ઉતરી.

**૧૬૦** : કે તેઓ હુઝૂર સાથે જિહાદમાં જવાથી મેહરૂમ રહ્યા.

**૧૬૧** : તેમના કુફ્ર, ઈરતિદાદ અને મુશ્રિકો સાથે ભેગા થવા બદલ, તો મુસલમાનોએ પણ તેમના કુફ્ર વિશે મતભેદ ન કરવો જોઈએ.

**૧૬૨** : આ આયતમાં કાફિરોની મિત્રાચારીથી મના કરવામાં આવી, ભલે પછી તે ઈમાનનો દેખાવ કરતા હોય.

**૧૬૩** : અને એ દ્વારા તેમના ઈમાનની પરખ ન થઈ જાય.

**૧૬૪** : ઈમાન અને હિજરતથી, અને પોતાની હાલત પર અટલ રહે.

**૧૬૫** : ભલે તમારી દોસ્તીનો દાવો કરતા હોય, અને સહાય માટે તૈયાર હોય તો તેમની સહાય ન સ્વીકારો.

**૧૬૬** : આ અપવાદ કતલમાંથી છે, કારણ કે કાફિરો અને મુનાફિક઼ો સાથે મૈત્રીકરાર કોઈ પણ પરિસ્થિતિમાં જાઈઝ નથી. અને કરારથી એવા કરાર મુરાદ છે કે તે કૌમને અને જે તે કોમમાં જતો રહે તેને અમાન છે. જેમ કે સૈયદે આલમ ﷺએ મક્કા શરીફ જતી વખતે હિલાલ બિન ઉવૈમર અસ્લમી સાથે કર્યો હતો.

**૧૬૭** : પરંતું અલ્લાહ તઆલાએ તેમના હૃદયોમાં રોફ બેસાડી દીધો, અને મુસલમાનોને તેમની અવળચંડાઈથી બચાવ્યા.

**૧૬૮** : કે તમે તેમની સાથે યુદ્ધ કરો, અમુક તફસીર કરનારાઓનું કહેવું છે કે આ હુકમ فَاقْتُلُوا الْمُشْرِكِيْنَ حَيْثُ (મુશ્રિકોને જુઓ ત્યાં ઠાર કરો. *–સૂરએ તૌબા, આ. ૫*) વાળી આયત દ્વારા મન્સૂખ થઈ ગયેલ છે.

**૧૬૯. શાને નુઝૂલ** : મદીના શરીફમાં સઅદ અને ગિતફાન ક઼બીલાના લોકો દેખાવ પૂરતો કલમો પઢીને પોતાને મુસલમાન દેખાડવાનો દંભ કરતા હતા. અને જ્યારે તેમને પોતાની કોમનો કોઈ માણસ મળતો અને પૂછતો કે, ''તમે લોકો શેના પર ઈમાન લાવ્યા છો ?'' ત્યારે તેઓ જવાબ દેતા કે, ''વાંદરાઓ, વિછુડાઓ વગેરે પર.'' તેમનો હેતુ આનાથી એ હતો કે બન્ને પક્ષો સાથે સંબંધો જાળવી રાખે, અને કોઈ બાજુથી પણ તેમને નુકસાન થાય નહીં, એ લોકો મુનાફિક઼ો હતા, તેમના માટે આ આયત ઉતરી.

**૧૭૦** : શિર્ક અથવા મુસલમાનો સાથે લડાઈ.

**૧૭૧** : લડાઈ છોડી દઈને.

**૧૭૨** : તેમના કુફ્ર, બેવફાઈ, અને મુસલમાનોને હાનિકર્તા હોવાના કારણે.

**૧૭૩** : અર્થાત ઈમાનવાળો કાફિરોની જેમ ''મુબાહુદમ'' (જેને અમુક પરિસ્થિતિમાં મારી નાખવાથી કાયદો લાગુ ન પડે તેવો) નથી, જેનો હુકમ ઉપરની આયતમાં ચર્ચાયો. જેથી હક્ક઼ વગર મુસલમાનને મારી નાખવો જાઈઝ નથી. અને મુસલમાનને એ છાજતું નથી કે તેના હાથે કોઈ મુસલમાન મરણ પામે, સિવાય કે ભૂલથી આમ થાય. જેમ કે શિકાર અથવા કાફિરો હર્બી (ઈસ્લામી રાજ્યની શરણાગતિમાં ન હોય એવો કાફિર)ને મારતો હતો, પણ વાર ખાલી જઈને મુસલમાનને વાગ્યું, અથવા કોઈને કાફિર હર્બી જાણીને માર્યો, પણ તે હતો મુસલમાન વગેરે.

**૧૭૪** : અર્થાત તેના વારસદારોને આપવામાં આવે, જેઓ તેને વારસાની જેમ વહેંચી લે. 'ખૂનબહા' (દિયત) મરાએલાના વારસાના હુકમમાં છે, એમાંથી તેનું કરજ પણ ભરપાઈ કરાશે, અને વસિયત પણ એમાં લાગુ પડી શકશે.

**૧૭૫** : જે ભૂલથી મારી નાખવામાં આવ્યો.

**૧૭૬** : અર્થાત કાફિર.

**૧૭૭** : લાગુ પડે છે અને 'ખૂનબહા' નથી લાગુ પડતો.

**૧૭૮** : એટલે કે જો મારી નખાએલ માણસ ઝિમ્મી (ઈસ્લામી રાજયની શરણગતિમાં રહેતો કાફિર) હોય તો તેનો તે જ હુકમ છે જે મુસલમાનનો છે.

**૧૭૯** : અર્થાત તે કોઈ ગુલામનો માલિક ન હોય.

**૧૮૦** : લગાતાર રોઝા રાખવાનો અર્થ એ છે કે તે રોઝાઓ દરમ્યાન રમઝાન અને ''અય્યામે તશરીક'' (ઝિલહજજ ૯ સુબ્હ સાદિક઼થી ૧૩ની અસર સુધી) ન આવે, અને વચમાં કારણસર કે વગર કારણે આંતરો પાડવામાં ન આવે.

**શાને નુઝૂલ** : આ આયત અયાશ બિન રબીઆ મખઝૂમી વિશે ઉતરી. તેઓ હિજરત પહેલાં મક્કા શરીફમાં મુસલમાન થયા હતા અને ઘરવાળાઓની બ્હીકે મદીના શરીફમાં આશરો લઈને રહ્યા હતા. તેમની માને આનાથી ઘણી ચિંતા થઈ અને તેણીએ પોતાના સાવકા પુત્રો હારિષ અને અબૂ જહલને કહ્યું કે, ''ખુદાની ક઼સમ ! જ્યાં સુધી તમે અયાશને મારી પાસે નહીં લઈ આવો, ત્યાં સુધી હું ન તો છાંયડે બેસીશ, ન જમણ ચાખીશ.'' તે બન્ને હારિષ બિન ઝૈદ બિન અબી ઉનેસાને લઈને શોધવા નીકળ્યા, અને મદીના શરીફ જઈને અયાશને શોધી કાઢયા, તેમને માની હાય વોય, ચિંતા અને ખાવા પીવાનું ત્યજી દેવાના સમાચાર આપ્યા, અને અલ્લાહને વચમાં રાખીને વચન આપ્યું કે અમે ધર્મની બાબતમાં તને કશું કહીશું નહીં, આવી રીતે તેઓ અયાશને મદીનામાંથી કાઢી લાવ્યા, અને મદીનામાંથી બહાર નીકળીને તેમને બાંધ્યા, અને દરેકે સો સો કોરડાઓ ફટકાર્યા, પછી માની પાસે લાવ્યા, ત્યારે માએ કહ્યું કે જ્યાં સુધી તું તારો ધર્મ પલ્ટો નહીં કરે ત્યાં સુધી હું તને બંધન મુક્ત કરવાની નથી, પછી અયાશને બાંધેલી હાલતમાં તડકે નાખી દીધા. આવી મુસીબતોમાં ફસાવાથી અયાશે તેમનું કહેવું માની લીધું, અને પોતાનો મઝહબ છોડી દીધો, ત્યારે હારિષ બિન ઝૈદે અયાશને મહેણું માર્યું કે પહેલાં તું આ ધર્મમાં જ હતો. જો એ ધર્મ સત્ય છે, તો તેં સત્યને છોડી દીધું હતું અને જો એ અસત્ય છે, તો તેં અસત્ય સ્વીકાર્યું. આ વાત અયાશને ખૂબ માઠી લાગી અને કહ્યું, ''જો હું તને એકલો પામીશ તો ખુદાની ક઼સમ ! જરૂર મારી નાખીશ.'' ત્યાર બાદ અયાશ ફરી મુસલમાન થયા, અને મદીના શરીફ હિજરત કરી ગયા. ત્યાર બાદ હારિષ પણ મુસલમાન થઈ ગયા, અને હિજરત કરીને રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયા. પણ તે દિવસે અયાશ હાજર ન હતા અને તેમને હારિષે ઈસ્લામ અંગીકાર કરવાની ખબર પણ થઈ ન હતી. કુબા પાસે અયાશે હારિષને જોયા અને તેમને મારી નાખ્યા, લોકોએ કહ્યું, હે અયાશ ! તમે ઘણુ ખરાબ કર્યું, હારિષ તો મુસલમાન થઈ ગયા હતા. ત્યારે અયાશને ખૂબ પસ્તાવો થયો. સૈયદે આલમ ﷺની સેવામાં હાજર થઈને બનાવ કહી સંભળાવ્યો ને કહ્યું કે મારી નાખતાં સુધી મને તેમનાં ઈસ્લામ સ્વીકારની ખબર જ ન હતી. ત્યારે આ અયાત ઉતરી. ● ● ●


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૩૫૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# દર્સે હદીષે પાક

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

એટલે

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

*હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને આઈશ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺ એ કે મેં મારા રબને બેહતરીન સૂરતમાં જોયો.[૧] રબે પૂછયું કે ફરિશ્તા મુકર્રબ કઈ ચીજમાં ઝઘડે છે.[૨] મેં અર્ઝ કરી, મૌલા ! તું જ જાણે. ત્યારે રબે પોતાનો હાથ મારા બે ખભાઓ વચ્ચે રાખ્યો જેની ઠંડક મેં મારા સીનામાં અનુભવી.[3] તો* ***જે કાંઈ આસ્માનો તથા જમીનમાં છે તે સૌ મેં જાણી લીધું.***[૪] *અને આ આયત તિલાવત કરી : અમે આમ જ ઈબ્રાહીમને આસ્માનો તથા જમીનના મુલ્ક દેખાડીએ છીએ, જેથી તે યકીનવાળાઓમાંથી થઈ જાય.[૫] દારમીએ મુરસલન રિવાયત કરી.*

**૧.** એટલે કે એ વખતે મારી પોતાની સૂરત ઘણી જ સારી હતી ન કે ખુદાની. જેમ કે કહેવામાં આવે છે કે હું સારા પોશાકમાં હાકિમને મળ્યો, એટલે કે મુલાકાતના સમયે મારાં કપડાં સારાં હતાં. નહીં તો રબ તો સૂરત (ચહેરા)થી પાક છે. યાદ રાખશો કે હુઝૂરે અન્વર ﷺ નું આપણામાં આવવું બશરી સૂરતમાં (માનવ રૂપે) છે અને રબથી મળવું નૂરી સૂરતમાં છે. માણસનો ઘરનો લિબાસ જુદો હોય છે અને કચેરીનો જુદો. આ લગભગ મેઅરાજના બનાવનું વર્ણન છે. અમુક લોકોએ ખ્વાબનો દીદાર બતાવ્યું છે, પણ પહેલી વાત અધિક સહીહ છે. એનાથી અલ્લાહનો દીદાર થવું સાબિત થયું. હક્ક એ છે કે હુઝૂર ﷺ એ એ જ આંખો વડે રબનો દીદાર કર્યો. રબનું ફર્માવવું : لَا تُدْرِكُهُ الْاَبْصَارُ દીદારની નફી (નકાર) નથી કરી રહ્યું, બલ્કે ઈદરાક અને એહાતા (પહોંચ તથા ઘેરાવ)ની નફી કરી રહેલ છે. આ હદીષનું સમર્થન આયતે કરીમા : مَا زَاغَ الْبَصَرُ وَمَا طَغٰی કરી રહી છે. દીદારે ઈલાહીની સંપૂર્ણ ચર્ચા અમારી કિતાબ "શાને હબીબુર્રહમાન" ﷺ માં જુઓ.

**૨.** એટલે કે તે કયા અમલો છે જેને લઈ જવા અને બારગાહે ઈલાહીમાં પેશ કરવા ફરિશ્તા ઝઘડે છે, તે કહે છે હું લઈ જાઉં અને આ કહે છે હું લઈ જાઉં. આ વાકયના અન્ય પણ ખુલાસા છે પણ આ જ કવી (મજબૂત) છે.

**૩.** એટલે કે રબે પોતાની રહમતના હાથને મારી પીઠ પર રાખ્યો અને તેનું ફયઝાન મારા સીના તથા દિલ પર પહોંચ્યું.

**૪.** મિર્કાતે ફર્માવ્યું કે આ હદીષ હુઝૂરે અકરમ ﷺ ના ઈલ્મની વિશાળતાની ઉઘાડી દલીલ છે. રબે હુઝૂર ﷺ ને સાતેવ આસ્માનો બલ્કે ઉપરની તમામ ચીજો અને સાતેવ જમીનો અને તેની નીચેના રજકણ રજકણ તથા ટીપા ટીપા, બલ્કે માછલી તથા બળદ જેના પર જમીન સ્થિર છે તે સર્વનો કુલ ઈલ્મ અતા કર્યો. શયખે ફર્માવ્યું કે એનાથી મુરાદ તમામ કુલ્લી જુઝઈ ઈલ્મો અતા કરવું છે. યાદ રાખશો કે અલ્લાહે પોતાના હબીબ ﷺ ને ભૂતકાળની, વર્તમાનકાળની અને કયામત સુધી થનારી દરેક ચીજનો ઈલ્મ આપ્યો, કેમ કે જમીન પર લોકોના અમલો અને આસ્માન પર એ અમલોના માટે ફરિશ્તાઓનું આ ઝઘડવું કયામત સુધી થતુ રહેશે, જેને હુઝૂર ﷺ આજે પણ આંખો વડે જોઈ રહ્યા છે. આ હદીષે પાકનું સમર્થન કુર્આનની ઘણી આયતો કરી રહી છે. જે આયતમાં ઈલ્મની નફી (નકાર) છે ત્યાં

ઝાતી ઈલ્મ મુરાદ છે. એની તેહક઼ીક઼ અમારી કિતાબ જાઅલ હક્ક઼ ભાગ–૧માં જુઓ.

**૫.** એટલે જેવી રીતે અલ્લાહે પોતાના ખલીલને મલકૂત દેખાડયા, એ જ પ્રમાણે મને માલૂમ થયું કે એ સમયે હુઝૂર ﷺને કેવળ મસ્અલા જ બતાવવામાં નથી આવ્યા, મસ્અલા તો મોલ્વીઓને પણ બતાવી દેવામાં આવે છે, બલ્કે પૂરી ખુદાઈ બતાવવામાં આવી હતી, નહીં તો હુઝૂર ﷺ આ આયતથી દલીલ ન પકડતા.

*અને તિર્મિઝીની રિવાયત તેના જેમ જ છે તેમનાથી અને ઈબ્ને અબ્બાસ તથા મઆઝ ઈબ્ને જબલ رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી. એમાં એટલો વધારો પણ છે કે રબે ફર્માવ્યું, હે મુહમ્મદ ! શું તમે જાણો છો કે મુક઼ર્રબ ફરિશ્તા કઈ ચીજમાં ઝઘડે છે.[૧] મેં અર્ઝ કરી, હા ! કફ્ફારાઓ છે.[૨] અને કફ્ફારા નમાઝ બાદ મસ્જિદમાં રોકાવું અને જમાઅતોની તરફ પગપાળા ચાલવું તથા અણગમાની હાલતમાં પૂરૂ વુઝૂ કરવું[૩] છે. જે આવું કરશે તે ભલાઈથી જીવશે અને ભલાઈથી મરશે[૪], અને પોતાની ખતાઓ (ગુનાહો)થી એવો થઈ જશે જાણે એને આજે માએ જણ્યો[૫]. અને ફર્માવ્યું, હે મુહમ્મદ ! જ્યારે તમે નમાઝ પઢી ચૂકો તો કહ્યા કરો[૬] ઈલાહી ! હું તારાથી સારા કામો કરવાની, બુરાઈઓ છોડવાની અને મિસ્કીનોની મહોબ્બત માગુ છું[૭]. જ્યારે તું તારા બંદાઓને ફિત્નામાં નાખવા ચાહે તો મને તારી તરફ ફિત્નામાં સપડાયા વગર બોલાવી લે[૮] ફર્માવ્યું, અને દરજાઓ સલામને ફેલાવવું, ખાવા ખવડાવવું અને રાતમાં જ્યારે લોકો સૂતા હોય નમાઝ પઢવું છે[૯]. અને આ હદીષના શબ્દો જેવા કે મસાબીહમાં છે તે મેં અબ્દુર્રહમાનની રિવાયતથી ન પામ્યા. પણ શરહે સુન્નહમાં.*

**૧.** મુક઼ર્રબ ફરિશ્તાઓથી અમલો પેશ કરનારા ફરિશ્તા મુરાદ છે એટલે મુદબ્બિરાતે અમ્ર ફરિશ્તા.

**૨.** એટલે હા ! હવે તારી અતા અને તારા કરમથી સર્વ કાંઈ જાણુ છું. જાણવા મળ્યું કે રબે બતાવ્યું ન હતું બલ્કે સર્વ કાંઈ દેખાડયું હતું.

**૩.** એટલે કે એ ત્રણ નેકીઓના કારણે અલ્લાહ તઆલા ગુનાહે સગીરા મિટાવી દે છે. એની શરહો વર્ણન થઈ ચૂકી છે.

**૪.** એનું સમર્થન આ આયતથી છે : مَنْ عَمِلَ صَالِحًا مِّنْ ذَكَرٍ اَوْ اُنْثٰى وَ هُوَ مُؤْمِنٌ فَلَنُحْيِيَنَّهٗ حَيٰوةً طَيِّبَةً ''જે સારૂ કામ કરે પુરૂષ હોય કે સ્ત્રી અને હોય મુસલમાન તો જરૂર અમે તેને સારી જિંદગી જીવાડીશું. અને જરૂર તેમને તેમનો નેક (બદલો) આપીશું. જે એમના સૌથી બેહતર કામના લાયક હોય.'' *(સૂ. નહલ, ૧૬/૯૭)*

સૈયદના ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે હલાલ રોજી, જે મળે તે થોડામાં રાજી રહેવું, રઝા બિલ ક઼ઝા, ઈબાદતોમાં લિજ્જત અને ઈતાઅતો (આજ્ઞાપાલન)ની તૌફીક઼ નસીબ થવી સારી જિંદગી છે. અને ઈમાન પર ખાત્મો, મરતી વખતે તૌબા, ફરિશ્તાઓનું જીવ કાઢતી વખતે જન્નતની ખુશખબરી આપવું બલ્કે ત્યાંના ફૂલ લાવીને સુંઘાડવું, મૃત્યુ બાદ મુસલમાનોનું ભલાઈ સાથે તેને યાદ કરવું એ ભલાઈનું મૌત છે. અલ્લાહ આપણને સૌને નસીબ કરે. આ રબનો વાયદો છે જે હુઝૂર ﷺની મારફત આપણને મળ્યો એ ટળી નથી શકતો.

**૫.** તેના સર્વ સગીરા ગુનાહો માફ થઈ જશે, ગુનાહે ક઼બીરા તથા હક્કો મુરાદ નથી, એટલા માટે خَطِيْئَتِه ફર્માવ્યું.

**૬.** એટલે કે દરેક નમાઝથી ફારિગ થયા બાદ, ન કે નમાઝની અંદર આ દુઆ માગી લીધા કરો. જેમ કે હુઝૂરે અન્વર ﷺનું ફર્માવવું : اِذَا صَلَّيْتُمْ عَلَى الْمَيِّتِ فَاَخْلِصُوْا لَهُ الدُّعَاءَ ''જ્યારે તમે નમાઝે જનાઝા પઢી ચૂકો તો મૈયતના માટે ખુલૂસ દિલથી દુઆ કરો.'' બંને ઈબાદતો સરખી છે.

**૭.** જો કે મિસ્કીનોની મહોબ્બત પણ સારા કામમાં સામેલ હતી પણ એ સૌથી અફઝલ કે એ ઈમાનનો ઝરીયો છે એટલા માટે એનું અલગથી વર્ણન કર્યું. મિસ્કીનોથી મુરાદ અંબિયા તથા અવલિયા અને નેક મુસલમાન છે, કે એ સૌ હઝરાત દિલના મિસ્કીન તથા તવાઝોઅવાળા (આજીજીવાળા) છે. ફકીર તથા મિસ્કીનમાં ઘણો ફરક છે.

**૮.** કેમ કે એ સમયે જિંદગી કરતાં મૌત અફઝલ છે. યાદ રાખશો કે દુનિયવી મુસીબતોથી ગભરાયને મૌતની દુઆ કરવી મના છે, પણ ઈમાની આફતો પર મૌતની દુઆ જાઈઝ છે. જેથી આ હદીષ મૌતની તમન્નાવાળી હદીષની વિરૂધ્ધ નથી.

**૯.** એટલે કે વર્ણન થયેલ ત્રણે અમલો ગુનાહની માફીનો ઝરીયો હતા અને આ અમલો દરજાઓની પ્રગતિનો વસીલો છે. એનાથી જાણવા મળ્યું કે **તહજ્જુદની નમાઝ,** અને **ભૂખ્યાઓનું પેટ ભરવું,** દરેકને **સલામ કરવું** ઘણા જ બેહતરીન અમલો છે.

*હઝરત અબૂ ઉમામાથી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કે ત્રણ શખ્સો છે એ સૌની જિમ્મેદારી અલ્લાહ પર છે[1] એક તે શખ્સ **જે અલ્લાહની રાહમાં જેહાદના માટે નીકળે તે ખુદાની જિમ્મેદારીમાં છે** ત્યાં સુધી કે તેને મૌત આવી જાય તો જન્નતમાં દાખલ કરી આપે અથવા અજર તથા ગનીમતનો માલ લઈને પરત કરે[2] અને એક તે શખ્સ **જે મસ્જિદની તરફ ચાલે તે અલ્લાહની જિમ્મેદારીમાં છે,** અને એક તે શખ્સ **જે પોતાના ઘરમાં સલામની સાથે જાય તે** અલ્લાહની જિમ્મેદારીમાં છે.[3] (અબૂ દાઊદ)*

**૧.** એટલે કે તેમનો અજરો સવાબ અલ્લાહના કરમના જિમ્મા પર છે. અથવા એ લોકો અલ્લાહની ઝમાનત અને અમાનમાં એવા છે જેમ કે સરકારી નોકર ડયૂટી દરમિયાન ગવર્નમેન્ટની રક્ષા હેઠળ હોય છે, કે તેનું અપમાન કરવું ગવર્નમેન્ટનો મુકાબલો છે. એ જ પ્રમાણે એ લોકો સાથે ઝઘડવું રબનો મુકાબલો છે.

**૨.** એટલે કે જો મારી નાખવામાં આવ્યો તો શહીદ, અને જો જીવતો પરત આવ્યો, તો જો હારીને આવ્યો તો કેવળ સવાબ, અને જો જીતીને આવ્યો તો સવાબ તથા ગનીમત બંનેવ લાવ્યો.

**૩.** જાણવા મળ્યું કે **ઘરમાં પ્રવેશતી વખતે સલામ કરવી ઘણુ જ બેહતર કામ છે, એનાથી ઘરમાં ઈત્તેફાક, રોજીમાં બરકત અને નેક અમલોની તૌફીક નસીબ થાય છે** ત્યાં સુધી કે જો ખાલી ઘરમાં જાય તો આ પ્રમાણે કહી આપે : اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِيُّ એનો અર્થ એ પણ કરવામાં આવ્યો છે કે ત્રીજો **તે શખ્સ જે સલામતી સાથે પોતાના ઘરમાં રહે, વિના કારણે લોકોમાં ન ફરે. જેવું કે બીજી હદીષથી માલૂમ થઈ રહ્યું છે.**

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمة الله عليهનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمة الله عليهની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** *(ગુજરાતી તર્જુમા સાથે)*

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمة الله عليه

હદિયો : **રૂા. ૪૫૦/-** (ટપાલ ખર્ચ રૂા.૭૫ અલગ)

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# હદાઈકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન કાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**હાં ! તૂને ઉનકો જાન, ઉન્હેં ફેર દી નમાઝ**
**પર વો તો કર ચુકે થે જો કરની બશરકી હૈ**

**અર્થાત :** આંખો મુબારક ખુલી. મૌલા અલી رضی اللہ عنہએ પોતાની નમાઝનો હાલ વર્ણવ્યો. હુઝૂર ﷺએ હુકમ આપ્યો તો તરત ડૂબેલો સૂરજ પલટી આવ્યો, અને અસરનો સમય થઈ ગયો. મૌલા અલીએ નમાઝ અદા કરી પછી સૂર્ય ડૂબી ગયો અને જ્યારે સિદ્દીકે અકબર رضی اللہ عنہનાં આંસૂ ચેહરએ અકદસ પર પડયાં તો મુબારક આંખો ખુલી. સિદ્દીકે અકબર رضی اللہ عنہએ હાલ વર્ણવ્યો. હુઝૂર ﷺએ થૂક મુબારક લગાડી આપ્યું તો તરત જ આરામ થઈ ગયો. બાર વરસ પછી એનાથી શહાદત પામ્યા.

તો જુઓ હુઝૂર ﷺની અઝમત કે અલી رضی اللہ عنہની નમાઝના માટે ડૂબેલો સૂરજ પલટાવી આપ્યો અને અબૂબક્ર رضی اللہ عنہની એડી પર થૂક મુબારક લગાડીને તેમની જાનની હિફાઝત કરી, પરંતું એ બંનેવ વફાદારોએ તો પોતાના તરફથી ગુલામીનો હક્ક અદા કરી આપ્યો અને એક ઈન્સાન જે કરી શકે છે તે કરીને બતાવ્યું. એમની વફાદારીમાં શક નથી તો હુઝૂર ﷺની મુશ્કિલકુશાઈનો પણ જવાબ નથી !

**ષાબિત હુવા કે જુમ્લા ફરાઈઝ ફુરૂઅ હૈં**
**અસ્લલ ઉસૂલે બંદગી ઉસ તાજવર કી હૈ**
*(તાજવર = બાદશાહ)*

**અર્થાત :** નબી કરીમ ﷺની બંદગી એટલે કે ખિદમત તથા ગુલામી પણ ખુદાનો જ ફર્ઝ છે, પણ આ ફર્ઝ સર્વ ફરજો કરતાં મહાન તથા મહત્વનો છે. જેમ કે સિદ્દીકે અકબર رضی اللہ عنہ તથા મૌલા અલી رضی اللہ عنہએ અમલ કરીને દેખાડી આપ્યું અને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ એ એને મકબૂલ રાખ્યું.

આ મહાન સહાબાએ કિરામના વર્ણવેલ મામલાઓથી જાણવા મળ્યું કે તમામ ફર્ઝો બાદમાં છે તથા શાખો છે અને સૌથી મહાન પાયાનો ફર્ઝ આકાએ દો જહાં ﷺની નોકરી તથા ગુલામી છે.

**શર ખૈર શોર સૂર શરર દૂર નાઝ નૂર**
**બુશ્રા કે બારગાહ યહ ખૈરુલ બશરકી હૈ**
*(બુશ્રા = બશારત, ખુશ ખબરી, ખૈરુલ બશર = સર્વ ઈન્સાનોમાં શ્રેષ્ઠ માનવ)*

**અર્થાત :** એટલે કે અહીં હાજર થઈને શર (બુરાઈ) ખૈર (ભલાઈ)માં બદલાય જાય છે અને ગમ તથા

પીડાનો શોર, સુરૂર એટલે ખુશીમાં ફેરવાય જાય છે અને ગમ તથા ગુનાહની બુરાઈઓ અદશ્ય થઈ જાય છે. સારાંશ કે નાર (આગ) અહીંની હાજરીથી નૂર બની જાય છે. يُبَدِّلُ اللّٰهُ سَيِّاٰتِهِمْ حَسَنٰتٍ "અલ્લાહ તઆલા એમની બુરાઈઓને નેકીઓમાં ફેરવી દે છે." *(સૂ. ફુર્કાન, ૨૫/૭૦)* મુબારક તમને હે મુસલમાનો ! આ બારગાહ તમારા આકા તથા માનવ વંશના સરદારની બારગાહ છે.

*ચશ્મે અક્વામ યહ નઝારા અબદ તક દેખે–રિફઅતે શાન* وَرَفَعْنَا لَكَ ذِكْرَكَ *દેખે –(ડો. ઈકબાલ)*

**મુજરિમ બુલાએ આયે હૈં 'જાઊક' હૈ ગવાહ**
**ફિર રદ હો કબ યહ શાન કરીમોં કે દરકી હૈ**

**અર્થાત :** કુર્આને અઝીમમાં છે :–

وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآءُوْكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ وَاسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَّحِيْمًا

"જો તેઓ ગુનાહ કરે અને હે નબી તારી બારગાહમાં હાજર થઈને માફી ચાહે, અને તું એમની શફાઅત ચાહે તો જરૂર અલ્લાહને તૌબા ક્બૂલ કરનાર મહેરબાન પામે." *(સૂ. નિસાઅ, ૪/૬૪)* તો કુર્આને અઝીમ ખુદ ગુનેહગારોને પોતાના હબીબ ﷺના દરબારમાં બોલાવી રહ્યો છે ! અને કરીમોની શાન નથી કે પોતાના દર પર બોલાવીને રદ કરી આપે.

*દો જહાં કી નેઅમતેં મૌલાસે પાતે આપ હૈં–દેનેવાલા હૈ ખુદા લેકિન દિલાતે આપ હૈં*
*અપના સદક઼ા અપને હાથોંસે લુટાતે આપ હૈં–અહલે આલમકો ખિલાતે ઔર પિલાતે આપ હૈં*

**બદ હૈં મગર ઉન્હીં કે હૈં બાગી નહીં હૈં હમ**
**નજદી ન આયે ઉસકો યહ મંઝિલ ખતર કી હૈ**

*(બદ = બુરા, બાગી = વિદ્રોહી, ગદ્દાર, નજદી = બદ અક઼ીદા વહાબી, ઈબ્ને અબ્દુલ વહહાબ નજદીના અનુયાયીઓ, મંઝિલ = સ્થળ, ખતર = ખતરો)*

**અર્થાત :** આપણે (અહલે સુન્નત) ભલે બુરા છીએ, નાફર્માનીઓ કરીએ છીએ, ગુનેહગાર તથા સિયાહકાર ભલે રહ્યા, પરંતું અલ્હમ્દુલિલ્લાહ ! આપણા નબી ﷺના ગદ્દાર નથી, નમક હરામ નથી. પરંતું હે નજદીઓ ! તમારી ઈબાદતો શું કામની ?! કેમ કે તમે તો હુઝૂર ﷺની તાઝીમને જ શિર્ક કહો છો ! એટલા માટે તો તમે કહો છો કે રોઝએ પાકની નિય્યત કરીને મદીના ન જાવ બલ્કે મસ્જિદે નબવીની નિય્યત કરીને જાવ ! જેથી તમારા માટે મદીના પાકનો સફર ખતરાથી ભરેલો ન થાય તો બીજુ શું થાય ?! કુર્આન મજીદમાં મુનાફિક઼ોના બારામાં છે : وَاِذَا قِيْلَ لَهُمْ تَعَالَوْا يَسْتَغْفِرْ لَكُمْ رَسُوْلُ اللّٰهِ لَوَّوْا رُءُوْسَهُمْ "અને જયારે તેમને કહેવામાં આવે કે આવો રસૂલુલ્લાહ તમારા માટે માફી ચાહે, તો પોતાના માથાં ગુમાવે છે અને તમે એમને જુઓ કે વિચારણા કરતાં મોં ફેરવી લે છે." *(સૂ. મુનાફિક઼ૂન, ૬૩/૫, કન્ઝુલ ઈમાન)* કેમ કે એ એમના નામ માત્રના ઈસ્લામની વિરૂધ્ધ છે, પણ કદાચ એઓ નથી જાણતા કે :–

*વો નામે પાક હૈ નામે મુહમ્મદે અરબી ﷺ–બતોરે ખાસ ખુદાને જિસે ઉછાલા હૈ*
*બગૈર ઈશ્કે નબી ઈબાદતેં સબ બેસૂદ–બગૈર હુબ્બે નબી હેચ હર મક઼ાલા હૈ*

**તુફ નજદિયત ! ન કુફ ન ઈસ્લામ સબપે હર્ફ**
**કાફિર ઈધરકી હૈ ન ઉધરકી અધર કી હૈ**

*(તુફ = થૂ થૂ ! લઅનત, અફસોસ, હર્ફ = અયબ, અધર = દરમિયાન, મુનાફિક઼ત)*

**અર્થાત :** લઅનત છે તારા પર હે ગુસ્તાખ નજદી ! તારો કેવો અક઼ીદો છે ?! ન કુફ્ર ન ઈસ્લામ ! કોઈ એક વર્ગમાં તું સામેલ નથી ! તારી હાલત તો એવી છે કે : ન ખુદા હી મિલા ન વિસાલે સનમ ન ઈધર કે રહે ન ઉધર કે રહે !

**હાકિમ હકીમ દાદો દવા દેં યહ કુછ ન દેં**
**મરદૂદ યહ મુરાદ કિસ આયતે ખબર કી હૈ**

*(હાકિમ – સત્તાવાળો, દાદ – ઈન્સાફ, મરદૂદ – લઅનતી, ખબર – હદીષ)*

**અર્થાત :** હાકિમો ફરિયાદીને ઈન્સાફ આપે છે, હકીમ (ડોક્ટર) બીમારોને દવા આપે છે. આ વાતોને વહાબી પણ માને છે પણ હુઝૂરે અક઼દસ ﷺની બાબતે એવો અક઼ીદો રાખે છે કે, "હુઝૂર કાંઈ નથી આપતા !" જો ગૈરે ખુદાથી કાંઈ માગવું શિર્ક છે તો હાકિમ તથા હકીમથી ન્યાય કે દવા માગવું કેમ શિર્ક ન થયું ?! અને જો ખુદાની અતા (આપવાનો) વાસ્તો (વસીલો, ઝરીયો) જાણીને એમની પાસે માગવું શિર્ક નથી તો પછી નબી ﷺથી માગવું શિર્ક કેવી રીતે થયું ?! આ નાપાક ફરક કઈ આયત તથા હદીષમાં છે ?!

*–(હદાઈક઼ે બખ્શિશના હાશિયામાંનો ખુલાસો)*

**શકલે બશર મેં નૂરે ઈલાહી અગર ન હો**
**ક્યા ક઼દર ઈસ ખમીરાએ માઓ મદરકી હૈ**

*(શકલે બશર = માનવ સ્વરૂપ, ખમીરા = કીચડ, માઅ = પાણી, મદર = માટીનો ઢેલો)*

**અર્થાત :** નૂરે ખુદા હોવા છતાં હુઝૂર ﷺને બશરી લિબાસ (માનવ સ્વરૂપ)માં એટલા માટે મોકલવામાં આવ્યા છે કે જેથી માનવ જગતને મેઅરાજ તથા બુલંદી નસીબ થાય, નહીં તો માણસ શું ચીજ છે ? પાણી તથા માટીના ગારા વડે તૈયાર થનાર જ તો છે ! જો હુઝૂર ﷺ માનવ સ્વરૂપમાં ન આવત તો وَلَقَدْ كَرَّمْنَا بَنِيٓ اٰدَمَ "અને બેશક ! અમે આદમની ઔલાદને ઈજ્જત આપી." *(સૂ. બની ઈસ્રાઈલ, આ. ૧૭/૭૦)* તથા لَقَدْ خَلَقْنَا الْاِنْسَانَ فِيٓ اَحْسَنِ تَقْوِيْمٍ "બેશક ! અમે માણસને સારા સ્વરૂપમાં બનાવ્યો." *(સૂ. તીન, ૯૫/૪)*નો મર્તબો માણસને કેવી રીતે મયસ્સર થઈ શકતો હતો.

**નૂરે ઈલાહ ક્યા હૈ મહ઼બ્બત હ઼બીબ કી**
**જિસ દિલમેં યહ ન હો વો જગહ ખૂકો ખરકી હૈ**

*(ખૂક = વરૂ. ખર = ગધેડો)*

**અર્થાત :** અને સાંભળો ! સાંભળો ! ધોકો ન આપો ! નૂરે ખુદા શું છે ? હુઝૂર ﷺની મહોબ્બતનું નામ નૂરે ખુદા છે અને મુસલમાન થઈને પણ જેના દિલમાં રસૂલે પાક ﷺની મહોબ્બત ન હોય તો એ દિલ એના લાયક છે કે વરૂઓ તથા ગધેડાઓનું રહેઠાણ બની જાય.

*જિસ દિલમેં મુહ઼મ્મદ કી મહ઼બ્બત નહીં હોતી–ઉસ પર કભી અલ્લાહકી રહમત નહીં હતી*
*મેરા યહ અક઼ીદા હૈ કે ગર ઝિક્રે ખુદામેં–યહ નામ ન શામિલ હો તો ઈબાદત નહીં હોતી*

**ઝિક્રે ખુદા જો ઉનસે જુદા ચાહો નજદીયો !**
**વલ્લાહ ! ઝિક્રે હક્ક઼ નહીં, કુંજી સક઼રકી હૈ**

*(વલ્લાહ = ખુદાની ક઼સમ, કુંજી = ચાવી, સક઼ર = જહન્નમ, અઝાબ)*

**અર્થાત :** હે નજદીઓ ! ગુસ્તાખે રસૂલ વહાબીઓ ! હુઝૂર ﷺની તાઝીમને શિર્ક કહેનારાઓ ! જો તમે એવું ચાહો કે હુઝૂર ﷺના ઝિક્રને ખુદાના ઝિક્રથી અલગ કરી દેવામાં આવે, તો ખુદાની ક઼સમ ! એવું ઝિક્ર ખુદાનું ઝિક્ર કહેવાશે નહીં, બલ્કે જહન્નમની ચાવી સાબિત થશે અને તમને દોઝખમાં ફેંકીને છોડશે. શું તમે જાણતા નથી કે હિંદુઓના જોગી અને યહૂદી તથા ઈસાઈના પાદરી પણ પોતાના ગુમાનમાં ખુદાની યાદ કરે છે, પણ મુહમ્મદ મુસ્તફા ﷺથી અલગ થઈને કરે છે જેથી તેમની નજાત નથી.

**બે ઉન્કે વાસ્તે કે ખુદા કુછ અતા કરે**
**હાશા ! ગલત ગલત યહ હવસ બેબસરકી હૈ**

*(હાશા = કદાપિ નહીં, હવસ = લાલચ, બેબસર = આંધળો)*

**અર્થાત :** તમારો એ અક઼ીદો કે અલ્લાહ તઆલા હુઝૂર ﷺના વાસ્તા તથા વસીલાને નથી માનતો, અને વાસ્તા વિના જ અતા કરે છે, એ સો ટકા ગલત છે અને આંધળાઓનો અક઼ીદો છે. નબીઓને મોકલવું જ ખુદ બતાવી રહ્યું છે કે ખુદા તઆલા મખ્લૂક઼ને ઈમાન તથા હિદાયત પણ તેમના જ વસીલાથી આપે છે.

દીનના ઈમામો સ્પષ્ટતા કરે છે કે દુનિયામાં તથા આખેરતમાં, જાહેરમાં તથા બાતિનમાં, શરીરમાં તથા રૂહમાં જે નેઅમત જે બરકત તથા ખૂબી પહેલા દિવસથી હમેશાં માટે જેને મળી, મળતી રહે છે અને મળતી રહેશે, એમાં વાસ્તો તથા ક઼ાસિમ (વહેંચનાર) મુહમ્મદ ﷺ છે. હુઝૂર ﷺના હાથથી મળે છે અને મળતી રહેશે.

**મક઼સૂદ યહ હૈં આદમ વ નૂહ વ ખલીલ સે**
**તુખ્મે કરમ મેં સારી કરામત ષમરકી હૈ**

*(મક઼સૂદ = હેતુ, તુખ્મ =બીજ, કરામત = ઈજ્જત, ષમર = ફળ)*

**અર્થાત :** અને હે નામ માત્રના ઈસ્લામના ઠેકેદારો ! કાંઈ જાણો પણ છો ? કે આદમ તથા નૂહ તથા ખલીલ علیہم السلامને પેદા કરવાનો અને તેમને દુનિયામાં મોકલવાનો મક઼સદ એ જ હતો કે અલ્લાહના મહબૂબ ﷺને આ કાઈનાતમાં જલ્વાગર થવાની વ્યવસ્થા કરવામાં આવે. એટલા માટે તો દરેક નબી علیہ السلام પોત પોતાના દૌરમાં પોત પોતાની ઉમ્મતની સમક્ષ હુઝૂર ﷺની પ્રશંસા કરતા રહ્યા, અને એ વાત તો કોઈ જાહિલ ખેડૂત તથા કોઈ બાગનો માળી પણ જાણે છે કે ઝાડનો હેતુ ફળ જ હોય છે અને ઝાડની હિફાઝત ફળના માટે જ કરવામાં આવે છે. અલ્હમ્દુલિલ્લાહ ! અમે ગુલામાને મુસ્તફા (ﷺ) હજારો અયબોવાળા હોવા છતાં આ હક઼ીક઼તને સમજીએ છીએ, અને આપણો દરેકે દરેક બાળક ખુલ્લમ ખુલ્લા ડંકાની ચોટ પર જાહેરમાં એ વાતને પ્રદર્શિત કરતો જોવા મળે છે કે :

*મુહમ્મદ મુસ્તફા ﷺ કો જાનતા હૂં–મુહમ્મદ મુસ્તફા ﷺકો માનતા હૂં*
*વસીલેસે મુહમ્મદ મુસ્તફા ﷺ કે–ખુદાકો જાનતા હૂં માનતા હૂં*

# لَيْسَ مِنَّا

# 'તે અમારો નથી'

હપ્તો : ૦૮

**અઝ :** દાઈએ કબીર મૌલાના **મુહમ્મદશાકિર નૂરી**

**અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**

## માલદાર હોવા છતાં ઔલાદ પર તંગી કરવું બુરું છે

જ્યાં સુધી બાળકો બાલિગ અને સ્વનિર્ભર ન થઈ જાય ત્યાં સુધી તેમનું ભરણપોષણ, તેમના માટે ખાવા પીવાની વ્યવસ્થા, તેમની તા'લીમો તર્બિયતનું યોગ્ય પ્રબંધન કરવું, સૈયદે આલમ ﷺએ બાપની જવાબદારીઓમાં સામેલ કર્યું છે. આમાં ખાસ ખૂબી એ છે કે જાહેરમાં આ દુનિયવી કામો જણાય છે, પરંતુ ઈસ્લામે તેમને પણ ઈબાદત અને સવાબના કાર્યો ઠરાવ્યાં છે. અલ્લાહ તબારક વ તઆલા કુર્આને મુક઼દસમાં ઈર્શાદ ફર્માવે છે :–

لِيُنْفِقْ ذُوْ سَعَةٍ مِّنْ سَعَتِهٖ ؕ وَ مَنْ قُدِرَ عَلَيْهِ رِزْقُهٗ فَلْيُنْفِقْ مِمَّاۤ اٰتٰىهُ اللّٰهُ ؕ لَا يُكَلِّفُ اللّٰهُ نَفْسًا اِلَّا مَاۤ اٰتٰىهَا ؕ

''શક્તિ ધરાવનાર પોતાની શક્તિ અનુસાર ભરણપોષણ આપે અને જેના પર તેની રોજી તંગ કરવામાં આવી તે એમાંથી ભરણપોષણ આપે જે અલ્લાહે તેને આપ્યું, અલ્લાહ કોઈ જાન પર બોજ નથી રાખતો પરંતુ એટલો જ જેટલું તેને આપ્યું છે.''

*(સૂરએ તલાક઼, આ. ૭)*

હઝરત અબૂ મસ્ઊદ رضی اللہ عنہ રિવાયત કરે છે કે નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો :–

''જ્યારે કોઈ વ્યક્તિ સવાબની નિય્યતથી પોતાના ઘરવાળાઓ પર ખર્ચ કરે છે તો તેના પર તેને સદક઼ાનો સવાબ મળે છે.''

*(સહીહ બુખારી શરીફ, ૧/૨૦)*

મોહસિને ઈન્સાનિયત નબીએ રહ્મત علیہ الصلوٰۃ والسلامની આ રહ્મતભરી વિચારસરણી છે કે ઘરવાળાઓ અને ઔલાદ પર ખર્ચ કરવાને નેકીઓ પ્રાપ્ત કરવાનો મહાન શ્રોત બનાવી દીધો છે. એક પિતા પોતાની ઔલાદના ભરણપોષણની ચિંતા કરે તો એ ન વિચારે કે ટેન્શન પાલવી રહ્યો છે, અને ન એ વિચારે કે દુનિયવી કામ કરી રહ્યો છે, બલ્કે તે પોતાની નિય્યત સુધારી લે તો ઔલાદની ચિંતા પોતાની દીનદારીની ચિંતા છે અને ઈન્ડાયરેક્ત દીનદારીનું કાર્ય અને અજરો સવાબનો સબબ છે.

જાહિલિયતના (ઈસ્લામ પહેલાંના) સમયની જહાલતોમાંથી એ પણ હતું કે તેઓ એ ડરથી પોતાના બાળકોને ક઼તલ કરી દેતા હતા કે એ જીવતા રહેશે તો તેમના ખર્ચ તેમણે પૂરા કરવા પડશે. અલ્લાહ તબારક વ તઆલાએ એનાથી મના ફર્માવ્યું અને ઈર્શાદ ફર્માવ્યો :

وَ لَا تَقْتُلُوْۤا اَوْلَادَكُمْ خَشْيَةَ اِمْلَاقٍ ؕ نَحْنُ نَرْزُقُهُمْ وَ اِيَّاكُمْ ؕ اِنَّ قَتْلَهُمْ كَانَ خِطْاً كَبِيْرًا ﴿۳۱﴾

''અને પોતાની ઔલાદને ક઼તલ ન કરો ગરીબીના ડરથી, અમે તમને પણ અને એમને પણ રોઝી આપીશું, બેશક ! તેમનું ક઼તલ મોટી ખતા છે.''

*(સૂરએ બની ઈસ્રાઈલ, આ. ૩૧)*

આ આયતમાં ફર્માવવામાં આવ્યું કે એ ડરથી પોતાની ઔલાદને ક઼તલ ન કરો કે તેમના ભરણપોષણનો ખર્ચ તમારા પર આવી જશે. બલ્કે તેમને અલ્લાહ તઆલાએ દુનિયામાં મોકલ્યા છે તો તેમનો જીવવાનો અધિકાર છે. રહી વાત તેમના ભરણપોષણની તો તમે કેવળ તદબીર કરો, તકદીરે ઈલાહીમાં તેમનું રિઝક઼ તેમના પેદા થતા પહેલાં જ

નક્કી કરી દેવામાં આવ્યું છે અને અલ્લાહ તઆ્લાએ તેમને રિઝ્ક્ પહોંચાડવું પોતાના જિમ્મએ કરમ પર લઈ લીધું છે. તે ખુદ ઈર્શાદ ફર્માવે છે :–

وَ مَا مِنْ دَآبَّةٍ فِی الْاَرْضِ اِلَّا عَلَی اللّٰهِ رِزْقُهَا وَ یَعْلَمُ مُسْتَقَرَّهَا وَ مُسْتَوْدَعَهَا ؕ كُلٌّ فِیْ كِتٰبٍ مُّبِیْنٍ۝

"અને જમીન પર ચાલનાર કોઈ એવું નથી જેની રોજી અલ્લાહના જિમ્મએ કરમ પર ન હોય, અને જાણે છે કે ક્યાં રોકાશે અને ક્યાં દફન થશે, સર્વ કાંઈ એક સાફ બયાન કરવાવાળી કિતાબમાં છે."

*(સૂરએ હૂદ, આ. ૬)*

અર્થાત દુનિયાની દરેક જાનદાર મખ્લૂક્ને રોજી આપવું અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના ઝિમ્મએ કરમ પર લઈ લીધું છે અને અલ્લાહના ઈલ્મમાં દરેક જાનદાર મખ્લૂક્ વિશે એ છે કે તે દુનિયામાં કઈ જગ્યાએ જીવન ગુજારશે, તેનું મૃત્યુ ક્યાં થશે અને તેને ક્યાં દફન કરવામાં આવશે ?!

જ્યારે રોજી અલ્લાહ તઆ્લાએ પોતાના ઝિમ્મએ કરમ પર લઈ લીધી છે. તો પછી મનુષ્યએ પોતાના અહલો અયાલ પર ખર્ચ કરવામાં એ વાતનો ભય જ ન કરવો જોઈએ કે આ ખર્ચ કરવું તેને ગરીબ બનાવી દેશે. બલ્કે અલ્લાહના બતાવેલ નિયમ પ્રમાણે કોઈ કુશળતાવાળો છે તો તે પોતાની કુશળતા પ્રમાણે પોતાના અહલો અયાલ માટે ઉત્તમથી ઉત્તમ રહેવા, ખાવા, પીવા, તા'લીમો, તર્બિયત અને જીવન જરૂરિયાતની વ્યવસ્થા કરે, અને કોઈ નિર્ધન છે તો અલ્લાહ તઆ્લાએ તેને જેટલી રોજી (રિઝક્) અતા ફર્માવી છે તે જ પ્રમાણે પોતાની ઔલાદ માટે વ્યવસ્થા કરે.

એ છતાં જો કોઈ કેવળ માલો દૌલતને સંગ્રહ કરવામાં ડૂબી જાય અને શક્તિ હોવા છતાં પોતાની ઔલાદને તંગીમાં રાખે તો તેને હુઝૂર સૈયદે આ્લમ ﷺએ પોતાના તરીક્ા વિરુદ્ધ અમલ કરવાવાળો ઠરાવ્યો છે.

હઝરત જુબેર બિન મુત્ઈમ رضی اللہ عنہથી મરવી છે કે આકાએ કાઈનાત સૈયદુલ મુરસલીન ﷺએ ઈર્શાદ ફર્માવ્યું : "જેને અલ્લાહ તઆલાએ વિશાળતા આપી તે છતાં તેણે પોતાના અહલો અયાલ પર તંગી કરી તે અમારામાંથી નથી."

*(કન્ઝુલ ઉમ્મલ, ૧૬/૩૭૨)*

અર્થાત શક્તિઅનુસાર પોતાની ઔલાદ માટે ખાવા, પીવા, રહેવા, તા'લીમો તર્બિયત અને જીવન જરૂરિયાતની બેહતર વ્યવસ્થા કરવી જોઈએ. એવું ન થાય કે કેવળ માલ જમા કરવાની ચિંતા હોય અને શક્તિ હોવા છતાં ઔલાદને તંગીમાં રાખે તો તેનો આ અમલ નિંદા પાત્ર છે અને સવરે કાઈનાત علیہ الصلوٰۃ والسلامના નઝદીક નાપસંદીદા છે. પરંતુ આનો મતલબ એ નથી કે નકામા પૈસા ઉડાડે અને જ્યાં ત્રણથી કામ ચાલતુ હોય ત્યાં તેર ઉડાડે ! કુર્આને મુક્દસ ખર્ચ વિશે ક્યો માર્ગ અપનાવનારને પસંદ ફર્માવે છે તેનું વર્ણન આ આયતે મુક્દસમાં છે :–

وَالَّذِیْنَ اِذَاۤ اَنْفَقُوْا لَمْ یُسْرِفُوْا وَ لَمْ یَقْتُرُوْا وَ كَانَ بَیْنَ ذٰلِكَ قَوَامًا۝

"અને તેઓ કે જ્યારે ખર્ચ કરે છે (તો) ન હદથી વધે અને ન તંગી કરે અને તે બંનેવ વચ્ચે સમતુલન પર રહે." *(સૂરએ ફુર્કાન, આ. ૬૭)*

આ આયતમાં અલ્લાહ તબારક વ તઆલાએ ઈ્બાદુર્રહમાન (અલ્લાહના ખાસ અને મહબૂબ બંદાઓ)નું વર્ણન ફર્માવ્યું છે. સૂરએ ફુર્કાનની અમુક આયતોમાં ઈ્બાદુર્રહમાનની વિવિધ સિફતો વર્ણન કરવામાં આવી છે, તેમાંથી એક ગુણ એ પણ છે કે તેઓ ખર્ચમાં સમતુલન રાખે છે, ન તો નિર્રથક ઉડાવે છે કે જ્યાં દસ રૂપિયા કરવાના હોય ત્યાં પચાસ રૂપિયા ખર્ચ કરે અને ન તંગી કરે છે જ્યાં દસ રૂપિયા ખર્ચ કરવા જરૂરી હોય ત્યાં પણ પાંચથી જ કામ ચલાવે, જ્યારે કે અલ્લાહ તબારક વ તઆ્લાએ તેમને શક્તિ આપી છે કે તેઓ જરૂરત પ્રમાણે ખર્ચ કરી શકે છે. *(ક્મશઃ)*

# મુસલમાનોની બુઝદિલીના સબબો

**હપ્તો : ૦૪**

**અઝ : દાઈએ કબીર મૌલાના મુહમ્મદશાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

## માલદારી પામવાનો નુસ્ખો

આજે આપણો હાલ એ છે કે દિવસભર મહેનત મજૂરી કર્યા બાદ મુશ્કેલીથી પેટ પાલવા જેટલી રોજી હાંસલ કરી શકીએ છીએ. સામાન્યતઃ લોકો પોતાની આવકથી સંતુષ્ઠ નથી, અને દિલ અધિકની તમન્નામાં સતત લાગેલુ રહે છે. છેવટે દિલને સંતોષ કેમ હાંસલ નથી થતો ? આવો ! આ હદીષેપાકમાં જોઈએ છીએ :

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે આક઼ાએ કરીમ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો કે અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :

اِبْنَ اٰدَمَ تَفَرَّغْ لِعِبَادَتِیْ اَمْلَأْ صَدْرَكَ غِنًی وَأَسِدَّ فَقْرَكَ وَاِنْ لَّا تَفْعَلْ مَلَأْتُ یَدَكَ شُغْلًا وَّلَمْ اَسُدَّ فَقْرَكَ۔

''હે આદમની ઔલાદ ! મારી ઈબાદતના માટે સમય કાઢ ! હું તારા દિલમાં ગના (બેપરવાઈ) ભરી દઈશ. જો તું એવું કરીશ નહીં તો તારા હાથોને કામોથી ભરી દઈશ અને તારી ગરીબી દૂર કરીશ નહીં.'' *(મિશ્કાતુલ મસાબીહ, ૩/૧૪૩)*

આજે આપણી જિંદગી આ વાતની જીવતી જાગતી તસ્વીર છે કે આપણી પાસે કામો એટલાં છે કે તેને કરતાં કરતાં આપણી હાલત ખરાબ થઈ જાય છે, પરંતુ એના બદલામાં આપણને જે વળતર મળી રહ્યું છે તેનાથી આપણુ દિલ કદી સંતુષ્ઠ નથી થતું. એનું કારણ એ છે કે આપણે આપણા કામકાજના ચક્કરમાં પડીને પોતાના રબની ઈબાદતના માટે સમય ખર્ચ કરવાનું છોડી દઈએ છીએ. આપણા વચ્ચે મોટી સંખ્યા એવા લોકોની છે જેઓ દુનિયાદારીમાં વ્યસ્ત થઈને અલ્લાહ તબારક વ તઆલાની ઈબાદત અને ઝિક્રથી ગાફિલ થઈ ચૂક્યા છે. પંજવકતા નમાઝો તો બાજુ પર રહી પણ જુમ્આની નમાઝ પઢવાની પણ ફિકર નથી થતી. જો જુમ્આની નમાઝમાં પહોંચી પણ ગયા તો બસ કોઈ રીતે બે રકાતો અદા કરી અને તરત મસ્જિદથી બહાર નીકળી ગયા.

અમુક તે છે જેઓ દિવસમાં એકાદ બે સમયની પઢી લે છે, તે પણ ફ્રી બેઠા હોય તો પઢી લીધી અને કામમાં વ્યસ્ત છે તો છોડી દીધી !

દુનિયાદારીમાં આટલા પ્રમાણમાં વ્યસ્ત હોવા છતાં આજે જે આપણુ દિલ આપણી આવકથી સંતુષ્ઠ નથી એનું ઘણુ મોટુ કારણ એ છે કે ગરીબી આપણા પર અઝાબના સ્વરૂપમાં સવાર થઈ ચૂકી છે, એવામાં આપણે ગમે તેટલુ પણ કમાય લઈએ પણ દિલમાં સંતોષ કદી દાખલ નથી થઈ શકતો. તેની સરખામણીમાં આપણે કારોબારી વયસ્તતાઓમાંથી સમય કાઢીને અલ્લાહનો ઝિક્ર તથા ઈબાદત કરીએ, નમાઝ પઢીએ અને દીની કામોમાં હિસ્સો લઈએ તો ગયબથી આપણને સુકૂન તથા ઈત્મિનાનની દૌલત નસીબ થશે અને તંગદસ્તીથી આપણને છૂટકારો મળશે.

## ★ પાંચ ચીજોને ગનીમત જાણો ★

જ્યારે ઈબાદત તથા બંદગીની શક્તિ હોય અને એનો મોકો ઉપલબ્ધ હોય તો તેને ગનીમત જાણીને રબની બંદગી કરવી જોઈએ, એ પહેલાં કે સમય હાથથી નીકળી જાય અને પછી પસ્તાવાનો વારો આવી જાય. એના પ્રતિ આ હદીષે પાકમાં ધ્યાન દોરવામાં આવ્યું છે.

હઝરત અમ્ર બિન મૈમૂન અવદી رضی اللہ عنہથી મરવી છે કે આક઼ાએ કરીમ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :

اِغْتَنِمْ خَمْسًا قَبْلَ خَمْسٍ: شَبَابَكَ قَبْلَ هَرَمِكَ وَصِحَّتَكَ قَبْلَ سَقَمِكَ وَغِنَاكَ قَبْلَ فَقْرِكَ وَفَرَاغَكَ قَبْلَ شُغْلِكَ وَحَيَاتَكَ قَبْلَ مَوْتِكَ۔

''પાંચ ચીજોથી પહેલાં પાંચ ચીજોને ગનીમત જાણો : (૧) ઘડપણ પહેલાં જવાનીને (૨) બીમારીથી પહેલાં તંદુરસ્તીને (૩) મોહતાજીથી પહેલાં માલદારીને (૪) મશગૂલીથી પહેલાં નવરાશને (૫) મૌતથી પહેલાં જિંદગીને.

## ★ ઘડપણથી પહેલાં યુવાનીને ગનીમત જાણો ★

યુવાનીમાં માનવ અંગો ઘડપણની સરખામણીએ અધિક મજબૂત હોય છે. એમાં ઈબાદત તથા બંદગી માટે અધિક શક્તિ હોય છે અને મહેનત તથા કષ્ટી કરવાથી થાકતાં નથી. એટલા માટે એવું વિચારવું કે હજી જવાનીનો સમય છે, ખૂબ દુનિયા કમાય લેવામાં આવે. અને જ્યારે પછી ઘડપણ આવી જશે અને કામ કરવાની ક્ષમતા નહીં રહી જાય તે વખતે મસ્જિદમાં બેસીને અલ્લાહ અલ્લાહ કરી લઈશું ! તો આ ખયાલ બરાબર નથી. કેમ કે આપણી જિંદગીના કેટલા દિવસો બાકી છે તેનો આપણને કોઈ અંદાઝો નથી. અને આપણે ઘડપણ સુધી પહોંચી પણ શકીશું કે નહીં તેની શું ગેરંટી છે ?!

## ★ બીમારીથી પહેલાં તંદુરસ્તીને ગનીમત જાણો ★

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે આખેરતની તૈયારી કરવાનો મોક઼ો આપ્યો છે. અંગો સહી સલામત છે તો તેના થકી જેટલા પ્રમાણમાં શક્ય હોય નેકીઓ જમા કરતા ચાલો. એટલા માટે કે ક્યારે અચાનકથી કાંઈ ન થવાનું થઈ જાય અને આપણા અંગોમાં તે શક્તિ તથા ક્ષમતા ન રહેવા પામે જે અત્યારે મૌજૂદ છે, એનું કોઈ જ ઠેકાણુ નથી. આજે આપણે સહી સલામત છીએ, કાલે ખુદા ન ખ્વાસ્તા કોઈ બીમારીએ પોતાની ઝપટમાં લઈ લીધા તો પછી આપણા હાથમાંથી એ તૈયારીનો મૌક઼ો નીકળી જશે.

## ★ મોહતાજીથી પહેલાં માલદારીને ગનીમત જાણો ★

આજે અલ્લાહ તબારક વ તઆલાએ માલ તથા દૌલતથી નવાઝેલ છે અને આપણી પાસે એટલી પૂંજી છે કે આપણે તેને અલ્લાહની રાહમાં ખર્ચ કરીને આખેરતની તૈયારી કરી શકીએ છીએ તો આપણે એ મોક઼ાને ગનીમત જાણીને પોતાની દૌલતને આખેરતની તૈયારીમાં ખર્ચ કરવી જોઈએ. એ રાહ જોવામાં કે અમુક દિવસો પછી રાહે ખુદામાં ખર્ચ કરીશું, અને મોક઼ો હાથમાંથી જવા દેવો એ મૂર્ખાઈનું કામ છે. કેમ કે આવતી કાલે આપણો શો હાલ થશે તેની કોઈ ગેરંટી નથી. આજે અલ્લાહ جل جلالہએ મોક઼ો અર્પણ કર્યો છે અને આપણે આપણી દૌલતથી આપણા માટે આખેરતનો સામાન જમા કરી શકીએ છીએ તો એ મોક઼ો આપણે હાથથી જવા દેવો ન જોઈએ.

### ★ વ્યસ્તતા પહેલાં નવરાશને ગનીમત જાણો ★

જ્યારે કામોનો બોજ ઓછો હોય તે વખતે બેકાર કામોમાં પોત પોતાને વ્યસ્ત રાખવાને બદલે અલ્લાહ તબારક વ તઆલાનો ઝિક્ર તથા ઈબાદતમાં વ્યસ્ત રાખવામાં આવે એ જ બેહતર છે. નહીં તો એક સમય આવે છે કે જ્યારે આપણે બાળ બચ્ચાંની જિમ્મેદારીઓ સંભાળવામાં વ્યસ્ત થઈ જઈએ છીએ તો ફુરસદની ઘડીઓ ધીરે ધીરે સમેટાતી જાય છે, એવામાં ઈબાદત તથા બંદગી માટે ભરપુર સમય મયસ્સર થવો મુશ્કેલ બની જાય છે.

### ★ મૌતથી પહેલાં જિંદગીને ગનીમત જાણો ★

જ્યાં સુધી શ્વાસો ચાલી રહ્યા છે ત્યાં સુધી ખુદાના શુક્ર તથા ખુદાના ઝિક્રમાં જિંદગી ગુજરે એનો ખયાલ રાખવો જોઈએ. જો દુનિયામાં નેકીઓ ન કરવામાં આવી તો દુનિયાથી ગયા બાદ પસ્તાવા સિવાય કાંઈ હાથ આવશે નહીં. જે લોકોએ નેકીઓ ભેગી ન કરી તેમને ક઼યામતના દિવસે કેવી રીતે અફસોસ થશે તેનું વર્ણન રબ કુર્આન મુક઼દ્દસમાં આ પ્રમાણે ફર્માવે છે :

يَوْمَئِذٍ يَّتَذَكَّرُ الْاِنْسَانُ وَاَنّٰى لَهُ الذِّكْرٰى ○ يَقُوْلُ يٰلَيْتَنِىْ قَدَّمْتُ لِحَيَاتِىْ ○

"તે દિવસે માણસ વિચારશે, અને હવે તેને વિચારવાનો સમય ક્યાં ? કહેશે, હાય ! કોઈ રીતે મેં જીવતા જીવત નેકી આગળ મોકલી હોત."

*(સૂ. ફજ્ર, આ. ૨૪)*

એટલા માટે જિંદગી મળી છે તો તેને કેવળ દુનિયા જમા કરવામાં ખર્ચવી ન જોઈએ, બલ્કે એમાં આપણી આખેરતની તૈયારી પણ કરવી જોઈએ.

### ★ મલઊન (ખુદાની રહમતથી દૂર) ★

"લઅનત"નો મતલબ છે અલ્લાહની રહમતથી દૂર થવું અને જે અલ્લાહની રહમતથી દૂર થઈ જાય તેને "મલઊન" કહેવામાં આવે છે. દુનિયાના બારામાં હદીષે પાકમાં ફર્માવવામાં આવ્યું છે કે એ (દુનિયા) મલઊન છે અને તેમાં મૌજૂદ અમુક ચીજોના સિવાય સર્વ ચીજો મલઊન છે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર સૈયદે કાઈનાત صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :

اَلدُّنْيَا مَلْعُوْنَةٌ، مَلْعُوْنٌ مَّا فِيْهَا، اِلَّا ذِكْرَ اللهِ، وَمَا وَالَاهُ، اَوْ عَالِمًا، اَوْ مُتَعَلِّمًا

"દુનિયા મલઊન છે અને તેમાં મૌજૂદ સર્વ ચીજો મલઊન છે સિવાય અલ્લાહના ઝિક્રના, અને (સિવાય) તે ચીજોના જે અલ્લાહના ઝિક્રથી નજીક કરી આપે, અને આલિમ તથા મુતઅલ્લિમના."

*(સુનને ઈબ્ને માજહ, ૧/૧૩૭૭)*

એટલે કે દુનિયાની ચીજોમાંથી અમુક ચીજો એવી જે મલઊન નથી : (૧) ઝિક્રે ખુદાવંદી (૨) જે ચીજો ઝિક્રે ઈલાહીથી નજીક કરી દે (૩) આલિમ (૪) તાલિબે ઈલ્મ.

દુનિયાની કઈ ચીજો અપનાવવામાં આવે અને કઈ ચીજોથી પરહેઝ કરવામાં ? તેના સંબંધે આ હદીષે પાક કાઈદએ કુલ્લિયા છે કે **જે ચીજો ખુદાના ઝિક્રથી નજીક કરનારી છે તેને અપનાવવામાં છે અને જે ચીજો ખુદાની ઝિક્રથી દૂર કરનારી છે તેને ત્યજી દેવામાં આવે.** હવે ચાહે કારોબાર હોય કે નોકરી, રૂપિયા પૈસા હોય કે એશ આરામનો કોઈ સામાન, જો નમાઝો તથા જમાઅતોની પાબંદીથી અવરોધરૂપ છે તો એમાં યક઼ીનન ! કોઈ રીતની ભલાઈ નથી હોય શકતી. અને જો નમાઝો તથા ઝિક્રે ખુદામાં સહાયક છે તો અપનાવવાને પાત્ર તથા બરકતનો સબબ છે.



# ઉર્સ-૧૧ રબીઉલ આખર
# ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ની વિવિધ ગૃપોને નસીહત

કાર્યાલય

હે ગૌષે પાક સરકારે બગદાદ શયખ અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہની ચાહતનો દમ ભરનારાઓ! અને તેમના નામ પર રળી ચરી ખાનારાઓ ! આવો ! ગૌષ પાક رضی اللہ عنہએ વિવિધ ગૃપોને શું નસીહતો કરી છે તેને સાંભળો ! કેવળ કરામતો વર્ણવીને કે સાંભળીને તથા નારાઓ મારીને ન રહી જાવ, એમની નસીહતોને પણ ગળે ઉતારો અને એના પર અમલ કરી બતાવો તો તમારી બંનેવ દુનિયા ઉજ્જવળ તથા રોશન થઈ જશે.

## ★ પ્રપંચી તથા બેઈલ્મ જૂઠા સૂફીઓની સુધારણા ★

એ હકીકત ચમકતા સૂરજની જેમ રોશન છે કે શરીઅતે પાકની પયરવી (અનુસરણ) જ બંનેવ જહાનોમાં ભલાઈ તથા ખુશહાલીની જામિન, આખેરતની કામયાબીનો આધાર અને કુર્બે ખુદાવંદીની પ્રાપ્તિનો ઝરીયો છે. **જો કોઈ શરીઅતની હદોને ઓળંગે છે તો તેને વિલાયતની મંઝિલ પામવું તો ઘણુ દૂર રહ્યું પણ તે ઈમાનના કમાલની કક્ષા પણ નથી મળી શકતો.** ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ફર્માવે છે : ''જો શરીઅતની હદોમાંથી કોઈનામાં ખલેલ આવી જાય, તો જાણી લે કે તું ફિત્નામાં પડેલો છે. બેશક ! શૈતાન તારી સાથે ખેલી રહ્યો છે.'' *(તબ્કાતે અવલિયા, ૧/૧૩૧)*

પણ કેટલાક નામ માત્રના સૂફીઓ શરીઅતથી અજાણ બનીને શરીઅતના હુકમોનો ઠટ્ઠો કરીને હંસી ઉડાડવામાં, અને રુશ્દો હિદાયતના નામ પર બિદઅત તથા ગુમરાહી તથા જેહાલત ફેલાવવામાં સક્રિય હતા. આપે એવા સૂફીઓની સખત ટીકા કરી અને ખુલ્લમ ખુલ્લા એવી જૂઠા સૂફીઓની જમાઅતની ઝાટકણી કાઢી. જેમ કે એક પાકીઝા મજલિસમાં એ નામ માત્રના બનાવટી સૂફીઓ પર આ પ્રમાણે વીજળી જેમ ત્રાટકી પડે છે :

**''હે મુનાફિકો** ! હે આખેરતને દુનિયાના બદલામાં વેચનારાઓ ! હે હક્કને મખ્લૂકના બદલામાં અને બાકીને ફાનીના બદલામાં વેચનારાઓ ! તમારા વેપારના કારોબારમાં ઘાટો છે ! અને તમારો અસલ માલ પણ ગારત (તબાહ) થઈ ગયો. તમારા પર અફસોસ ! કે તમો અલ્લાહના ગઝબ તથા ગુસ્સાનો ખુદ નિશાનો બનનારા છો ! કેમ કે જે એવી ચીજ વડે પોતાનો બનાવ શિંગાર કરે છે જે એનામાં નથી હોતી તેના પર અલ્લાહ તઆલા (ગુસ્સો) કરે છે. તું મક્કારી (છેતરપિંડી) ન કર ! તારા જાહેરને શરીઅતના નિયમો વડે અને તારા બાતિન (અંતર)ને એમાંથી મખ્લૂકને કાઢી નાખીને સજ્જ કર. *(ઈર્શાદાતે ગૌષે આ'ઝમ, પેજ–૨૪૪)*

હે ગુલામ ! તારો નિફાક (દિલમાં કાંઈ બહાર કાંઈ), તારી ફસાહત તથા બલાગત (ઉમદા તથા ચાતુર્યભરી આકર્ષક વાણી) અને ચહેરાને રડમશ બનાવી લેવાથી અને તારા થીંગડાને ગાંઠ મારવાથી અને ખભાઓને સંકોચી લેવાથી, અને રડવા રડાવવાથી ખુદાની બારગાહમાં તારા હાથ કાંઈ આવશે નહીં. આ સર્વ વાતો તારા શૈતાની નફ્સ અને મખ્લૂકને ખુદાનો શરીક સમજવાથી અને તેમનાથી દુનિયા તલબ કરવાના સબબે પેદા થઈ ગઈ છે. જરા વિચાર !' *(ઈર્શાદાતે ગૌષે આ'ઝમ, પેજ–૨૦૮)*

એક આ'લા મેહફિલમાં એવા લોકો (જૂઠા સૂફીઓ)ની આ પ્રમાણે સુધારણા કરી :

હે ખાનકાહો તથા ગોશા (ખૂણા)ઓમાં બેસનારાઓ ! આવો મારા વાઅઝની વાતોમાંથી ભલે એક જ અક્ષરની હોય તેની મજા ચાખી લો ! તમારા પર અફસોસ ! તમારામાંથી મોટાભાગના તો સરાપા હવસ જ હવસ છો. તમો પોતાની ખાનકાહોમાં બેસીને મખ્લૂક (લોકો)ની પૂજા કરતા રહો છો ! આ બાબત, (તસવ્વુફ, સૂફીપણુ) કેવળ એકાંતમાં બેસીને જેહાલત છતાં હાંસલ નથી થઈ શકતુ, જેહાલત છોડી દો. *(ઈર્શાદાતે ગૌષે આ'ઝમ, પેજ–૨૧૦)* એટલે કે પહેલાં ઈલ્મ શીખો.

## ★ આલિમો તથા ઝાહિદોની સુધારણાનો જોવા લાયક તરીકો ★

દરેક દૌરમાં એવા ઉલમાએ સૂ (બુરા આલિમો)નું અસ્તિત્વ રહ્યું છે જેઓ અમીરો તથા રાજાઓ, સત્તાધારીઓની ચાપલૂસી તથા ખુશામતથી પોતાની દુનિયાને આબાદ અને આખેરતને બર્બાદ કરતા રહ્યા છે. અખંડ ભારતમાં અબુલ ફઝ્‌લ અને ફૈઝી અને નંગે ખાનદાન (દેવબંદી મોલ્વીઓ) મુહમ્મદ ઈસ્માઈલ દહેલ્વી, મોલ્વી કાસિમ નાનોત્વી, અશરફ અલી થાનવી તેમજ હાલમાં સુલેહકુલ્લી તાહિરુલ કાદરી વગેરેને દષ્ટાંત રૂપે રજૂ કરી શકાય છે જેમના લીધે મુસ્લિમ ઉમ્મત ન જાણે કેટલા ફિત્નાઓમાં સપડાય ગઈ. કાંઈક એવા જ આલિમો (શીઆ, રાફઝી વગેરે) સૈયદેના ગૌષે આ'ઝમ رضی اللہ عنہના સમયમાં હતા. આપે તેમને સંબોધીને નીડરપણે તેમની બુરાઈ વર્ણવીને આ પ્રમાણે સુધારણા કરી :

"હે આલિમો ! હે ઝાહિદો ! તમો ક્યાં સુધી બાદશાહો તથા હાકિમોના માટે નિફાક વર્તતા રહેશો કે જેથી તમો એમનાથી દુનિયાનો માલો ઝર (સંપત્તિ), વાસનાઓ તથા લિજ્જત હાંસલ કરતા રહો. તમો તથા મોટાભાગના સમયના રાજાઓ અલ્લાહના માલ તથા તેના બંદાઓના સંબંધે જાલિમ તથા ખયાનત કરનારા બનો.

હે અલ્લાહ ! મુનાફિકોની શૌકત (શાનો શૌકત) તોડી નાખ ! અને તેમને બેઈજ્જત કર ! તેમને તૌબાની તૌફીક આપ અને જાલિમોના કિલ્લાને ધ્વસ્ત કરી દે. જમીનને એમનાથી પાક કરી દે અથવા તેમની સુધારણા કર. આમીન. *(ગુન્યતુત્તાલિબીન, પ્રસ્તાવના, પેજ–૨૧)*

## ★ સમયના રાજાઓ (સત્તાધારીઓ)ની સુધારણાનો તરીકો ★

સત્તા તથા હુકૂમતની લાલચ તથા હવસ અગણિત નુકસાનો તથા ગુનાહોની સાથોસાથ જુલ્મો સિતમ તથા ક્રૂરતાપણુ પણ લાવે છે. જ્યારે કે ઉમરાવો તથા સુલ્તાનો (જેમ કે હાલના રાજકર્તાઓ) જ્યારે સત્તાની હવસના શિકાર બને છે તો તેના માટે જુલ્મો સિતમની સર્વ હદો તોડીને પોતાની નિષ્ફળ મંઝિલ સુધી પહોંચવું તેમની દષ્ટિમાં અયન ઈન્સાફ બની જાય છે. જેમ કે હુઝૂર ગૌષપાક رضی اللہ عنہના યુગમાં પણ એવા સુલ્તાનો તથા ખલીફાઓ મૌજૂદ હતા જેમના જુલ્મ તથા બરબરીયતના હાથો વડે મિલ્લત તમાચા ખાય રહી હતી અને તેમના બળ તથા દબાણનો નિશાનો બનેલી હતી. પણ આપ કોઈની શાનો શૌકત, ઠાઠ તથા દબદબો કે રૂઆબ તથા સત્તાથી કદી પ્રભાવિત ન થયા, અને બેખૌફ તથા નીડરતાથી એવા જાલિમ સત્તાધારીઓને જુલ્મો સિતમથી રોકયા અને તેમની ઈસ્લાહ (સુધારણા) કરી. આ બારામાં અલ્લામા શતનૂફી رحمۃ اللہ علیہએ વિવિધ બનાવો વર્ણવ્યા છે. અહીં એક બનાવ જે ઘણો જ બોધદાયક છે તે વર્ણવીએ છીએ.

આપ ફર્માવે છે કે : ગૌષપાક رضی اللہ عنہની ખિદમતમાં બાદશાહ મુસ્તંજિદ બિલ્લાહ અબુલ મુઝફ્ફર યૂસુફ હાજર થયો. તેણે આપને સલામ કરી અને નસીહત ચાહી. આપની સામે દસ થેલીઓ મૂકી દીધી જેમને દસ ગુલામોએ ઊંચકી રાખી હતી. આપે ફર્માવ્યું, મને એની હાજત નથી, અને સ્વીકારવાની ના પાડી દીધી. તેણે ઘણી આજીજી કરી ત્યારે આપે

એક થેલીને પોતાના જમણા હાથમાં પકડી અને બીજી ડાબા હાથમાં, અને બંનેવને હાથ વડે નીચોવી તો લોહી બનીને વહી ગઈ. આપે ફર્માવ્યું, હે અબુલ મુઝફ્ફર ! શું તમે ખુદાથી નથી ડરતા કે લોકોનું લોહી પીઓ છો અને મારી સામે લાવો છો ?! તે બેહોશ થઈ ગયો. *(બેહજતુલ અસ્રાર ઉર્દૂ, પેજ–૧૮૭)*

એકવાર સમયનો બાદશાહ ખલીફા અલ્મુક્તદ઼ા લિ અમ્રિલ્લાહે કાઝી અબુલ વફા યહ્યા બિન સઈદ બિન યહ્યા બિન મઝફ્ફરને બગદાદનો કાઝી નિયુક્ત કરી દીધો. એ શખ્સ પોતાના જાલિમપણા તથા સિતમખોરીના કારણે ઈબ્નુલ ઝહ્‌મિલ ઝાલિમના લકબથી ઓળખવામાં આવતો હતો. લોકોએ હઝરત ગૌષપાક رضی اللہ عنہને ખલીફાની અવામ દુશ્મનીની શિકાયત કરી તો આપે જાહેરમાં મિમ્બર પરથી ખલીફાને જે આપની મજલિસમાં મૌજૂદ હતો તેને એ રીતે ઝાટકયો કે તમે મુસલમાનો પર એક એવા શખ્સને હાકિમ બનાવી દીધો છે જે અઝલુમુઝ્ ઝાલિમીન છે ! કાલે ક઼યામતના દિવસે તે રબ્બુલ આલમીનને જે અર્હ઼મુર્રાહિ઼મીન છે તેને શું જવાબ આપશો ? આ સાંભળીને ખલીફા કાંપી ઉઠયો અને તેના પર ખુદાના ખૌફથી ધ્રુજારી છવાય ગઈ અને તે જ ઘડીએ મઝકૂર કાઝીને કઝાના (ન્યાયાધીશ)ના હોદ્દાથી હટાવી કાઢયો. *(ગુન્યતુત્તાલિબીન, પેજ–૧૬)* (વર્તમાનકાળમાં પણ આવું જ થઈ રહ્યું છે પણ આજે જાલિમોનો હાથ પકડનાર કોણ ?! એમને તો રબ તઆલા જ જોશે.) જાલિમોને ક઼યામતની ભયાનકતાઓ બતાવીને તેમને જુલ્મથી દૂર રહેવા માટે એક આમ બયાનમાં ઈર્શાદ (આદેશ) ફર્માવે છે :

**"હે કૌમ !** ક઼યામતના દિવસે દિલ તથા આંખો ઉલટ પુલટ થઈ જશે. તે દિવસે ક઼દમ લગઝિશમાં આવી જશે. મુસલમાનોમાંથી દરેક પોતાના ઈમાન તથા તક઼વાના ક઼દમો પર ઉભેલો હશે. અડગતા ઈમાનના અંદાઝના પ્રમાણે હશે. તે દિવસે જાલિમ પોતાના હાથોને બચકાં ભરી ભરીને ખાશે કે શા માટે અને કેવી રીતે જુલ્મ કર્યો હતો ?!"

*(ઈર્શાદાતે ગૌષે આ'ઝમ, પેજ–૧૯૮)*

## ★ બગદાદવાસીઓને દિલ હલાવી દેનારી નસીહત ★

બગદાદ શરીફ જે ક્યારેક ઈલ્મો ફન (વિદ્યાઓ) તથા અઝમત અને વક઼ારનો બુલંદ મીનારો હતો. છઠ્ઠી સદીમાં તેની અઝમતનો ઉચ્ચ મીનારો પણ જમીન બોસ થઈ ચૂક્યો હતો. તહારત તથા પાકીઝગી અને શરાફત તથા પરહેઝગારીના બદલે ફિસ્કો ફુજૂર, ગુનાખોરી તથા નાફર્માની, અય્યાશી તથા હફફાશી (બિભત્સપણુ, તથા નિર્લજ્જતા) અને બદકારી આમ થઈ ચૂકી હતી. સારાંશ કે બગદાદનું પૂરું સામાજિક બંધારણ તબાહીના ભંવરમાં ફસાઈ ચૂક્યું હતું. હુઝૂર સૈયદના ગૌષે આ'ઝમ رضی اللہ عنہએ બગદાદવાસીઓની એશો આરામમાં ડૂબેલી જિંદગીને તબાહી તથા બર્બાદીના તોફાનથી કાઢીને મંઝિલે મક઼સૂદ સુધી પહોંચાડવા માટે દરેક શક્ય તરીક઼ાથી તેમની ઈસ્લાહની જિદ્દો જેહદ (કોશિશ) કરી. જેમ કે ખાસ કરીને બગદાદવાસીઓને સંબોધિત કરતાં ફર્માવ્યું :

**"હે બગદાદવાસીઓ !** તમારામાં નિફાક઼ વધુ અને ઈખ્લાસ ઓછો થઈ ગયો છે. અમલ વગરની વાતો વધી ગઈ છે, અને અમલના વિનાની વાતો કાંઈ કામની નથી. તમારા અમલોનો મોટો હિસ્સો "રૂહ વિનાનુ શરીર" છે, કેમ કે રૂહ "ઈખ્લાસ" તથા "તૌહીદ" અને "સુન્નતે રસૂલ" પર ક઼ાયમી છે. ગફલત ન કરો ! તમારી હાલતને બદલો કે જેથી તમને માર્ગ મળે. જાણી જાવ હે સૂનારાઓ ! હે ગફલતમાં પડેલાઓ ! જાગૃત થઈ જાવ ! હે સૂનારાઓ જાગી જાવ ! *(ગુન્યતુત્તાલિબીન, પ્રસ્તાવના, પેજ–૩૧)*

એક મેહફિલ પાકમાં ઈરાક઼વાસીઓને આપે આ પ્રમાણે સંબોધન કર્યું :–

**હે ઈરાકીઓ !** તમે ઈલ્મ તથા બુધ્ધિવાન હોવાના દાવેદાર છો, જ્યારે કે તમારા પર એ બાબત છુપી છે કે સાચુ કોણ છે અને જૂઠુ કોણ ?! હક્ક પર કોણ છે અને બાતિલ પર કોણ ? તમને હક્ક તથા બાતિલમાં તમીઝ નથી. તમારા જૂઠાડવાનું નુકસાન તમારા પર જ પલટવાનું છે અને મને એની પરવા નથી. ખુદાનો ચાહનાર, તેની જન્નતને ચાહનાર તેની દોઝખથી ભયભીત નથી થતો, બલ્કે તે તો કેવળ તેની જ જાતને ચાહે છે અને તેની દૂરીથી ડરે છે. તું તો શૈતાન, નફ્સ તથા વાસનાઓનો કેદી (ગુલામ) બનેલો છે, અને તું કાંઈ નથી ધરાવતો. તારું દિલ કૈદ થયેલું છે અને તને કાંઈ ખબર નથી !

*(ઈર્શાદાતે ગૌષે આ'ઝમ, પેજ–૨૮૧)*

## ★ કૌમના નવયુવાનોના નામે ગૌષપાકનો ઈસ્લાહી પૈગામ ! ★

જુવાનીના કાળને દીવાનગી સાથે સરખાવવામાં આવેલ છે. માણસ એ મંઝિલ પર આવીને મજાઓ તથા વાસનાઓની તરફ અધિક આકર્ષિત થઈ જાય છે, અને ફિસ્કો ફુજૂર, ગુનાહિત કામોનો ચાહનારો બની જાય છે. સરકાર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ નવજવાનોના કિરદાર તથા અમલની સુધારણાને લક્ષમાં રાખીને ખાસ કરીને તેમને જ સંબોધીને આદેશ આપે છે:

**"હે નવયુવાનો !** તમે તૌબા કરો ! શું તમો અલ્લાહ તઆલાને નથી જોતા કે તે બલાથી તમારી આઝમાઈશ કરે છે ?! કે જથી તમો તૌબા કરી લો ! તમને સમજ નથી આવતી, અને તેના ગુનાહો પર ચાલુ જ રહો છો. આ જમાનામાં સિવાય ઈક્કા દુક્કા (એકાદ એકાદ) ખાસ માણસોના, જેની પણ આઝમાઈશ બલાથી થઈ રહી છે, તેના માટે આજમાઈશ અઝાબ છે ન કે નેઅમત. ગુનાહોની સજા છે ન કે દરજ્જાઓ તથા કરામતો (કમાલો)માં વધારો. *(ઈર્શાદાતે ગૌષે આ'ઝમ, પેજ–૨૬૦)*

**હે કૌમ !** તમે બારગાહે ખુદાવંદીમાં પોતાના નફસો (જીવો)ને પેશ કરવામાં અને તેની જાંચ પડતાલ (તપાસ)માં મોડુ ન કરો. આ બારામાં તમારા નફસો પર આખેરત પહેલાં દુનિયામાં જ જલ્દી કરી લો. ઈર્શાદે નબવી છે : "અલ્લાહ તઆલા પોતાના નેક બંદાઓ પર જેમણે દુનિયામાં પરહેઝગારી કરી છે, હિસાબ કરવામાં શરમાશે, હિસાબ ન લેશે."

જેથી તકવો (ડર) અપનાવ નહીં તો કાલે તારા ગળામાં બેઈજ્જતીની રસ્સી હશે ! તું તારા દુનિયામાંના જીવનમાં તકવો કર ! તકવો (ખુદાથી ડર) નહીં અપનાવે તો તારી મનેચ્છાઓ દુનિયા તથા આખેરતમાં સરાપા હસ્રતો (અફસોસનો સામાન) બની જશે. *(ઈર્શાદાતે ગૌષે આ'ઝમ, પેજ–૨૫૨)*

આપના આ ઈસ્લાહી વઅઝો તથા હિકમતભર્યા ખુત્બાઓની એ અસર થઈ કે બગદાદ જે એશ તથા મનોરંજનનો અખાડો બની ગયું હતું અને રંડીબાજી નાચગાનનું ઠેકાણુ બની ગયું હતું. જ્યાંના નવયુવાન રઈસઝાદા અને શરીફો, આદાબ તથા શરાફત તથા સયાદત ભૂલાવી ચૂક્યા હતા, તેઓ ખૂબ જ જલ્દી રાહે રાસ્ત (સીધા માર્ગ) પર આવી ગયા. સરમસ્તીઓ (આનંદ પ્રમોદની મેહફિલો) મંદ પડી ગઈ. હજારો લોકોએ આપના દસ્તે હક્ક પરસ્ત પર તૌબા કરી. **કેવળ મુસલમાનોએ જ તૌબા નથી કરી બલ્કે સેંકડો યહૂદીઓ તથા ઈસાઈઓએ ઈસ્લામ સ્વીકારી લીધો.** જેમ કે ઈતિહાસકારોની એના પર એકમતિ છે કે બગદાદની આબાદીના મોટા હિસ્સાએ હઝરત ગૌષપાક رضی اللہ عنہના હાથ પર તૌબા કરી અને ખૂબ જ અધિક પ્રમાણમાં યહૂદી તથા ઈસાઈ તથા ઝિમ્મીઓ મુસલમાન થઈ ગયા.

*(અખ્બારુલ અખ્યાર મુતર્જિમ, પેજ–૩૮,*
*બ હવાલા અહલે સુન્નતકી આવાઝ, ઈ.સ. ૨૦૦૭,*
*ખાનકાહે બરકાતિયહ, મારહરા શરીફ)*

کتاب (કુર્આન) તથા સુન્નત (હદીષ)ની રોશનીમાં

# કોરોના વાઈરસથી મૃત્યુ પામેલાની

## નમાઝે જનાઝા તથા ગુસલનો હુકમ

**અઝ** : મુહક્કિકે મસાઈલે જદીદા

**હઝરત મુફ્તી મુહમ્મદનિઝામુદ્દીન રઝવી**

*(પ્રિન્સિપાલ વ સદર મુફ્તી : અલ્ જામિઅતુલ્ અશ્રફિયા–મુબારકપુર)*

**અનુવાદક : હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી**

*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

**સવાલ** : આ એક અગત્યનો મસ્અલો છે કે જો કોરોના વારઈસથી કોઈક મૃત્યુ પામે તો તેની બોડી (લાશ)ને ઘરવાળાઓને આપવામાં આવતી નથી, અને ન તો તેને ગુસલ આપવાની ઈજાઝત હોય છે. બોડી ત્રણ પ્લાસ્ટીકના પડોમાં પેક કરીને આપવામાં આવે છે, તેને જોઈ પણ નથી શક્તા, અડકી પણ નથી શક્તા, કોઈપણ રીતે તેને હાથ પણ નથી લગાડી શક્તા તો હવે સવાલ એ છે કે :–

**૦૧.** ખુદાના ખ્વાસ્તા જો કોઈ મુસલમાન આવી પરિસ્થિતિમાં આવી ,ડે તો તેના ઘરવાળા કઈ રીતે મૈયતને ગુસલ આપશે ?! **૦૨.** શું નમાઝે જનાઝા પઢયા વિના તેવા મૈયતને દફન કરી શકાય છે ? તેવા મૈયતના ગુસલ, કફન, દફન તથા નમાઝે જનાઝાની શું પદ્ધતિ (રીત) હશે ? વિસ્તૃત માર્ગદર્શન આપશો

**:: સવાલ કર્તા ::**

**ઈશ્તિયાક઼ અહમદ ઐયૂબી**

ગલી નં ૫, સર સંપદ રોડ, બટલા હાઉસ, જામિયા નગર, ઓખલા, નવી દિલ્હી

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**:: ટૂંકમાં જવાબ ::**

**૦૧.** પ્લાસ્ટીકમાં પેક કરેલ બોડીના મોટાભાગના હિસ્સા ઉપર ભીના હાથ વડે મસહ (મસો) કરી આપવામાં આવે. આમ કરવું ગુસલ આપ્યાની જગ્યાએ ગણાશે (ગુસલના ક઼ાઈમ મક઼ામ ગણાશે). ત્યાર બાદ નમાઝે જનાઝા પઢીને દફન કરી દેવામાં આવે. (વલ્લાહુ તઆલા અઅ્લમ)

**૦૨.** જો પેકીંગ કરેલ બોડી ઉપર મસહ કરવાની પણ ઈજાઝત ન મળે તો સબ્રથી કામ લે અને મસહ કર્યા (ભીનો હાથ ફેરવ્યા) વિના જ નમાઝે જનાઝા પઢીને દફન કરી દેવામાં (ઈન્શા અલ્લાહ !) નમાઝે જનાઝા સહીહ થઈ જશે. (વલ્લાહુ તઆલા અઅ્લમ)

**વિસ્તૃત જવાબ** : જાણવા મળ્યું છે કે વ્યક્તિના મૃત્યુ થયા બાદ પણ કોરોના વાઈરસ શરીરના ઉપરના ભાગમાં રહે છે અને જીવંત રહે છે અને આસપાસવાળાઓના શરીરમાં પ્રવેશ કરી શકે છે. એટલા માટે ડૉક્ટરો તેને કેટલાયે પ્લાસ્ટિકના પડોમાં લપેટીને સારી રીતે પેક કરી આપે છે. ત્યાર બાદ ગુસલ વગરે માટે ખોલવાની ઈજાઝત પણ નથી હોતી. અને જે કામની તિબ્બી (મેડિકલ) ક્ષેત્રે મનાઈ હોય છે તેની શરીઅતની દષ્ટિએ પણ મનાઈ હોય છે અને આ મનાઈ, નુકસાનના ઓછા વત્તાના આધારે ક્યારેક મકરૂહ તો ક્યારેક હરામ હોય છે.

હદીષ શરીફમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "ન પોતાને નુકસાન પહોંચાડો, ન બીજાઓને નુકસાન પહોંચાડો." ઈસ્લામી ફિક્હનો નિયમ છે, "નુકસાન દૂર કરવામાં આવે."

'કોરોના વારઈસ'થી વફાત પામેલ વ્યક્તિના

શરીરથી પ્લાસ્ટીક હટાવવામાં આવે તો તેના વાઈરસ પાણીના છાંટા દ્વારા પ્રથમ ગુસલ આપનારને લાગે છે ત્યાર બાદ તેમના થકી બીજાઓને લાગી જશે. આ રીતે અહીંયાં તિબ્બી (મેડિકલ) દૃષ્ટિએ "ઝરર" (પોતાને નુકસાનમાં નાખવા)ની પણ આશંકા છે અને "ઝિરાર" (બીજાને તકલીફ, નુકસાન પહોંચાડવા)નો પણ અંદેશો છે, જેની શરીઅતની દૃષ્ટિએ મનાઈ છે. એટલા માટે મૈયતને તેની (પેકિંગ કરેલ) સ્થિતિમાં રહેવા દેવામાં આવે અને તેના વિશે ડૉકટરો જે સૂચનો આપે છે તેના વિરુદ્ધ ન કરવામાં આવે.

કોરોના વાઈરસ એક આસ્માની બલા છે જેના સંક્રમણ તથા ભયાનક્તાથી લગભગ આખી દુનિયા ભયભીત છે. અત્યાર સુધી ૩૦ (ત્રીસ) લાખથી અધિક લોકો વબા (બીમારી)થી સંક્રમિત થઈને તકલીફો વેઠી રહ્યા છે. અને લગભગ બે લાખથી અધિક લોકો મૃત્યુ પામી ચૂક્યા છે. આજે આધુનિક પદ્ધતિ દ્વારા થતી સારવારનો યુગ હોવા છતાં ચાર પાંચ મહીનાથી પણ ડૉકટરો બેબસ (લાચાર) છે. કોઈ ચોક્કસ તથા ફાયદાકારક ઈલાજ અત્યાર સુધી નથી શોધી શક્યા. એટલા માટે કમસે કમ સાવચેતીના સૂચનો બતાવી રહ્યા છે, તેનું અમલીકરણ થવું જ જોઈએ. તેઓનું પ્લાસ્ટીકનું પેકિંગ ખોલવા તથા મૈયતને ગુસલ આપવાથી રોકવું આ આસમાની આફતથી માનવજાતને બચાવવા માટે છે. હવે અહીયા ત્રણ વાતો અગત્યની છે :–

**(૧)** આસ્માની આફત એટલે કે કોરોના વારઈસના સંક્રમણ તથા ફેલાવાનો ખોફનાક અંદેશો.

**(૨)** પેકીંગ ખોલવાથી તથા મૈયતને ગુસલ આપવાથી ડૉકટરોનું રોકવું.

**(૩)** સૂચનનોનું પાલન ન કરવાની સ્થિતિમાં પેકીંગ કરેલ બોડી પણ નહીં મળે અને ત્યાર બાદ તેઓ પોતાના રીતે દફનવિધિ વગેરેની કોઈપણ રીત અપનાવી શકે છે.

જેથી આપણે મૈયતના ગુસલ, કફન, દફન તથા નમાઝે જનાઝા આ ચારેવ પ્રક્રિયાથી મેહરૂમ થઈ જઈશું. એટલા માટે ભલાઈ તથા ગનીમત એ જ છે કે કમસે કમ પેકીંગ કરેલ બોડી મળી જાય જેથી નમાઝે જનાઝા પઢીને સુન્નત તરીક઼ા પર મુસ્લિમ ક઼બ્રસ્તાનમાં દફન કરી આપણી જવાબદારીથી મુક્ત થઈ શકીએ.

ઈન્સાન તેનો જ બંધાયેલો છે જે તેના વશમાં હોય, તેનાથી અધિક કરવા બાબતે તે અલ્લાહની બારગાહમાં જવાબદાર નથી. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

لَا يُكَلِّفُ اللّٰهُ نَفْسًا اِلَّا وُسْعَهَا "અલ્લાહ તઆલા કોઈને તેની શક્તિ મુજબ જ જિમ્મેદાર ઠરાવે છે."

*(સૂરએ બક઼રહ, ૨/૨૮૬)*

હવે આપણે એ જોવાનું રહ્યું કે આપણી શક્તિ તથા આપણા વશમાં શું છે ?

**(અ)** કોરોના વારઈસથી સંક્રમિત થઈ જાય તો તેનો ઈલાજ જ આપણા વશમાં નથી. આજે આખી દુનિયા બલ્કે સુપર પાવર કહેવાતા દેશો પણ તેના હુમ્લાઓ સામે આજિઝ તથા લાચાર છે.

**(બ)** પ્લાસ્ટીકનું પેકિંગ ખોલવું આપણા વશમાં નથી, કેમ કે તે કાનૂની અપરાધ છે. અને આમ કરવાથી આપણે પોતાની મૈયતની દફનવિધિથી પણ મેહરૂમ થઈ શકીએ છીએ.

**(ક)** મૈયતના બદન (શરીર)નું પાક હોવું નમાઝે જનાઝાના સહીહ હોવા માટે શરત છે જેથી તેને ગુસલ આપવું ફર્ઝે કિફાયા છે. પરંતુ જો મૈયત ત્રણ પ્રકારના પ્લાસ્ટીકમાં પેક કરીને આપવામાં આવી હોય અને તેને ખોલવા પર પાબંદી લગાડી દેવામાં આવી હોય તો એવી મૈયતને ગુસલ

આપવું આપણા વશથી બહાર છે જેથી આપણો એ ફરીઝાની અદાયગીથી આજિઝ છીએ.

**(ક)** કિતાબ તથા સુન્નતમાં ગુસલનો બદલ (નાયબ) તયમ્મુમને બતાવવામાં આવ્યું છે. પરંતુ આપણે અહીંયાં મૈયતના ચહેરા તથા હાથોને અડકી શક્તા નથી. મૈયતના અંગો ઉપર પણ આપણે હાથ તયમ્મુમથી ફેરવી નથી શક્તા, કેમ કે પ્લાસ્ટીકનું પેકીંગ ખોલ્યા વિના એ શક્ય નથી. તે કાર્ય (હાથ ફેરવવાનું) આપણા વશની બહાર છે, તયમ્મુમ ઈન્સાની અંગો ચહેરો તથા બંનેવ હાથો ઉપર ખાસ તરીક઼ાથી હાથ ફેરવવાનું નામ છે. તયમ્મુમ્ કોઈ પટ્ટી ઉપર નથી હોતું. પટ્ટી ઉપર મસહ (હાથ ફેરવવું) હક઼ીક઼તમાં "ગસલ" ધોવાની જગ્યાએ (બદલામાં) હોય છે. પોતે મસહ કોઈ મસહનો નાયબ (બદલામાં) નથી હોતો. અને પ્લાસ્ટીકનું પેકિંગ આખા શરીરની પટ્ટીના જ હુકમમાં છે, માટે તેના ઉપર તયમ્મુમ નથી કરી શક્તા. "જદ્દુલ્ મુમ્તાર"માં છે : "તયમ્મુમ નામ છે મસહ (હાથ ફેરવવા)નું. અને તે (તયમ્મુમ) વુઝૂમાં ઝખ્મી અંગો ઉપર મસહ કરવાની જગ્યાએ (બદલામાં) નથી થઈ શકતું. આ મસહ તો ધોવાના બદલામાં છે અને માથા ઉપર મસહ હોય છે. જેથી માથુ ઝખ્મી હોય તો તેના ઉપર મસહના બદલામાં તયમ્મુમ નહીં થાય." *(જદ્દુલ મુમ્તાર, ૨/૨૯૭, બાબુત્તયમ્મુમ)*

**બે ફિક઼્હી મસ્અલાઓની સમજૂતી :** ફિક઼્હની કિતાબોમાં બે મસ્અલા એવા જોવા મળે છે જેનાથી અહીંયાં એ ખ્યાલ આવી શકે છે કે પ્લાસ્ટીકમાં પેક કરેલ મૈયતને પણ તયમ્મુમ કરાવવું જોઈએ. બહારે શરીઅતમાં આ મસ્અલાઓને આ શબ્દોમાં રજૂ કરવામાં આવ્યા છે :–

**૦૧.** ઔરતનું મૃત્યુ થઈ ગયું અને ત્યાં કોઈ ઔરત નથી જે ગુસલ આપે, તો તયમ્મુમ આપવામાં આવે. તયમ્મુમ કરાવનાર જો મેહરમ હોય તો હાથ વડે તયમ્મુમ કરાવે અને જો અજનબી (ગૈર મેહરમ) હોય તો હાથ ઉપર કપડુ લપેટીને જમીન ઉપર હાથ મારે (અને તયમ્મુમ કરાવે).

*(દુર્રે મુખ્તાર, આલમગીરી વગેરે)*

**૦૨.** મર્દ (પુરૂષ)નું મૃત્યુ થયું અને ત્યાં કોઈ અન્ય મર્દ નથી અને તેની બીવી (પત્ની) પણ નથી તો જે ઔરત ત્યાં હોય (ઉપસ્થિત હોય) તે તેને તયમ્મુમ કરાવે. અને જો ઔરત મેહરમ હોય તો તયમ્મુમમાં હાથ ઉપર કપડું લપેટવાની જરૂરત નથી અને અજનબી (ગૈર મેહરમ) હોય તો કપડું લપેટીને તયમ્મુમ કરાવે.

*(આલમગીરી, બહારે શરીઅત, ૪/૮૧૩)*

બંનેવ મસ્અલાઓમાં હાથ ઉપર કપડુ લપેટીને તયમ્મુમ કરાવવાનો હુકમ આપવામાં આવ્યો છે. જેથી માલૂમ પડે છે કે મૈયત અને તયમ્મુમ કરાવાનાર વ્યક્તિના દરમિયાન કપડુ વગેરે વચ્ચે હોય તો કોઈ ફરક નથી પડતો જેથી મૈયતના અંગો ઉપર પ્લાસ્ટીક લપેટવામાં આવી હોય તો પણ તયમ્મુમ કરાવવાથી તયમ્મુમ સહીહ થઈ જશે.

આ વિષયમાં અર્ઝ છે કે :–

**૦૧.** તયમ્મુમમાં ક઼યાસ સહીહ નથી (યોગ્ય નથી). કેમ કે તયમ્મુમની ઈજાઝત ખિલાફે ક઼યાસ (ક઼યાસ, અક્કલ વિરુદ્ધ) નસ્સે કતઈ (ઠોસ પુરાવા એટલે કે કુર્આને પાક)થી સાબિત છે અને જે હુકમ નસ્સ (ઠોસ પૂરાવા)ની કયાસ વિરુદ્ધ સાબિત હોય તે નસ્સ (કુર્આની દલીલ)ની ભાવાર્થ સુધી જ સીમિત હોય છે (તેનાથી બીજી અન્ય વસ્તુઓમાં તે હુકમ સાબિત ન કરી

શકાય). તે (કુર્આન) નસ્સ આ છે :–

فَتَيَمَّمُوْا صَعِيْدًا طَيِّبًا فَامْسَحُوْا بِوُجُوْهِكُمْ وَ اَيْدِيْكُمْ مِّنْهُ

"પાક માટીથી તયમ્મુમ કરો તો પોતાના મોઢા અને હાથોનો તેનાથી (માટીથી) મસહ કરો."

*(સૂરએ માઈદહ્, આ. ૬)*

પ્લાસ્ટીક ઉપર મસહ મોઢા અને હાથો ઉપર મસહ નથી જેથી તયમ્મુમ નહીં થશે, અને મારી દષ્ટિએ શરીઅતમાં આવા તયમ્મુમનું કોઈ ઉદાહરણ નથી.

આ આયતે કરીમામાં તયમ્મુમમાં માટે બે વાતોનું વર્ણન કરવામાં આવ્યું છે. એક صعيد طيب (પાક માટી)નું અને બીજુ, મોઢા અને હાથો ઉપર મસહ કરવો. અને પ્લાસ્ટીક ઉપર મસહ કરાવવામાં પ્રથમ વાત તો ઉપસ્થિત રહેશે, પરંતુ બીજી વાત અહીંયા બિલ્કુલ ગાયબ રહેશે.

તયમ્મુમનો અર્થ છે, "ઈરાદો, અને પાક માટી ઉપર હાથ મારવો." صعيد طيب (પાક માટી)નો ઈરાદો છે. તયમ્મુમ કરનાર તથા કરાવનાર હાથ ઉપર મોજા વગેરે હોય તો પણ "ક઼સદે સઈદ" (પાક માટીનો ઈરાદો) પામી લેવામાં આવશે અને કુર્આની નસ્સથી એ જ જરૂરી છે. જેથી મજબૂરીની સ્થિતિમાં હાથ ઉપર કપડુ લપેટલવું અથવા મોજા પહેરવાની ઈજાઝત (પ્રાપ્ત) થઈ. પરંતુ ચેહરા અને હાથ ઉપર પ્લાસ્ટીક લપેટેલું હોય તો તેના ઉપર મસ્હો, ચેહરા અને હાથ ઉપર મસ્હો નથી. અહીંયાં (બીજી વાત) "ચેહરા અને હાથનો મસ્હો" પામવામાં નહીં આવે. એટલા માટે પ્લાસ્ટીક ઉપર મસ્હો કરવાથી તયમ્મુમ સહીહ નહીં થાય.

તો એક તો આ મસ્અલો ક઼યાસી (ક઼યાસથી સાબિત થાય) તેમ નથી. બીજું કે મક઼ીસ (જે મસ્અલાને ક઼યાસ કરવામાં આવે એટલે કે અહીંયાં પ્લાસ્ટીકમાં એક પેક કરેલ મૈયતનો મસ્અલો) અને મક઼ીસ અલૈહ (જે મસ્અલા ઉપર ક઼યાસ કરવામાં આવે જેમ કે અહીંયાં તયમ્મુમનો મસ્અલો) દરમિયાન ફરક છે. એક સમાન તથા બરાબર નથી. જેમ કે ઉપર સ્પષ્ટ થઈ ગયું. ત્રીજું કે આપણા જેવાને ક઼યાસની ઈજાઝત નથી. ફિક઼્હી સમજની સાથે નકલ કરેલ હુકમોથી ફાયદો ઉઠાવવો અલગ વાત છે અને ક઼યાસ અલગ છે.

૦૨. આ સિવાય તયમ્મુમ્ માટે ફર્ઝ છે આખા (સંપૂર્ણ) મોઢા ઉપર અને બંનેવ હાથો ઉપર એ રીતે હાથ ફેરવવામાં આવે કે થોડીક પણ જગ્યા બાકી ન રહી જાય, જો બાલ બરાબર પણ જગ્યા રહી જાય તો તયમ્મુમ થશે નહીં. દુર્રે મુખ્તાર તથા હિંદીયા વગેરેમાં આવી સ્પષ્ટતા છે. અને ચોખ્ખી વાત છે કે પ્લાસ્ટીકમાં પેક મૈયતને આવું તયમ્મુમ કરાવવું શક્ય નથી. ટૂંકમાં અહીંયાં આયતે કરીમા فَامْسَحُوْا بِوُجُوْهِكُمْ وَ اَيْدِيْكُمْ ("તમારા ચેહરાઓ તથા હાથોનો તેનાથી મસહ કરો." –સૂરએ *નિસાઅ્, ૪/૪૩*) ઉપર અમલ કોઈપણ રીતે શક્ય નથી.

આ પ્રમાણે જોવા જઈએ તો આપણે મૈયતના ગુસલથી પણ આજિઝ છીએ. અને ગુસલના બદલામાં તયમ્મુમથી પણ આજિઝ છીએ. શરીઅતમાં તહારત (પાકી હાંસલ કરવા)ના આ બે જ તરીક઼ા પ્રસિદ્ધ છે અને બંનેવ આપણા વશની બહાર છે, જેથી આજની પરિસ્થિતિમાં 'કોરોના વારઈસ'થી વફાત પામનાર મુસલમાનને ગુસલ આપવું પણ આપણા માટે ફર્ઝ ન રહ્યું, તયમ્મુમ કરાવવું પણ ફર્ઝ ન રહ્યું, તો હવે શું કરીએ ?!

### ★ ગુસલ આપવાની અંતિમ અને સંભવિત રાહ (માર્ગ) ★

હવે મૈયતને ગુસલ આપવા તથા તેની તહારતનો છેલ્લો રસ્તો એ છે કે પ્લાસ્ટીકના ઉપરથી જ ભીનો

હાથ ફેરવી આપવામાં આવે. કેમ કે જે અંગોને ધોવામાં આવે છે તેના ઉપર પાણી વહાવવાથી આજિઝી તથા મજબૂરીની સ્થિતિમાં હુકમ એ છે કે પટ્ટી બાંધવી મુમ્કિન (સંભવ) હોય તો પટ્ટી બાંધીને તેના ઉપર ભીના હાથ વડે મસ્હો કરી દે. આ મસ્હા ધોયા તથા પાણી વહાવવાના બદલામાં થઈ જશે.

ફિક્હની કિતાબોમાં તેના વિશેના મસાઈલ ''મોજાઓ ઉપર મસહ તથા તયમ્મુમના બાબ (પ્રકરણ)માં જોવા મળે છે. અહિંયાં સ્પષ્ટતા તથા તેના સમર્થન માટે અમુક અસ્અલાઓ રજૂ કરવામાં આવે છે : દુર્રે મુખ્તાર તથા રદુલ્ મુહતારમાં છે :–

અર્થાત : જો વધુ પડતા વુઝૂમાં ધોવાતાં અંગો સહી સલામત હોય અને થોડાંક ઝખ્મી હોય તો સહી સલામત અંગોને ધોવે અને ઝખ્મી ભાગ ઉપર ભીનો હોય ફેરવવાથી નુકસાન ન થતું હોય તો મસહ કરે, નહીં તો પટ્ટી બાંધે અને તેના ઉપર મસહ કરે.

*(૧/૧૮, બાબુત્તયમ્મુમ)*

દુર્રે મુખ્તાર તથા રદુલ્ મોહતારમાં તયમ્મુમના પ્રકરણના અંતમાં છે : ''માથામાં તકલીફ હોય તો જનાબતના ગુસલમાં માથા ઉપર પાણી નાખવું ફર્ઝ નહીં રહેશે. હવે જો માથા ઉપર મસહ કરવાથી તકલીફ ન થાય તો મસહ કરે. નહીં તો પટ્ટી બાંધીને તેના ઉપર મસહ કરે. અને જો આમ કરવાથી પણ તકલીફ થાય તો પછી ફર્ઝ સાકિત થઈ જશે અને એમ માનવામાં આવશે કે તે અંગ ન હોવાના હુકમમાં છે. જેમ કે હકીકતમાં તે અંગ ન હોત તો તેને ધોવા તથા તેના ઉપર મસહ ફર્ઝ ન રહેત. *(૧/૧૯૧)*

દુર્રે મુખ્તારમાં ''મોજા ઉપર મસહ''ના પ્રકરણમાં છે : ''ધોવાથી તકલીફ થતી હોય તો તેને છોડી દે અને મસહ કરે. અને જો એ (મસહ) પણ નુકસાન કરે તો તેને પણ છોડી દે અને પટ્ટી ઉપર મસહ કરે અને પટ્ટી ઉપર મસહ કરવા માટે શરત એ છે કે ધોવાની જગ્યા ઉપર મસહ કરવાથી આજિઝ હોય. અને જો તે જગ્યા ઉપર મસહ કરી શકતો હોય તો પટ્ટી ઉપર મસહ ન કરે. આ વિષયમાં નિયમ એ છે કે :–

- ❒ ધોવાની જગ્યાને ધોવું ફર્ઝ છે. ઠંડુ પાણી તકલીફ આપે તો ગરમ પાણીથી ધૂએ.
- ❒ અને જો એ પણ તકલીફ આપે તો મસહ કરે.
- ❒ અને જો તેનાથી પણ તકલીફ થાય તો પટ્ટી ઉપર મસહ કરે.
- ❒ અને જો તે તકલીફદાયક હોય તો ફર્ઝ જ સાકિત થઈ (ઉઠી) જશે.

તેમાં જ છે : ''પટ્ટી તથા પટ્ટીની જેમ અન્ય વસ્તુઓનો હુકમ શરીરને ધોવાની જેમ જ છે. તો આ અમલી ફરજ છે કેમ કે તેનું સુબૂત ઝન્ની દલીલથી છે. આ સહિબૈન ઈમામ અબૂ યૂસુફ તથા ઈમામ મુહમ્મદ رحمۃ اللہ علیہما નો મઝહબ છે. બાદમાં ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ એ પણ રજૂ ફર્માવી તેને જ અપનાવ્યો. (ખુલાસો) તેના મુજબ જ ફત્વો છે.

*(શરહે મજમઅ)*

''ઝન્ની દલીલથી મુરાદ (અર્થાત) હદીષ છે જેને ઈબ્ને માજાએ હઝરત અલી کرم اللہ وجہہ الکریم થી રિવાયત કરી છે કે હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ ફર્માવ્યું કે મારા હાથનું એક કાંડુ તૂટી ગયું તો મેં રસૂલુલ્લાહ ﷺ થી તેના વિશે પૂછયું (કે વુઝૂ તથા ગુસલ માટે શું કરું ?!) તો આપ ﷺ એ મને હુકમ આપ્યો કે પટ્ટી ઉપર મસહ કરી લઉં.

આ હદીષ ઝઈફ છે પરંતુ કેટલાયે (અલગ અલગ) તરીક઼ાઓથી મરવી (રિવાયત થયેલ) હોવાના કારણે ક઼વી છે. અને દલીલ માટે આ સહીહ હદીષ

કાફી છે કે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ પટ્ટી ઉપર મસહ કર્યો. આ અષર (સહાબીનું કાર્ય) મરફૂઅ્ હદીષના હુકમમાં છે. કેમ કે શરઈ અહકામના બદલરૂપ અહકામો રાય તથા કયાસથી સાબિતથી નથી કરવામાં આવતા. *(બહરુર્રાઈક઼)*

ઉપરોક્ત મસ્અલાઓ તથા પુરાવાઓથી એ સ્પષ્ટ થાય છે કે;

**(અ)** ધોવાની જગાએ પાણી વહાવવું નુકસાનકારક હોય તો મસહ કરે.

**(બ)** મસહ પણ નુકસાનકારક હોય તો તેના ઉપર પટ્ટી અથવા તેના જેવી વસ્તુ બાંધે અને તેના ઉપર મસહ કરે.

**(ક)** અને જો તે પણ ન કરી શક્તા હોય તો ફર્ઝ સાકિત (ઉઠી જાય) છે.

**(દ)** પટ્ટી અથવા પટ્ટીની જેમ વસ્તુ ઉપર મસહ કરવો તેને ધોવાના હુકમમાં છે.

**(ડ)** પટ્ટી ઉપર મસહ ન કરી શકવાની સ્થિતિમાં તે અંગ ન હોવાના હુકમમાં છે જેથી ધોવું સાકિત થઈ જશે.

આ આપણા ત્રણેવ ઈમામોનો મઝહબ છે જે હદીષોથી સાબિત છે.

ઉપરોક્ત વર્ણનના સંદર્ભમાં "કોરોના મૈયત"ના મસ્અલામાં વિચારણા કરો, આપણા દેશ હિંદુસ્તાનમાં તેના ગુસલ તથા તયમ્મુમથી બેબેસી (આજિઝ હોવું) સાબિત છે. એ જ પ્રમાણે તેના શરીર ઉપર મસહ કરવાથી પણ આજિઝ હોવું સાબિત છે, નહીં તો કોરોના લાગી શકે છે, ફેલાય શકે છે. હા ! મૈયતને ડૉકટરો પ્લાસ્ટિકમાં સારી રીતે પેક કરી આપે છે તો તે તેના માટે પટ્ટીની સમાન છે જેથી તેના ઉપર મસહ કરવાથી પણ ધોવાનો ફર્ઝ અદા થઈ જશે. અહીંયાં એ વિચાર આવી શકે છે કે પટ્ટી તથા પટ્ટી સમાન વસ્તુના મસાઈલ અલગ અલગ અંગોથી સંબંધિત છે, આખા શરીરથી નહીં. તો પછી અમુક અંગોનો હુકમ આખા શરીર ઉપર કઈ રીતે લાગુ કરી શકાય છે ?! તો અર્ઝ છે કે અલગ અલગ શરીરના ભાગો ઉપર પટ્ટી અથવા પટ્ટી સમાન અન્ય વસ્તુ ઉપર મસહની ઈજાઝત શરઈ જરૂરતના કારણે છે. કેમ કે મૂળ શરઈ હુકમ તો ધોવું એટલે પાણી વહાવવું છે. અને પટ્ટી ઉપર મસહની ઈજાઝત શરઈ જરૂરતના અધારે જ થઈ છે, તો જ્યાં જરૂરત હશે ત્યાં તેના જ પ્રમાણે રૂખ્સત (છૂટ) તથા ઈજાઝત હશે.

ફુક઼હા ફર્માવે છે :–

(અર્થાત) : શરઈ જરૂરત મમ્નૂઅ્ (મનાઈ કરવામાં આવેલ) વાતોને પણ મુબાહ કરી આપે છે. શરઈ જરૂરતનો એ'તેબાર જરૂરત પ્રમાણે જ સીમિત હોય છે.

અહીંયાં આખા શરીર ઉપર પટ્ટી હોય છે અને શરઈ જરૂરત મુજબ તો આખા શરીર ઉપર જ મસહ હોવો જોઈએ જેથી પ્લાસ્ટિક ઉપર મસહ કરવો ગુસલ (ધોવા)ના કાઈમ મક઼ામ (બદલામાં) થશે. હા ! પ્લાસ્ટિકના વધુ પડતા ભાગ ઉપર મસહ કાફી થઈ જશે. આખા પ્લાસ્ટિક ઉપર જરૂરી નથી.

દુર્રે મુખ્તારમાં છે :–

"સહી ક઼ૌલ મુજબ એ છે કે આખી પટ્ટી ઉપર મસહ શરત નથી અને બે અથવા ત્રણવાર પણ શરત નથી. એટલા માટે વધુ પડતી પટ્ટી ઉપર એકવાર મસહ કાફી છે. તેના મુજબ જ ફતવો અપાય છે. એ જ પ્રમાણે તેમાં નિય્યત પણ શરત નથી તેમાં સર્વસમંતિ છે." *(રદ્દુલ મુહ્તાર, ૧/૨૦૬)*

દિલની તસલ્લી માટે એ પણ કરી શકીએ છીએ કે એકવાર આખા શરીર ઉપર હલ્કા હાથે પાણી વહાવી દઈએ અને વધુ પડતા ભાગ ઉપર ભીનો હાથ

ફેરવી દઈએ. મૂળ ફર્ઝ તો ભીનો હાથ ફેરવવાથી અદા થઈ જશે. પરંતુ આખા શરીર પર પાણી વહાવવાથી મૈયતના વાલીઓને તસલ્લી થઈ જશે કે એક પ્રકારનું ગુસલ થઈ ગયું. કૂવો પાક કરવાના પ્રકરણમાં આ પ્રકારના ઉદાહરણો જોવા મળે છે. મૈયતની વફાત થતાં જ ડૉકટરો તેને ત્રણ જાતના પ્લાસ્ટિકમાં પેક કરી આપે છે, જેથી મૈયતના શરીર ઉપરના વાઈરસ અંદર રહી જાય છે, હવે તે બહાર નથી આવી શક્તા. જેથી પ્લાસ્ટિકના ઉપર એકવાર મસહ કરી દેવાથી અથવા હલ્કા હાથે પાણી વહાવી દેવાથી તિબ્બ (મેડિકલ)ની દૃષ્ટિએ કોઈ વાંધો તથા નુકસાન નથી. આમ છતાં પણ આ કામ ડૉકટરોના ભરોસામાં લઈને તથા તેમની ઈજાઝતથી કરવામાં આવે. પોતાની મરજીથી વિના ઈજાઝતે હરગિઝ આ કામ ન કરવામાં આવે. ઈજાઝત મળી જાય તો સાવચેતીના સૂચનોનું પાલન કરી માત્ર એક વ્યક્તિ મસહ કરીને તરત જ સારી રીતે વુઝૂ કરી લે.

એ પણ થઈ શકે છે કે ડૉકટરોને વિનંતિ કરવામાં આવે કે તેઓ પોતાના વિશેષ લિબાસ (સેફટી કિટ) પહેરીને પાણી વહાવીને હાથ ફેરવી આપે. ત્યાર બાદ નમાઝે જનાઝા પઢી દફન કરી આપે.

### ★ મસહની પણ ઈજાઝત ન હોય તો ગુસલ (ધોવું) માફ છે ★

જો પ્લાસ્ટિક ઉપર પણ મસહ કરવાની ઈજાઝત ન મળે તો ગુસલ (ધોવું) માફ છે. કેમ કે બંદો આ પરિસ્થિતિમાં સંપૂર્ણ રીતે પોતાનો ફર્ઝ અદા કરવાથી આજિઝ (લાચાર) છે.

### ★ નમાઝે જનાઝા પઢીએ કે પઢયા વિના જ દફન કરી દઈએ ? ★

હવે શું કરીએ તો વધુ મુનાસિબ એ છે કે નમાઝે જનાઝા પઢીને દફન કરી દઈએ કેમ કે નમાઝે જનાઝા ફર્ઝ છે અને ફર્ઝની અદાયગીની કોઈ અન્ય રાહ (માર્ગ) નથી.

દુર્રે મુખ્તાર બીમારની નમાઝના પ્રકરણમાં એક મસ્અલાથી આ વિષય ઉપર પ્રકાશ પડે છે. મસ્અલો આ પ્રમાણે છે :–

**(અર્થાત)** : ઉપરોક્ત મસ્અલાનો નિચોડ એ છે કે જે વ્યક્તિના હાથ, પગ સલામત ન હોય અને ચેહરો પણ ઝખ્મી હોય. ટૂંકમાં એ કે વુઝૂથી પણ આજિઝ હોય અને તયમ્મુમથી પણ, તો તેવી વ્યક્તિ જે રીતે શક્ય હોય એ રીતે નમાઝ પઢી લે. દોહરાવવા (ફરીથી પઢવા)ની જરૂરત નથી. આ જ વધુ સહીહ છે અને એક કૌલ એ પણ છે કે તેના ઉપર નમાઝ જ ફર્ઝ નથી.

આપણા આ મસ્અલા પર ઉપરોક્ત મસાઈલથી આ રીતે રોશની પડે છે કે નમાઝે જનાઝામાં પણ તહારત શરત છે. અને મૈયતની તહારત ગુસલ અથવા તયમ્મુમ કે મસહથી થાય છે. અને જેમ કે વર્ણન કરવામાં આવ્યું કે કોરોના વારઈસથી વફાત પામેલ મૈયતના ગુસલ તથા તહારતથી આપણે દરેક રીતે આજિઝ છીએ, તો હવે આપણા વશમાં માત્ર એટલુ જ રહી ગયું કે નમાઝે જનાઝા પઢીને દફન કરી દઈએ. તહારતથી આજિઝ હોવાના કારણે મૈયતને પાક હોવાના હુકમમાં માનવામાં આવશે અને નમાઝે જનાઝા સહી થઈ જશે. કિતાબુલ્ ઈકરાહમાં તે વિશેના સહાયક મસ્અલાઓ જોવા મળે છે.

હવે ઉપરોક્ત મસાઈલના સંદર્ભમાં એ સમજાય છે કે પ્લાસ્ટિક ઉપર મસહની ઈજાઝત ન મળે તો મુસલમાન فَإِنْ لَمْ يَسْتَطِعْ فَبِقَلْبِهِ [જો તેની પણ ક્ષમતા ન ધરાવતા હોવ તો તેને દિલથી (બુરૂ) જાણો] પર અમલ કરી નમાઝે જનાઝા પઢીને દફન કરી દેવામાં

આવે. અને જે પ્રદેશોમાં ગુસલ તથા કફન દફનથી ઈજાઝત છે ત્યાં ગુસલ આપી નમાઝે જનાઝા પઢીને દફન કરવામાં આવે.

**ખુલાસો :–**

**૦૧.** જે પ્રદેશો તથા ઈલાક઼ાઓમાં કોરોના વાઈરસથી વફાત પામેલ મૈયતને ગુસલ આપવાની ઈજાઝત છે ત્યાં સાવચેતીની સૂચનાઓનું પાલન કરીને જરૂરત મુજબ અમુક જ લોકો ગુસલ આપે. ત્યાર પછી નમાઝે જનાઝા પઢી દફનક્રિયા પૂર્ણ કરી લે.

**૦૨.** જ્યાં ગુસલ આપવાની ઈજાઝત નથી અને મૈયતને પ્લાસ્ટિકમાં પેક કરીને આપવામાં આવે છે ત્યાં ડૉકટરોથી ઈજાઝત લઈને એક વ્યક્તિ ઉપરથી ભીનો હાથ ફેરવી આપે. પ્લાસ્ટિકના અકષર (વધુ પડતા) ભાગ ઉપર હાથ ફેરવી લેવો પૂરતો છે. અને ચાહો તો તસલ્લી માટે એકવાર ઉપરથી પાણી વહાવી આપવામાં આવે. (વલ્લાહુ તઆલા અઅ્લમ)

**૦૩.** જ્યાં તેની પણ ઈજાઝત ન હોય તો ત્યાં સબ્ર તથા ખામોશીથી મૈયતને મેળવી લઈ મસહ કરાવ્યા વિના નમાઝે જનાઝા પઢીને દફન કરી આપવામાં આવે.

જે મજબૂર હોય છે તે મા'ઝૂર હોય છે.

મેં (મૂળ લેખકે) ફિક઼્હી નિયમો તથા મસ્અલાની રોશનીમાં આ જ સમજ્યું છે કે નમાઝે જનાઝા સહીહ થઈ જશે.

**લખનાર : (મુફ્તી) મુહમ્મદનિઝામુદ્દીન રઝવી**
*(સદર ઈફ્તા વિભાગ, સદરુલ્ મુદર્રિસીન અલ્ જામિઅતુલ્ અશ્રફિયા–મુબારકપુર, આઝમગઢ, યુ.પી.)*

૨, રમઝાનુલ મુબારક હિ.સ. ૧૪૪૧,
૨૬ એપ્રિલ, ઈ.સ. ૨૦૨૦, રવિવાર

પેજ 49 નું ચાલુ.. ''નબી અકરમ ﷺએ વુઝૂ કર્યું. ત્યારબાદ જ્યારે આપે ઈસ્તિન્જા કર્યા તો આપે આપનો હાથ જમીન સાથે ઘસી લીધો.'' *(સુનને નિસાઈ, ૧/૪૫)*

સરવરે કાઈનાત ﷺ સામાન્યતઃ ઈસ્તિન્જા પછી વુઝૂ કર્યા કરતા હતા. વુઝૂમાં હાથોને ધોવાથી જંતુઓની અસરો ખત્મ થઈ જાય છે. પરંતું અમુક સમયોમાં આપે ઈસ્તિન્જા બાદ તરત વુઝૂ ન કર્યું તો પોતાના હાથોને માટી વડે ઘસી લીધા કે જેથી જંતુઓની અસરો ખત્મ થઈ જાય અને તેનાં નુકસાનોથી હિફાઝત રહે.

મુબારક હદીષોનો અભ્યાસ કરો તો ઈસ્તિન્જા બાબતે સરવરે કાઈનાત ﷺના મઅમૂલાત (રોજના નિયમો) જોઈને આપની બુધ્ધિ ચકિત થઈ જશે કે જે કાર્ય પધ્ધતિ આપ અપનાવ્યા કરતા હતા અને એના અનુસંધાનમાં જે તાલીમાત આપે આપી છે, એમાં બેકટેરીયા વગેરેથી કેટલા પ્રમાણમાં હિફાઝત છે. આક઼ાએ કૌનેન ﷺ પેશાબના છાંટાઓથી બચવાની તાકીદ કર્યા કરતા હતા. આપ ઈસ્તિન્જાના માટે નરમ જમીનને પસંદ કરતા હતા જેથી પેશાબના છાંટા ન ઉડે. આપ એવી જગાએ હાજત માટે બેસતા કે જ્યાંની જમીન ઢેફાંવાળી હોતી જેથી પેશાબનાં ટીપાં વહીને આપની તરફ ન આવે, આપ છાંયડામાં હાજતે બેસવાથી મના કરતા જેથી કોઈ વ્યક્તિ જો ત્યાં આરામ કરવા ચાહે તો તેને પેશાબ તથા જાજરૂના જંતુઓથી નુકસાન ન પહોંચે. આ પ્રકારની અન્ય પણ ખૂબ જ અધિક પ્રમાણમાં રિવાયતો છે. જેમાં આપે રફએ હાજત (હાજત દૂર કરવા)ના માટે એ કાર્ય પધ્ધતિ વર્ણવી છે કે ખુદ હાજત દૂર કરવાવાળો પણ જીવજંતુઓથી મેહફૂઝ રહેશે અને અન્ય લોકોને પણ પેશાબ તથા જાજરૂથી પેદા થનાર જંતુઓ નુકસાન નહીં પહોંચાડી શકે. (ક્રમશઃ)

# કોરોના વાયરસની વબા અને મુસ્લિમ કૌમ

હપ્તો : ૦૩

## તૌબાના બારામાં મબુારક હદીષો

તૌબા તથા ઈસ્તિગફારના હવાલાથી ખૂબ જ અધિક પ્રમાણમાં મુબારક હદીષો હદીષની કિતાબોમાં મૌજૂદ છે. એમાંથી અમુક હદીષો વાંચકોને ભેટ ધરીએ છીએ :–

આક઼ાએ દો જહાં ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત બંદાની તૌબા ત્યાં સુધી ક઼બૂલ ફર્માવે છે જ્યાં સુધી તેને નઝઅનો આલમ (સકરાત) ન છવાય જાય. હદીષના શબ્દો છે :

"إن الله يقبل توبة العبد مالم يغرغر" એટલે કે તેને જ્યાં સુધી મૌતની હિચકી ન આવવા લાગે.

*(તિર્મિઝી શરીફ, કિતાબુદ્દાઅવાત)*

ખુદાએ રહમાનો રહીમ પોતાના બંદાઓ પર અનહદ મહેરબાન છે. બંદો જિંદગીભર ગુનાહોમાં સપડાયેલ રહે છે, પણ જ્યારે તેને ગુનાહોનો એહસાસ થઈ જાય અને સાચા દિલથી તૌબા કરી લે તો મઅબૂદે હક઼ીક઼ી તેને માફ કરી આપે છે. પરંતુ એનો એ મતલબ નથી કે બંદો રબની રહમતની વિશાળતાને જોઈને ગુનાહો પર ગુનાહ કર્યે જ જાય. મગફિરતની ઉમ્મીદના સહારે ગુનાહ કરવા ગુનાહોના અઝાબને ખૂબ જ અધિક વધારી દે છે, બલ્કે ભય એ હોય છે કે એવા બંદાના માટે તૌબાની ક઼બૂલિયતના સર્વ દરવાજા બંધ કરી દેવામાં આવે ! કોઈ ગુમરાહ શાઈરે (મઆઝલ્લાહ !) આ વાત ઘણી દિલેરી પૂર્વક કહી હતી :

*ખુદા યહ હશ્રમેં પૂછેગા પારસાઓંસે*
*ગુનાહ ક્યું ન કિયા ? ક્યા ખુદા રહીમ ન થા !*

વળી કોઈ ગુનેહગારને એ કેવી રીતે માલૂમ થશે કે તેનું મૌત ક્યારે આવશે ? એટલા માટે તૌબામાં જેટલા પ્રમાણમાં જલ્દી કરવામાં આવે એટલા પ્રમાણમાં નજાતની અધિક ઉમ્મીદ છે. અમુક હદીષોનો ભાવાર્થ છે કે ક઼યામત સુધી તૌબાનો દરવાજો ખુલ્લો રહેશે, પણ એક બંદાના માટે ક઼યામતનો દિવસ તો તેની મૌતનો જ દિવસ છે. એટલા માટે કે મૌતના પછી તેની આંખ તો ક઼યામતના દિવસે જ ખુલશે. એક હદીષમાં છે : અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત પોતાનો દસ્તે કુદરત રાતે લાંબો કરે છે કે જેથી દિવસના ગુનેહગારોને બખ્શી આપે, અને દિવસે ફેલાવે છે જેથી રાતના ગુનેહગારને માફ ફર્માવી આપે. અને આ અનહદ કરમ ત્યાં સુધી થતો રહેશે જ્યાં સુધી સૂરજ મગરિબ (પશ્ચિમ)થી ન નીકળી જાય, એટલે ક઼યામત ન રચાય જાય. *(રિયાઝુસ્સાલિહીન)*

કુર્આને અઝીમમાં રબ્બુલ ઈઝ્ઝતે વિવિધ સ્થળોએ પોતાની જાતના બારામાં ઈર્શાદ ફર્માવ્યો :

إِنَّهُ هُوَ التَّوَّابُ الرَّحِيمُ "બેશક ! તે જ છે ઘણો જ તૌબા ક઼બૂલ કરનારો મહેરબાન." *(સૂ. બક઼રહ, ૨/૩૭)*

وَأَنَا التَّوَّابُ الرَّحِيمُ "અને હું જ મોટો તૌબા ક઼બૂલ કરનારો મહેરબાન." *(સૂ. બક઼રહ, ૨/૧૬૦)*

إِنَّ اللَّهَ يُحِبُّ التَّوَّابِينَ وَيُحِبُّ الْمُتَطَهِّرِينَ "બેશક ! અલ્લાહ પસંદ કરે છે ખૂબ જ તૌબા કરનારાઓને, અને પસંદ રાખે છે સુથરાઓને." *(સૂ. બક઼રહ, ૨/૨૨૨)*

સૈયદુલ મઅસૂમીન સૈયદના રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

يا أيها الناس توبوا إلى الله، فإني أتوب في اليوم إليه مائة مرة

"હે લોકો ! અલ્લાહની હુઝૂરમાં તૌબા તથા ઈસ્તિગફાર કરો, એટલા માટે કે **હું પોતે દરરોજ સો વાર ખુદાની હુઝૂર તૌબા કરું છું."** *(રવાહ મુસ્લિમ)*

વિચાર કરો ! હુઝૂર ﷺ સૈયદુલ અમસૂમીન છે ! પણ તેમ છતાં પણ અલ્લાહ સમક્ષ તૌબા કરે છે જેથી મુસ્લિમ ઉમ્મત નબી કરીમ ﷺની સુન્નત પર અમલ કરીને પોતાના ગુનાહોથી પાક સાફ થઈ જાય.

હદીષે કુદસીમાં ઈર્શાદ ફર્માવવામાં આવ્યો, હે ઈબ્ને આદમ ! જ્યારે તમે મારાથી મગફિરતની ઉમ્મીદની સાથે દુઆ કરશો તો હું તમારા સર્વ ગુનાહોને માફ કરીશ અને હું બેનિયાઝ છું.

હે ઈબ્ને આદમ ! જો તમારા ગુનાહો આસ્માનની ઊંચાઈઓ સુધી પહોંચી જાય અને તમે છતાંય મારાથી મગફિરત તલબ કરો તો હું તમારા સર્વ ગુનાહોને માફ કરી આપીશ.

હે ઈબ્ને આદમ ! જો તમે જમીનની વિશાળતાઓના બરાબર ગુનાહો કરીને મારી બારગાહમાં હાજર થશો તો હું જમીનની વિશાળતાઓના બરાબર તમને મગફિરતથી નવાઝી દઈશ, એ શર્ત કે તમે મારી સાથે કોઈને શરીક ન ઠરાવ્યો હોય.

આક઼ાએ દો જહાં ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

التائب من الذنب کمن لاذنب له અઝાબે ઈલાહીના રૂપમાં જો કોઈ ક઼ૌમ પર વબાઓ તથા મુસીબતોનું ઉતરાણ થાય છે તો જે મુજરિમ છે તેમના માટે સજા છે અને જેઓ મુજરિમ નથી તેમનો હશ્ર તેમની નિય્યતોના મુજબ થશે.

જેમ કે બુખારી શરીફમાં ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاથી મરવી છે : હુઝૂર સૈયદે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, એક લશ્કર કા'બા શરીફ પર હુમ્લાની નિય્યતથી રવાના થશે. પરંતુ જ્યારે તે એક સપાટ મેદાન (બયદાઅ)માં પહોંચશે તો તેના અવ્વલ તથા આખિરને ધસાવી દેવામાં આવશે. ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہاએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તે સૌને કેવી રીતે ધસાવી દેવામાં આવશે, જ્યારે કે તેમાં અમુક લોકો કારોબાર કરવાવાળા અને અમુક લોકો મજબૂરીના માર્યા શરીક થશે ?! તો હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, સૌને ધસાવી દેવામાં આવશે, પછી તેમની નિય્યતોના પ્રમાણે તેમનો હશ્ર થશે.

મો'મિનના માટે બલાઓ અને મુસીબતો દરજાઓમાં વૃધ્ધિનો ઝરીયો છે. જેમ કે ઈમામ બુખારી رضی اللہ عنہ એ હદીષ નક઼લ કરી છે કે : ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاએ સૈયદે આલમ ﷺને પ્લેગના બારામાં સવાલ કર્યો તો હુઝૂર એ ઈર્શાદ ફર્માવ્યો, આ અલ્લાહનો અઝાબ છે, જેના પર અલ્લાહ ચાહે છે નાઝિલ કરે છે. અલ્લાહ તેને મોમિનના માટે રહમત બનાવી દે છે. તો જ્યારે કોઈ મો'મિન પ્લેગમાં સપડાયેલ હોય છે અને પોતાના શહેરમાં સબ્રની સાથે સવાબની નિય્યતથી રહે છે, એ યક઼ીનની સાથે કે તેને તે જ પહોંચશે જે અલ્લાહે લખી આપ્યું છે તો તેને એક શહીદનો સવાબ મળશે. જ્યારે કોઈ વ્યક્તિ કે ક઼ૌમ અથવા ખાનદાનને મુસીબત તથા આઝમાઈશથી ભેટો કરાવવામાં આવે છે તો ન કેવળ એ કે મુસીબતમાં સપડાનાર સવાબનો મુસ્તહિક઼ બને છે બલ્કે જે લોકો સબ્ર કરે છે, તેમના માટે પણ જન્નતનો વાયદો કરવામાં આવે છે.

જેમ કે હદીષે કુદસીમાં રહમતે આલમ ﷺએ રબ્બુલ આલમીન عزوجلથી રિવાયત કરી કે અલ્લાહ ઈર્શાદ ફર્માવે છે કે જ્યારે હું બંદાએ મો'મિનની કોઈ પ્રિય ચીજ ક઼બ્ઝ કરી લઉં તો પછી તે એના પર સબ્ર કરી લે તો તેનો બદલો જન્નતથી કમ નથી. મુસલમાનોને જ્યારે કોઈ તકલીફ પહોંચે છે તો તેના બદલામાં તેમના ગુનાહ માફ થાય છે.

હઝરત અબૂ હુરૈરહ ﷺથી રિવાયત છે કે જ્યારે મુસલમાનને કોઈ પ્રકારનો થાક, બીમારી, ગમ, ત્યાં સુધી કે જો કોઈ કાંટો પણ વાગે તો તેના ઝરીયાથી તેના અમુક ગુનાહોને માફ કરી દેવામાં આવે છે. *(મુત્તફિક઼ અલૈહ)*

સૈયદના અબૂ હુરૈરહ رضی اللہ عنہથી જ રિવાયત છે કે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે **અમુક મો'મિન તથા મો'મિનાની જાન, માલ તથા ઔલાદ પર મુસીબતો નાઝિલ થતી રહે છે, ત્યાં સુધી કે જ્યારે તે અલ્લાહથી મુલાકાત કરે છે તો તેના નામએ આમાલમાં કોઈ ગુનોહ નથી રહી જતો.** *(તિર્મિઝી)*

મુસ્લિમ શરીફની એક રિવાયતમાં આક઼ાએ દો જહાં ﷺનું ફર્માન મુબારક વર્ણન થયેલ છે :

عَجَبًا لِأَمْرِ الْمُؤْمِنِ إِنَّ أَمْرَهُ كُلَّهُ لَهُ خَيْرٌ، وَلَيْسَ ذٰلِكَ لِأَحَدٍ إِلَّا لِلْمُؤْمِنِ: إِنْ أَصَابَتْهُ سَرَّاءُ شَكَرَ فَكَانَ خَيْرًا لَهُ، وَإِنْ أَصَابَتْهُ ضَرَّاءُ صَبَرَ فَكَانَ خَيْرًا لَهُ۔

"મો'મિનનું દરેક કામ ઘણુ જ સારું છે. જ્યારે તેને ખુશી મયસ્સર થાય છે તો **શુક્ર** કરે છે તો તેના માટે ખૈર, અને જ્યારે કોઈ તકલીફ પહોંચે છે તો તે **સબ્ર** કરે છે અને એ પણ તેના માટે ખૈર છે."

શફીઉલ મુઝનબીન ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

كُلُّ بَنِي آدَمَ خَطَّاءٌ، وَخَيْرُ الْخَطَّائِينَ التَّوَّابُونَ۔

"દરેક માણસ ખતાકાર છે, અને બેહતરીન ખતાકાર તૌબા કરનાર છે." *(રવાહુત્તિર્મિઝી)*

આ રહમતે આલમ ﷺની રહમતે બેપાયા છે કે ખતાકારને ખૈરના લક઼બથી નવાઝી રહ્યા છે.

*કયા હી ઝૌક઼ અફ્ઝા શફાઅત હૈ તુમ્હારી વાહ વાહ*
*ક઼ર્ઝ લેતી હૈ ગુનાહ પરહેઝગારી વાહ વાહ*

દુનિયાના વિવિધ ધર્મોએ ગુનાહોની બખ્શિશ તથા નજાતના માટે વિવિધ ક઼ાયદા ઘડયા છે, ખાસ કરીને ઈસાઈયતે માણસને પેદાઈશી ગુનેહગાર ઠરાવ્યો છે, અને તેણે એ અક઼ીદો ઘડયો છે કે હઝરત આદમ અને હઝરત હવ્વા علیہما السلامથી જન્નતમાં ગુનોહ થઈ ગયો હતો એટલા માટે સર્વ આદમની ઔલાદમાં તેમનો ગુનોહ વારસારૂપે મુન્તક઼િલ થઈ રહ્યો છે. (મઆઝલ્લાહ !) દરેક માનવી પેદાઈશી ગુનેહગાર છે, એટલા માટે જ્યાં સુધી તે પેદાઈશ બાદ બપ્તિસ્મ (Baptism)ના અમલથી પસાર ન થાય અને ચર્ચમાં સલીબે મસીહ અને પાદરીની સામે ગુનાહનો સ્વીકાર કરીને તેનાથી પોતાના ગુનાહોને ન બખ્શાવે તો તે જન્નતનો મુસ્તહિક઼ નથી. આ ઈસાઈઓનો એ પણ અક઼ીદો છે કે હઝરત ઈસા علیہ السلامને એટલા માટે આ સૂળી આપવામાં આવી હતી કે તે આદમની ઔલાદના ગુનાહોનો કફ્ફારો બની જાય. (મઆઝલ્લાહ !)

ઈસ્લામમાં હઝરત આદમ علیہ السلامની લગઝિશ એ ગુનાહની જેમ નથી જે માનવ જાતથી થતો રહે છે. તે તો એક મસ્લહતે ખુદાવંદી હતી જેના સબબે આ દુનિયા આબાદ થઈ. દુનિયાની એ રોનકો એ જ આદમ علیہ السلامની ખતાનુ હસીનતરીન પરિણામ છે.

*હમ હૂએ તુમ હૂએ કે મીર હૂએ*
*ઉન્હીં ઝુલ્ફોં કે સબ અસીર હુએ*

ગુનાહોના પરિણામે હમેશાં અઝાબ આવે છે, આબાદીઓ તબાહ થાય છે, પણ આ કેવો ગુનાહે આદમ છે કે જ્યાં રંગો બૂની સર્વ ખૂબીઓ એનું જ પરિણામ છે. પ્રથમ તો આપણે મસીહની ન ક્રોસ (સલીબ)ને માનનારા છીએ અને ન તો કફ્ફારાની માન્યતાને. એટલા માટે કે આ રીતના ગુમાન કરેલા અક઼ીદા ન કેવળ એ કે એની કોઈ સાબિતી અહદનામા

કદીમમાં છે અને ન તો અહદનામા જદીદમાં છે. એટલે ન તૌરાતમાં છે ન ઈન્જીલમાં છે અને ન તો ઝબૂરમાં છે. તેનાથી ઉલ્ટુ **કુર્આને અઝીમ હઝરત ઈસા عليه السلامને આસ્માન પર ઝિંદા ઉઠાવી લેવામાં આવવાનુ કાઈલ છે.** આ કેટલા પ્રમાણમાં સ્વીકારને અપાત્ર અકીદો છે કે ગુનોહ (ઈજતેહાદી ખતા) માનવ પિતા સયૈદના આદમ عليه السلامથી હજારો વરસો પહેલાં સરઝદ થયો અને સજા કયામતની સવાર સુધી એમની ઔલાદને આપવામાં આવે ?! જ્યારે કે કુર્આન અઝીમનો ઈર્શાદ છે : وَلَا تَزِرُ وَازِرَةٌ وِّزْرَ اُخْرٰی "કોઈ પણ નફસ (જીવ) કોઈ અન્યના ગુનાહનો બોજ ઉઠાવશે નહીં."

*(સૂ. ફાતિર, આ. ૧૮)*

કુર્આને પાકનું આ ફર્માન હકીકી અદ્‌લની અયન મુતાબિક છે.

આશ્ચર્યની વાત એ છે કે **ઈસાઈ એક તરફ તો હઝરત ઈસા عليه السلامને મસ્લૂબ (સૂળીએ ચઢાવાયેલા) માને છે અને બીજી બાજુ તેમને ખુદા પણ માને છે !** તેઓ التثليث فى الوحدة તથા الوحدة فى التثليثના માનવાવાળા છે. તેઓ અકાનિમે ષલાષા, રૂહુલ કુદ્‌સ અને ઈસાને એક પણ માને છે અને ત્રણ પણ માને છે. શું દુનિયાનો કોઈ હોશવાળો માણસ આ માન્યતાને સ્વીકારી શકે છે કે ત્રણ એક છે અને એક ત્રણ છે ! શું ગણિતશાસ્ત્રની ગણત્રી એનું સમર્થન કરશે ? જો હઝરત ઈસા عليه السلام ખુદા હતા તો પછી સૂળીએ ચઢીને ખુદ જ સજા પામનાર પણ હતા અને પોતે જ સજા આપનાર પણ ! વળી એ કેવા મજબૂર ખુદા છે કે યહૂદી બાદશાહ તેમને ખૂબ જ લાચારીની હાલતમાં કાંટાનો તાજ પહેરાવીને સૂળીએ ચઢાવી દે છે ?! અસલમાં તેમણે આ અકીદો બૂલસ શમ્સાતી (સેંટ પોલ)ની તજવીઝના પ્રમાણે ઘડી લીધો છે જેથી કરીને દુનિયાનો દરેક માનવી નજાત હાસંલ કરવા માટે ઈસાઈયત કબૂલ કરી લે. ઈસાઈઓએ મસુલમાનોને ગુમરાહ કરવા માટે પોતાનાં સાહિત્યો, મીડિયા, મિશનરીઓ તથા અન્ય માધ્યમોથી એ પ્રોપગેન્ડો કરવાનો શરૂ કરી આપ્યો છે કે ઈસ્લામમાં નજાતનો કોઈ ખયાલ નથી. એટલા માટે કે કુર્આનનું ફર્માન છે :

فَمَنْ يَّعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ خَيْرًا يَّرَهٗ وَمَنْ يَّعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ شَرًّا يَّرَهٗ

"તે જે એક રજ માત્ર ભલાઈ કરે તેને જોશે અને જે એક રજ માત્ર બુરાઈ કરે તેને જોશે."

*(સૂ. ઝિલઝાલ, આ. ૭, ૮ કન્ઝુલ ઈમાન)*

મુસલમાન નવજુવાનો કેમ કે દીની ઈલ્મોથી નાવાકેફ અને કુર્આન તથા હદીષની તાલીમાતથી અજાણ છે એટલા માટે તેઓ આ પ્રકારના પ્રોપેગંડાઓથી પ્રભાવિત થઈને ક્યાં તો ઈસ્લામના બારામાં શંકાઓના શિકાર થઈ જાય છે અથવા તો પછી ઈર્તેદાદ (ઈસ્લામથી ફરી જવાનો) માર્ગ અપનાવી લે છે. જરૂરત એ વાતની છે કે ઈસ્લામના મગફેરત તથા નજાતના અકીદાને કુર્આન તથા હદીષની રોશનીમાં આમ કરવામાં આવે અને એને સ્પષ્ટ કરવામાં આવે કે નજાત કેવળ ઈસ્લામના જ દામનમાં છે, ન કે ઈસાઈયતના ગુમાન કરેલા નજાતના અકીદામાં. **ઈસ્લામમાં જો કોઈનાથી ગુનોહ થઈ જાય તો તેણે કોઈ માણસની સમક્ષ ગુનાહનો સ્વીકાર કરવાની જરૂરત નથી.** ઈસ્લામ ગુનેહગારોને પણ કોઈની સામે બેઈજ્જત કરવા નથી ચાહતો. આકાએ દો જહાં ﷺનું ફર્માન છે કે જે બંદો કોઈ અન્ય બંદાના અયબ પર પર્દો નાખશે તો અલ્લાહ તઆલા તેની પર્દાપોશી કરશે. એટલા માટે ઈસ્લામમાં નજાતના નીચે પ્રમાણોના દરવાજા ખુલ્લા છે :

૦૧. તે ગુનાહોથી સાચી તૌબા કરીને બાકીની જિંદગીમાં ગુનાહોથી બચે.

૦૨. ગુનાહોના એહસાસ પછી તે ખૂબ જ અધિક પ્રમાણમાં નેક અમલો કરે. અલ્લાહનું ફર્માન છે : اِنَّ الْحَسَنٰتِ یُذْهِبْنَ السَّیِّاٰتِ ''બેશક ! નેકીઓ બુરાઈઓને મિટાવી દે છે.''

*(સૂ. હૂદ, આ. ૧૧૪, કન્ઝુલ ઈમાન)*

૦૩. શફીઉલ મુઝનબીન ﷺથી શફાઅતનો તલબગાર બને અને તેને તેમની શફાઅત નસીબ થઈ જાય.

૦૪. કયામતમાં અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત તેને પોતાના ફઝ્લો કરમથી માફ કરી આપે.

જો કોઈ બદનસીબ નજાત તથા મગફેરતના આ સર્વ દરવાજાઓ પરથી ફાયદો ન ઉઠાવી શક્યો તો પછી તેણે ગુનાહોથી સજા ભોગવવી પડશે. અભ્યાસ હેઠળની કિતાબમાં એના અનુસંધાનમાં કુર્આન તથા હદીષના અનેક હવાલાઓ મૌજૂદ છે. **નજાતના માટે એ પૂરતુ છે કે બંદો ખરેખર શર્મિંદગીના એહસાસ સાથે પોતાના હકીકી મઅબૂદની બારગાહમાં ઝુકી જાય અને શર્મિંદગીનાં આંસૂઓની સાથે તૌબા કરી લે તો ખુદાએ સત્તાર તથા ગફ્ફાર તેને જરૂર માફ કરી આપશે.**

*મોતી સમઝકર શાને કરીમીને ચુને લિયે*
*કતરે જો થે મેરે અર્કે ઈન્ફઆલ કે*

અલ્લાહ ﷻની બારગાહમાં દુઆ છે કે મેહશરના મેદાનમાં પોતાના અનહદ કરમ વડે આપણને સૌને શફીઉલ મુઝનબીન ﷺની શફાઅતથી નવાઝે અને આપણા સૌની મગફિરત ફર્માવી આપે. આમીન બિજાહિ હબીબિહી સૈયદિલ મુરસલીન ﷺ. *(સંપૂર્ણ)* ● ● ●

## ન્યૂઝીલેન્ડમાં મસ્જિદ પર હુમલો કરનાર વ્યક્તિને આજીવન કેદની સજા ફટકારાઈ

ન્યૂઝીલેન્ડની ક્રિસ્ટચર્ચ મસ્જિદ પર હુમલો કરનાર વ્યક્તિને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. આ સજા દરમિયાન પણ તેને પેરોલ મળશે નહીં. ન્યાયાધીશે સજા ફર્માવતાં કહ્યું કે, આ અમાનવીય અને શૈતાની કૃત્ય છે. નોંધપાત્ર વાત એ છે કે, બ્રેન્ટન ટૈરન્ટ્ સમના વ્યક્તિએ ફેસબૂક પર લાઈવ કરતાં મસ્જિદ પર હુમલો કર્યો હતો અને ૫૧ લોકોની હત્યા કરી હતી. ગત વર્ષે માર્ચમાં, બ્રેન્ટન ટૈરન્ટે ક્રિસટચર્ચ મસ્જિદ પર હુમલો કર્યો હતો. ન્યૂઝીલેન્ડના સૌથી મોટા હત્યાકાંડમાં ૫૧ લોકો માર્યા ગયા હતા, જયારે કે ડઝનેક ઘાયલ થયા હતા. ઓસ્ટ્રેલિયાના ૨૯ વર્ષિય બંદૂકધારી બ્રેન્ટન ટૈરન્ટે કોર્ટમાં સજાનો વિરોધ પણ કર્યો ન હતો. ઘણા લોકો આશ્ચર્યચકિત થયા હતા જયારે બ્રેન્ટન ટૈરેન્ટે સજાનો વિરોધ ન કર્યો. જસ્ટીસ કેમેરોન મંન્ડેરે કહ્યું કે, તમે નફરતથી ચાલતા વ્યક્તિ છો, જે તે લોકોને નફરત કરે છે, જેમને તે પોતાનાથી અલગ માને છે. તમે કરેલા હત્યાકાંડ માટે તમે માફી માંગી નથી, જ્યારે હું પ્રશંસા કરું છું કે તમે આ કાર્યવાહીઓને પ્લેટફોર્મ તરીકે ઉપયોગ કરવાની તક છોડી દીધી છે, તો તમે ન તો તેના વિરોધી અને ન તો શરમમાં છે. જસ્ટિસ કેમેરોન મંન્ડરે કહ્યું કે, તમે સામૂહિક હત્યા કરી છે. તમે નિઃશસ્ત્ર અને નિઃસહાય લોકોની હત્યા કરી છે. તેમનું નુકસાન અસહ્ય છે. તમારા કાર્યોથી તે કુટુંબ નાશ પામ્યું છે કારણ કે તેમની પાસે ઘણા બધા કુટુંબો છે. જસ્ટિસ મંન્ડેરના નિવેદન પછી જાહેર ગેલેરીમાં પીડિત કેટલાક લોકોએ રડવાનું શરૂ કર્યું હતું.

*(હવાલો 'આમીન' માસિક, પ્રકાશન તા. ૧–૯–૨૦૨૦, અંક ૨૫૮)*



# આયા સોફિયા

## મસ્જિદમાં ૮૬ વર્ષ બાદ ફરી નમાઝ શરૂ


:: કાર્યાલય ::

હાલમાં જ તારીખ ૨૪મી જુલાઈ ૨૦૨૦ના રોજ વૈશ્વિક કે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી ઈમારત આયા સોફિયા જુમ્આની નમાઝની સાથે ૮૬ વર્ષ બાદ કાયમી ધોરણે નમાઝીઓ માટે ખોલી દેવામાં આવી. તુર્કીના પ્રમુખ રજ્જબ તૈયબ અર્દોગાનની સાથે ઘણી મોટી સંખ્યામાં લોકોએ જુમ્આની નમાઝ અદા કરી. આયા સોફિયાની ઈમારત ઈ.સ. ૫૩૭માં બાજન્તીની શહેનશાહ જસ્ટીનિયન પ્રથમના યુગમાં બાંધવામાં આવી હતી. કોન્સ્ટેન્ટીનોપલ પર ઉષ્માનિયા સલ્તનતના કબજા બાદ આયા સોફિયાને મસ્જિદ તરીકે ઉપયોગ કરવામાં આવતો હતો. તેમ છતાં ઉષ્માનિયા સલ્તનતના ખાતમા બાદ આધુનિક તુર્કી સ્થાપક કમાલ અતાતુર્કે એ મસ્જિદને મ્યુઝિયમમાં રૂપાંતર કરી નાખી હતી. હવે થોડાક દિવસો પહેલાં તુર્કીની એક અદાલત દ્વારા આયા સોફિયા મ્યુઝિયમને ફરીથી મસ્જિદમાં તબદિલ કરવાના ચુકાદા બાદ તુર્કીના વર્તમાન પ્રમુખ રજ્જબ તૈયબ અર્દોગાને એલાન કર્યું હતું કે આ ઈમારતને ટૂંક સમયમાં પહેલાની જેમ જ મસ્જિદ સ્વરૂપે ફરીથી ખોલી દેવામાં આવશે.

જો કે તેમના આ એલાન ઉપર વિશ્વના કેટલાય દેશો અને આંતરરાષ્ટ્રીય સંસ્થા સંગઠનોએ અફસોસ અને નારાઝગી વ્યક્ત કરી હતી ! તેમાં અમેરિકા, યુરોપીય યુનિયન, રૂસ, ગ્રીસ અને યુનેસ્કો ખાસ હતા. તુર્કીના પ્રમુખ રજ્જબ તૈયબ અર્દોગાને આયા સોફિયાને નમાઝીઓ માટે ફરીથી ખોલતાં પહેલાં એક ટ્વિટમાં આયા સોફિયાના મસ્જિદ હોવાના હવાલાથી એક ગીતની સાથે લખ્યું : "આયા સોફિયા ! અય આયા સોફિયા ! તેરે ગુંબદ પર સે હવાએં આઝાદીસે છૂતી રહે." અર્દોગાનના આ ટ્વિટ સાથેના વીડિયોમાં આયા સોફિયા સંબંધિત કેટલીક કાવ્યપંક્તિઓ વિ. સામેલ હતું. જ્યારે આ વીડિયો ક્લિપમાં કિર્ગીઝ, બોસ્નિયા, અલ્બાનિયાઈ, આઝર બાયજાની, કુર્દ, સ્વાહિલી, અરબી, બંગાલી અને તુર્કી ભાષાના ગાયકના અવાજમાં એક ગીત રજૂ કરવામાં આવ્યું હતું.

આયા સોફિયાની મસ્જિદ સ્વરૂપની હૈસિયત ઈ.સ. ૧૯૩૪ સુધી કાયમ કે યથાવત રહી હતી. ઉષ્માનિયા સલ્તનતના ખાત્મા અને આધુનિક તુર્કીની સ્થાપના બાદ મુસ્તફા કમાલ અતાતુર્કે તેને મ્યુઝિયમનો દરજ્જો આપી દીધો હતો અને ત્યાં નમાઝો પઢવા પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો હતો. આનું કારણ તુર્કીની સેક્યુલર છબી સ્થાપિત કરવાનો હતો. તુર્કીમાં ધાર્મિક બાબતોની દેખરેખ રાખનારી રાષ્ટ્રીય સત્તા ધરાવતી સંસ્થા કે જે 'દયાનત' કહેવાય છે, તેણે કહ્યું કે સંયુક્ત રાષ્ટ્ર સંઘના શૈક્ષણિક, વૈજ્ઞાનિક, અને સાંસ્કૃતિક સંગઠન 'યુનેસ્કો'ની આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક વારસાની યાદીમાં સામેલ આ ઈમારતમાં મૌજૂદ કોઈ પણ ખ્રિસ્તી પ્રતીકો કે ઐતિહાસિક પેઈન્ટિંગ્સ ત્યાંથી ખસેડવામાં નહીં આવે. આવા બિન ઈસ્લામી પ્રતીકોને નમાઝ વખતે ઢાંકી દેવામાં આવશે. 'દયાનત' એ જાહેરાત પણ કરી છે કે નમાઝોના સમય સિવાય મહેમાનોને એ પરવાનગી પણ હશે કે તેઓ અંદર જઈને એ ઈમારતને નિહાળી શકશે, આના માટે કોઈ ફી નહીં લેવામાં આવે.

*(આમીન મંથલી—અહમદાબાદ, ઓગષ્ટ—૨૦૨૦)*



# ઈસ્લામમાં જીવજંતુઓથી બચવાનાં સૂચનો

હપ્તો : ૦૧

અઝ : દાઈએ કબીર મૌલાના **મુહમ્મદશાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી
*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

بِسۡمِ اللهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ○

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَارَسُوۡلَ الله ﷺ

જીવજંતુઓ અતિશય નાનાં જીવતાં શરીરવાળાં હોય છે, જેમને કેવળ આંખોથી નથી જોઈ શકાતાં બલ્કે તેમને જોવા માટે માઈક્રોસ્કોપ (Microscope)ની જરૂરત રહે છે. જીવજંતુઓ પાણી, હવા તથા માટીમાં અસંખ્ય પ્રમાણે મૌજૂદ હોય છે. એ ખૂબ જ ઝડપભેર પોતાની સંખ્યામાં વધારો કરે છે. એક પુખ્ત જીવજંતુ ૨૪ કલાકમાં એક હજાર અબજ નવાં જીવજંતુઓ પેદા કરી લે છે અને એક નવજન્મેલ જંતુ અડધા કલાકમાં પુખ્ત થઈ જાય છે. જીવજંતુઓ અન્ય જાનદારોના શરીરોમાં પ્રવેશીને વિવિધ પ્રકારની બીમારીઓનો સબબ બને છે.

બીમારીઓનાં જંતુઓ વિવિધ તરીક઼ાથી તંદુરસ્ત માણસના શરીરમાં પહોંચીને બીમારીનો સબબ બને છે : (૧) શ્વાસના થકી ખેંચવામાં આવતી હવાના થકી. (૨) ખાવા પીવાની ચીજોની સાથે (૩) ડાયરેક્ટ રીતે દા.ત. ઝખ્મ વગેરે થકી. (૪) કોઈનું લોહી કોઈને ચઢાવવાથી તેમજ શારીરિક સંબંધો પણ જંતુઓની અદલા બદલીનો સબબ બને છે.

બીમાર માણસોના મોં તથા નાક વડે છીંક અથવા ખાંસીની સાથે જંતુઓ બહાર પડે છે. થૂક વડે પણ બીમાર માણસના શરીરથી જંતુઓ નીકળે છે. એ જ પ્રમાણે પેશાબ, જાજરૂ તથા ગળફા વગેરેની સાથે પણ જંતુઓ માનવ શરીરમાંથી બહાર પડે છે. ઘણા જંતુઓ કચરા પૂજા સાથે ખેતરોમાં પહોંચી જાય છે અને પછી ત્યાંથી વિવિધ જાનવરોનાં શરીરોમાં અથવા ફળો, શાકભાજીઓની અંદર પહોંચી જાય છે અને પછી એના થકી તંદુરસ્ત માણસ સુધી પહોંચી જાય છે.

માનવ શરીરમાં બીમારીઓનાં જંતુઓ અને વાયરસનું દાખલ થઈ જવું એ સામાન્ય વાત છે. પરંતુ શરીરની પ્રતિકારક શક્તિ (Resistant Power)ની કુદરતી વ્યવસ્થા આ જંતુઓ તથા વાયરસને નષ્ટ કરી દે છે. જીવાણુ બેકટેરીયા તથા વાયરસ વગેરેને ઉછરવા તથા ફેલાવા માટે એક ખાસ પ્રકારનું વાતાવરણ જોઈતુ હોય છે. જો તેવો માહોલ મળે નહીં તો જીવજંતુઓ તથા વાયરસ વગેરે આપોઆપ ખત્મ થઈ જાય છે, પરંતું જો તેમને લાયક વાતાવરણ મળી જાય અને શરીરની પ્રતિકારક શક્તિ પણ કમજોર હોય તો તેમનો ઉછેર થવા માંડે છે. તેઓ ઝડપભેર ફેલાવા માંડે છે. તેમની સંખ્યા ઘણી જ વધી જાય છે, અને માનવ શરીર તેનો સામનો કરવાની શક્તિ નથી ધરાવતું અને બીમારીનો શિકાર બની જાય છે.

વૈજ્ઞાનિક દષ્ટિએ જોઈએ તો જંતુઓ ફેલાવાના સામાન્યઃ સબબો નાપાકીઓ તથા ગંદકીઓ છે. એટલા માટે ઈસ્લામે દરેક સ્થળે સફાઈ, સ્વચ્છતા

અને પાકીઝગી તથા પવિત્રતાની તાલીમ પણ આપી છે અને તેનું બંધારણ પણ રચ્યું છે. સવારે જાગૃત થવાથી રાત્રે સૂતા સુધી વારંવાર પાકી તથા સફાઈનો ખયાલ રાખવામાં આવે, એ ઈસ્લામી તાલીમાતમાંથી છે.

## જ્યારે સવારમાં જાગીએ તો પ્રથમ ત્રણવાર હાથ ધોવા

માણસ જયારે સૂતેલો હોય છે તો તેના હાથો કઈ હાલતમાં છે અને કયાં કયાં જઈ રહ્યા છે તેનો તેને કોઈ અંદાઝો નથી હોતો. એટલા માટે જાગૃત થયા બાદ સૌથી પ્રથમ જે કામ તેણે કરવાનું છે તે એ છે કે પોતાના હાથોને સારી રીતે ધોઈ લે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલે કાઈનાત صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :

اِذَا اسْتَيْقَظَ اَحَدُكُمْ مِنْ نَوْمِهٖ فَلَا يَغْمِسْ يَدَهٗ فِى الْاِنَاءِ حَتّٰى يَغْسِلَهَا ثَلَاثًا فَاِنَّهٗ لَا يَدْرِى أَيْنَ بَاتَتْ يَدُهٗ۔

''તમારામાંથી કોઈ શખ્સ જયારે પોતાની ઊંઘમાંથી જાગે તો તે પાણીના વાસણમાં પોતાનો હાથ ન નાખે જ્યાં સુધી કે તેને ત્રણ વાર ન ધોઈ લે. એટલા માટે કે તેને ખબર નથી કે તેનો હાથ રાત ભર ક્યાં હતો.'' *(સહીહ મુસ્લિમ, ૧/૨૩૩)*

આ હદીષે પાકમાં જેવી રીતે સૂઈને ઉઠયા બાદ હાથ ધોવાની તા'લીમ આપવામાં આવી છે તેવી જ રીતે તેનું કારણ પણ દર્શાવી દેવામાં આવ્યું છે. તેને ખબર નથી કે સૂતા દરમ્યાન તેનો હાથ ક્યાં ક્યાંથી પસાર થયો હશે અને કેવા કેવા પ્રકારના જંતુઓ તેના હાથ પર લાગ્યાં હશે. જયારે ત્રણવાર હાથ ધોઈ નાખશે તો જંતુઓની નુકસાનકર્તા અસરોથી તેને મુક્તિ મળી જશે.

## જાગૃત થયા બાદ મિસ્વાક (દાતણ)ની તાલીમ

જયારે આપણે સૂતેલા હોઈએ છીએ તો આપણા મોમાં બેકટેરીયા પુષ્કળ પ્રમાણમાં ભેગા થઈ જાય છે જે આપણા દાંતો તથા મસોડાંઓને તો કમજોર કરે જ છે, પણ જો તેઓ ખાવા પીવા સાથે પેટમાં જાય છે તો આપણા શરીરને પણ નુકસાન પહોંચાડે છે. સરવરે કાઈનાત صلی اللہ علیہ وسلمએ ઊંઘથી જાગ્યા બાદ તુરત જ મિસ્વાકની તાલીમ આપી છે અને એ આપની આદતે કરીમામાંથી હતું કે આપ જયારે પણ ઊંઘમાંથી જાગતા હતા તો મિસ્વાક કર્યા કરતા હતા.

હઝરત હુઝૈફા رضی اللہ عنہથી મરવી છે. કહે છે :

كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِذَا قَامَ مِنَ اللَّيْلِ يَشُوْصُ فَاهُ بِالسِّوَاكِ۔

''નબી અકરમ صلی اللہ علیہ وسلم જયારે ઊંઘમાંથી જાગી જતા તો પોતાના મુખ મુબારકને મિસ્વાક વડે સાફ કરતા.'' *(સહીહ બુખારી, ૧/૫૮)*

મિસ્વાક (દાતણ)નો ઉપયોગ સુન્નતે નબવી છે અને ઈસ્લામી સંસ્કૃતિનો હિસ્સો છે. જો કે દાંતો તથા મોંની સફાઈના માટે આજકાલ ટૂથ પેસ્ટ તથા ટૂથ બ્રશનો ઉપયોગ કરવામાં આવે છે અને મુસલમાનમાં પણ મિસ્વાકનો ઉપયોગ ખૂબ જ ઓછો થાય છે, પંરતું અર્વાચીન વૈજ્ઞાનિક સંશોધન તથા પશ્ચિમી વિજ્ઞાનીઓએ એ સાબિત કરી આપ્યું છે કે દાંતોની સફાઈના માટે મિસ્વાકથી બેહતર કોઈ ચીજ નથી.

અમેરિકાની મશહૂર રગલી કંપનીએ મિસ્વાક (દાતણ) પર સંશોધનો કર્યા અને જનરલ ઓફ એગ્રિકલ્ચર એન્ડ ફૂડ કેમેસ્ટ્રીમાં એને પ્રસિધ્ધ કર્યું. એ સંશોધનો પ્રમાણે મિસ્વાકમાં બેકટેરીયાને નષ્ટ કરવાની ક્ષમતા કોઈ પણ અન્ય તરીકા કરતાં 20% વધારે છે.

એ જ પ્રમાણે સુદાનના વૈજ્ઞાનિકોનું એક સંશોધન જનરલ પિરિડોન્ટોલોજીમાં પ્રસિધ્ધ થયું જેમાં મિસ્વાકના રેસાઓને લેબોરેટરીમાં ટેસ્ટ કરવામાં આવ્યા. વૈજ્ઞાનિકોએ માલૂમ કર્યું કે મિસ્વાકના રેસાઓ બેકટેરીયાને ડાયરેક્ટ અડયા વિના જ નષ્ટ કરી દે છે અને દાંતોને વિવિધ બીમારીઓથી બચાવે છે.

તદ્ ઉપરાંત પણ વિવિધ સંશોધનોમાં મિસ્વાક (દાતણ)ના ફાયદાઓનો સ્વીકાર કર્યો છે. આ સંશોધનોની રોશનીમાં મિસ્વાકના નીચે પ્રમાણેના ફાયદા સ્પષ્ટપણે સામે આવ્યા છે :–

- ❒ મિસ્વાક મસોડાઓની બીમારીઓ પેદા કરનાર બેકટેરીયાને નાબૂદ કરે છે.
- ❒ દાંતો પર જામેલા મેલના પડને ખત્મ કરે છે.
- ❒ દાંતોને મજબૂત બનાવે છે.
- ❒ શ્વાસને તરોતાઝા કરે છે અને મોંને સાફ રાખે છે.
- ❒ મોંની શુષ્કતાને દૂર કરે છે.
- ❒ મિસ્વાકના રેસા કેમ કે દંડીના બરાબર અંતરે રહેતા હોવાથી દાંતો દરમિયાનવાળી જગાની બેહતર સફાઈ શકય બને છે.

હદીષે પાકમાં બે શબ્દોમાં મિસ્વાકના દુનિયવી તથા દીની ફાયદાઓને પ્રદર્શિત કરવામાં આવેલા છે. સરવરે કાઈનાત صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો : اَلسِّوَاكُ مَطْهَرَةٌ لِلْفَمِ مَرْضَاةٌ لِلرَّبِّ ''મિસ્વાક મોંની સફાઈ તથા રબની ખુશ્નુદીનો ઝરીયો છે.''

*(સહીહ બુખારી, ૩/૩૧)*

## વુઝૂ તથા ગુસ્લ જીવજંતુઓથી બચવાના ઝરીયા

ઈસ્લામના આગમન પહેલાં સમાજ જેવી રીતે અગણિત સામાજિક તથા અખ્લાક઼ી બુરાઈઓમાં સપડાયેલો હતો અને માહોલની ગંદકી તથા નાપાકીઓ પણ સમાજનું એક અનિવાર્ય અંગ બની ગયું હતું, અસભ્ય કબીલાઓવાળી જિંદગીમાં સફાઈ તથા સ્વચ્છતા માટે કોઈ જગા ન હતી. લોકોની રહેણી કરણી તથા તૌર તરીક઼ાઓ કોઈ ઉસૂલના પાબંદ ન હતા. ગુસલ (સ્નાન) કરવું તેમના માટે બિન જરૂરી કાર્ય હતું.

હઝરત સઈદ બિન મુસૈયિબ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :–

اِنَّ اللهَ طَيِّبٌ يُحِبُّ الطَّيِّبَ، نَظِيفٌ يُحِبُّ النَّظَافَةَ، كَرِيمٌ يُحِبُّ الْكَرَمَ، جَوَادٌ يُحِبُّ الْجُوْدَ، فَنَظِّفُوْا اَفْنِيَتَكُمْ وَلَا تَشَبَّهُوْا بِالْيَهُوْدِ۔

''બેશક ! અલ્લાહ પાકીઝા છે, તે પાક ચીજ પસંદ કરે છે. તે પાક છે પાકી પસંદ કરે છે. તે કરીમ છે, મહેરબાની પસંદ કરે છે. તે સખી છે સખાવત પસંદ કરે છે. તો તમે તમારાં ઘરોને સાફ સુથરાં રાખ્યા કરો, અને યહૂદીઓથી મળતાપણુ (મુશાબેહત) ન અપનાવો.'' *(સુનને તિર્મિઝી, ૫/૧૧૧)*

ઈસ્લામે એક તરફ માણસને રૂહાની (આધ્યાત્મિક) પાકીઝગી અર્પણ કરી તેમના સંસ્કાર (અખ્લાક઼)ને સંવાર્યા અને સંસ્કૃતિની ઓળખ આપી, તેવી જ રીતે તેણે સમાજને તંદુરસ્તીની રક્ષાના નિયમો શીખવાડયા અને માણસોને રહેણી કરણી, ઉઠવા, બેસવા અને લિબાસ પહેરવાનો સલીક઼ો (સમજ, તમીઝ) પણ શીખવાડયો, જેમ કે કુર્આનમાં વિવિધ આયતો સફાઈ તથા પાકીઝગીના વિશે આવેલી છે. અમુક આયતો જોઈ લો :

يَآاَيُّهَا الْمُدَّثِّرُ ○ قُمْ فَاَنْذِرْ ○ وَرَبَّكَ فَكَبِّرْ ○ وَثِيَابَكَ فَطَهِّرْ ○

''હે ચાદર ઓઢવાવાળા ! ઉભા થઈ જાવ ! પછી

ડર સંભળાવો અને તમારા રબની જ બડાઈ બોલો અને તમારાં કપડાં પાક રાખો." *(સૂ. મુદ્દષ્ષિર, આ. ૧ થી ૪)*

આ આયતે કરીમા નુબવ્વતની જાહેરાતના પ્રારંભિક સમયમાં નાઝિલ થઈ. એનાથી અંદાઝો કરી શકાય છે કે દુનિયાને આંત્રિક નાપાકીઓથી પાકી હાંસલ કરવાની દાવત આપે છે, તે જાહેરી પાકી અને સ્વચ્છતા તથા સફાઈની પણ તાલીમ આપે છે.

જ્યારે કોઈ વ્યક્તિ નમાઝ પઢવા ચાહે તો તેણે પાકી હાંસલ કરવી જરૂરી છે. પાંચ સમયની નમાઝોના માટે દિવસમાં પાંચ વાર વુઝૂ કરનાર શરીરના ખાસ ભાગો પર લાગનારી ગંદકી તથા જીવજંતુઓથી નજાત પામશે. વુઝૂમાં જે અંગોને ધોવાનો હુકમ થયો છે તેના પર વિચાર કરો તો એ વાતનો સારી રીતે અંદાઝો થઈ જશે.

ખુદા તઆલાનું ફર્માન છે :

يَآاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِذَا قُمْتُمْ اِلَى الصَّلٰوةِ فَاغْسِلُوْا وُجُوْهَكُمْ وَاَيْدِيَكُمْ اِلَى الْمَرَافِقِ وَامْسَحُوْا بِرُءُوْسِكُمْ وَاَرْجُلَكُمْ اِلَى الْكَعْبَيْنِ۔

"હે ઈમાનવાળાઓ ! જ્યારે નમાઝ માટે ઉભા થવા ચાહો તો તમારાં મોં ધૂઓ અને કોણીઓ સુધી હાથ, અને માથાંનો મસહ કરો અને કાંડાંઓ સુધી પગો ધૂઓ." *(સૂ. માઈદા, આ.૬)*

વુઝૂમાં જે ક્રમસર અંગો ધોવામાં આવે છે અને જે અંગોને ધોવા માટે ખાસ કરવામાં આવ્યાં છે તેના ફાયદા તથા હિકમતો પર રોશની નાખવામાં આવે તો ચર્ચા ઘણી જ લાંબી થઈ જશે. **વિજ્ઞાનનું પ્રાથમિક જ્ઞાન ધરાવનાર પણ આસાનીની સાથે સમજી શકે છે કે દિવસમાં પાંચ વાર એ ખાસ અંગોને ધોનાર વ્યક્તિ જીવજંતુ તથા બેકટેરીયાથી કેટલા અંશે સુરક્ષિત રહી શકે છે.**

અરબસ્તાનની ભૌગોલિક સ્થિતિ અને તેના શુષ્ક વાતાવરણે પણ અરબવાસીઓમાં ગંદકીમાં વધારો કર્યો હતો. પાણી મળવુ ત્યાં એક સામાન્ય પ્રશ્ન હતો. કોઈ મોટી નદી ફુરાત કે નીલની જેમ ન હતી. કેવળ કૂવા હતા જે ગરમીઓમાં સૂકાય જતા હતા. પરંતું પાણીના અભાવ અથવા કમી કોઈ વર્ગમાં સફાઈથી બેઝારી (બેપરવાઈ)નું કારણ બની શકતી ન હતી, કેમ કે એ સમાજોમાં પણ ગંદકી જોવામાં આવી છે જ્યાં પાણીની અધિકતા છે.

અસલમાં ઈસ્લામથી અગાઉ સમાજમાં સંસ્કૃતિ તથા સભ્યતાની ઉણપે બેઉસૂલી, જિંદગીમાં અસ્ત વ્યસ્તતા, બે રાહરવી તથા તૌર તરીકાઓમાં નીતિ નિયમ વિરૂધ્ધતાને ઉત્તેજન આપ્યું હતું. આમ ગંદકી, હાજત પૂર્ણ કરવા અથવા જનાબતથી પાકી તથા પવિત્રતા હાંસલ કરવાના બારામાં તેમની પાસે માર્ગદર્શક નીતિ નિયમો ન હતા. તેઓ જ્યાં ઈચ્છતા જાજરૂ પેશાબ તથા ઈસ્તિન્જો કરતા, હૈઝ તથા નિફાસ (માસિક સ્ત્રાવ તથા સુવાવડ પછીના લોહી આવવા)ની હાલતો તેમના માટે કોઈ ધૃણા ધરાવતી ન હતી.

ઈસ્લામે શરૂથી ગુસ્લને શારીરિક પાકીનો અસલ ઝરીયો ઠરાવ્યો અને અમુક ખાસ હાલતોમાં ગુસ્લ ફર્ઝ ઠરાવ્યું. હુઝૂર સૈયદે આલમ ﷺએ કમસે કમ જુમ્આના રોજ ગુસલ કરવાની સૂચના કરી. માણસની ફિતરી જરૂરત એટલે સ્ત્રીઓ સાથે સોહબત બાદ પણ ગુસલને ફર્ઝ ઠરાવ્યું. સફાઈ તથા સ્વચ્છતા મુસલમાનની નિશાની છે. એના અનુસંધાનમાં એ વાત પણ વર્ણવવા લાયક છે કે સાબુ પણ મુસલમાનોની શોધ છે.

જેથી ઈસ્લામના આગમનની સાથે મુસલમાનોના જીવનમાં ડિસિપ્લિન (Dicipline) આવ્યું. ઈસ્લામે તેમને શરીરને પાક તથા સાફ રાખવાના ઉસૂલો શિખવ્યા. હુઝૂર સરવરે કાઈનાત

ﷺએ મુસલમાનોની ન કેવળ ધાર્મિક તથા સાંસ્કૃતિક (અખ્લાકી) રહનુમાઈ કરી બલ્કે તેમને સાફ સ્વચ્છ રહેવા, કપડાંને સાફ રાખવા, અને પોતાનાં ઘરો, રસ્તાઓ અને પોતાના માહોલને સાફ સ્વચ્છ રાખવાની પણ હિદાયત કરી. આપે સફાઈ સ્વચ્છતાને એટલા પ્રમાણમાં મહત્વ આપ્યું કે તેને અડધુ ઈમાન ઠરાવ્યું.

હઝરત અબૂ માલિક અશ્અરી رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : اَلطَّهُوْرُ نِصْفُ الْاِيْمَانِ "સફાઈ સુથરાપણુ એ અડધુ ઈમાન છે." *(મઅજમે કબીર, ૩/૨૮૪)*

જીવજંતુઓના કારણે ઘણી બધી બીમારીઓ પેદા થાય છે, અને જંતુઓ છીદ્રો તથા ઝખ્મોના થકી જ માનવ શરીરમાં પ્રવેશી શકે છે. મોં તથા નાકનાં છીદ્રો દરેક વખતે જંતુઓના નિશાના પર હોય છે અને આપણા હાથ તેમને શરીરમાં દાખલ કરવામાં મદદ કરે છે. વુઝૂ તથા ગુસ્લ થકી આપણે ન કેવળ જીવજંતુઓથી બચી શકીએ છીએ બલ્કે એના વડે ફેલાનારી ઘણી બધી બીમારીઓથી પણ પોતાની રક્ષા શકીએ છીએ.

## ઈસ્તિન્જાના થકી જીવજંતુઓથી રક્ષા

"ઈસ્તિન્જા" એટલે પેશાબ તથા જાજરૂ બાદ નાપાકીની જગાઓને સાફ કરવી, એ ઈસ્લામી તાલીમાતમાંથી છે. પેશાબ તથા જાજરૂ સાથે મોટી સંખ્યામાં જંતુઓ બહાર પડે છે. જો સહીહ રીતે પાકીઝગી હાંસલ ન કરવામાં આવે તો તે ઈન્ફેકશન (Infection) પેદા કરે છે. આમ તો મુબારક હદીષોમાં પેશાબ તથા જાજરૂથી પાકી હાંસલ કરવાના વિવિધ તરીકાઓ રિવાયત થયેલા છે, પરંતું પાણી વડે ઈસ્તિન્જા કરવો સૌથી પસંદીદા કાર્ય છે. કુબાવાળાઓની પ્રશંસામાં આ આયતે કરીમા નાઝિલ થઈ :

لَمَسْجِدٌ اُسِّسَ عَلَى التَّقْوٰى مِنْ اَوَّلِ يَوْمٍ اَحَقُّ اَنْ تَقُوْمَ فِيْهِ ؕ فِيْهِ رِجَالٌ يُّحِبُّوْنَ اَنْ يَّتَطَهَّرُوْا ؕ وَاللّٰهُ يُحِبُّ الْمُطَّهِّرِيْنَ ۝

"બેશક ! તે મસ્જિદ કે પ્રથમ દિવસથી જ જેનો પાયો પરહેઝગારી પર રાખવામાં આવ્યો છે, તે એને લાયક છે કે તમો એમાં ઉભા રહો. એમાં તે લોકો છે કે જેઓ ખૂબ જ સાફ (સ્વચ્છ) રહેવા ચાહે છે, અને સુથરા અલ્લાહને પ્યારા છે." *(સૂ. તૌબા, આ. ૧૦૮)*

આ આયતે મુકદ્દસામાં કુબાવાળાઓની એ વાત પર પ્રશંસા કરવામાં આવી છે કે તેઓ પાકીઝગી હાંસલ કરવાનું પસંદ કરે છે એના સંબંધે રિવાયત થયેલ છે કે તે હઝરાત પાણી વડે ઈસ્તિન્જો કરતા હતા.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામ رضی اللہ عنہ વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺ અમારી પાસે તશરીફ લાવ્યા અને ફર્માવ્યું, હે કુબાવાળાઓ ! અલ્લાહ તઆલાએ પાકીના બારામાં તમારી પ્રશંસા કરી છે, તો મને બતાવો કે તમો એવું કરો છો ? અમે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તૌરાતમાં અમને પાણી વડે ઈસ્તિન્જાનો હુકમ આવવામાં આવ્યો હતો.

આ રિવાયતથી જાણવા મળ્યું કે એ લોકો પાણી વડે ઈસ્તિન્જો કરતા હતા, અને પાણી વડે ઈસ્તિન્જા કરવાથી અધિક પાકી હાંસલ થાય છે. એટલા માટે અલ્લાહ તબારક વ તઆલાએ તેમના આ અમલ પર તેમની પ્રશંસા કરી.

એની સાથોસાથ એ પણ રિવાયત થયેલ છે કે નબીયે કૌનેન ﷺ ઈસ્તિન્જો કર્યા બાદ પોતાના હાથોને માટી વડે ઘસી લીધા કરતા હતા. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ વર્ણવે છે કે :

اِنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ تَوَضَّأَ فَلَمَّا اسْتَنْجٰى دَلَكَ يَدَهٗ بِالْاَرْضِ

વધુ પેજ 38 પર..

તશરીફ જહાં

**કાવી** : થી **માસ્તર સુલેમાન દોલા (બરેલ્વી)**ના પુત્ર મુહમ્મદજુનેદને ત્યાં પૌત્રીનો જન્મ થયો છે. નામ 'હાજરા' રાખેલ છે. તેની ખુશીમાં રૂા. ૨૧૨/– 'બરકાતે ખ્વાજા' (માસિક)ને આપ્યા છે. જઝાકલ્લાહ ! મુબારકબાદ ! અલ્લાહ પાક તેના હબીબે પાક ﷺના સદકામાં નવાંગતુકને બંને જહાનની નેઅમતોથી નવાઝે. દાદા, માબાપની આંખોની ઠંડક બનાવે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

- **અંકલેશ્વર** : ખાતેથી અમારા મુહિબ્બે ગિરામી જનાબ અ.અઝીઝભાઈ કાગઝી જણાવે છે કે તા. ૨૩–૯–૨૦૨૦, ૫–સફરુલ મુઝફ્ફર, હિ.સ. ૧૪૪૨ બુધવારના રોજ તેમનાં વાલિદા મોહતરમા હજીયાણી સુગરાબીબી હાજી અ. મજીદ કાગઝીનો ૯૪ વરસની વયે તેમજ તા. ૭–૧૦–૨૦૨૦, ૧૯–સફરુલ મુઝફ્ફર, હિ.સ. ૧૪૪૨ બુધવારે તેમના ભાઈ જનાબ હાજી અ. ગફ્ફાર અ. મજીદ કાગઝી (મુતવલ્લી : કાગઝીવાડ મસ્જિદ)નો ૬૭ વરસની વયે ઈન્તેકાલ થયો છે. બંનેવ મર્હૂમોના સવાબ અર્થે **''ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા''**ને રૂા. ૧૧૧૧/– + રૂા. ૧૧૧૧ (કુલ : રૂા. ૨,૨૨૨/–) લિલ્લાહ મોકલ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફિરત ફર્માવે, જન્નતુલ ફિરદોસમાં જગા નસીબ કરે. કુટુંબીજનોને સબ્રે જમીલ તથા અજરે જઝીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*
- **દયાદરા** : (તા. જિ. ભરૂચ) ખાતે જનાબ મોહસિનભાઈ વલી ગની તા. ૫–૧૦–૨૦૨૦, ૧૭ સફરુલ મુઝફ્ફર, હિ.સ. ૧૪૪૨, સોમવારના રોજ ઈન્તેકાલ થયો છે. તથા હજીયાણી અમીના ઈબ્રાહીમ મુન્શી (હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહીના નાનીમાં) તા. ૧૦–૧૦–૨૦૨૦, ૨૨ સફરુલ મુઝફ્ફર, હિ.સ. ૧૪૪૨ શનિવારના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. તથા જનાબ બશીર અબ્દુલ્લાહ લાંગ્યાના વાલિદા હજીયાણી એમણબહેન અબ્દુલ્લાહ લાંગ્યા તા. ૧૧–૧૦–૨૦૨૦, ૨૩ સફરુલ મુઝફ્ફર, હિ.સ. ૧૪૪૨, રવિવારના રોજ અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયા છે. તથા હજીયાણી રૂકૈયાબેન ગુલામ મોરીસ તા. ૧૮–૧૦–૨૦૨૦, ૩૦ સફરુલ મુઝફ્ફર, હિ.સ. ૧૪૪૨, રવિવાર અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયા છે.
- **પોરબંદર** : થી ગુલામ અહમદ રઝવી સાહબ જણાવે છે કે, જનાબ મૌલાના અ.કાદરમિયાં મુહમ્મદમિયાં રઝવી પોરબંદર મુકામે તા. ૧૩–૯–૨૦૨૦, રવિવારના રોજ ખુદાની રહ્મતમાં પહોંચી ગયા છે. તેમના હક્કમાં દુઆએ ખૈર કરવા વિનંતિ. તેઓ ''બરકાતે ખ્વાજા'' (માસિક)ના ગ્રાહક અને ચાહક હતા. સૌરાષ્ટ્રના ૨૫ થી ૩૦ ગામોમાં ઈમામત અને મદ્રસામાં મુદર્રિસ તરીકે સેવા અને ''મસ્લકે આ'લા હઝરત''નો પ્રચાર કરેલ હતો અને **હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ** رحمۃ اللہ علیہના મુરીદ હતા. તેઓના પીરના તાવીઝ લખવાની સુન્નતનો ખૂબ જ બહોળો ઉપયોગ વિના મૂલ્યે કર્યો હતો. અને તેઓના તાવીઝો ગુજરાતના અનેક શહેરોમાં અને ઠેઠ મુંબઈ સુધી કુરીયર દ્વારા પહોંચાડેલ હતા. તેઓ ખૂબ જ સાદગીભર્યા સૂફી અને આલિમે બાઅમલ હતા. રબ્બે કરીમ તેમની મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*
- **ભરૂચ** : (વસીલા પાર્ક) ખાતે મર્હૂમ શૌકત અલી જંત્રાણવાળા (પોલીસવાળા, મુતવલ્લી : વસીલા સુન્ની મસ્જિદ)નો તા. ૨૩–૯–૨૦૨૦ એટલે ૫–સફર હિ.સ. ૧૪૪૨ બુધવારના રોજ દુ:ખદ ઈન્તેકાલ થયો છે. મર્હૂમનો સુન્ની મસ્જિદની સ્થાપ્ના તથા સંચાલનમાં મહત્વનો રોલ હતો. કોરોનાની બીમારીમાં ટૂંક જ સમયમાં અલ્લાહને પ્યારા થઈ ગયા. રબ્બે કરીમ તેમની મગફિરત ફર્માવે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*